Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

66 ग
20

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Foundation

urukul Ka

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀ 66 II

पुस्तक-संख्या 20

पंजिका-संख्या 22220

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल ग्रन्थालय कांगड़ी
66 ग/2
आगत सं० 22227
तिथि० 1-1-2-20-8
CHECKED 1973
Initial

स्टाक प्रमाणीकरण ११८४-११८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Shantipriya

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ. સ. ૧૯૪૫-૪૬-૪૭ ની

મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિક્યુલેશન

પરીક્ષા માટે નક્કી કરેલા ગુજરાતી

ગદ્ય-પદ્ય-સંગ્રહ

आगत सं. 22320
तिथि 11.2.77
गुरुकुल पुस्तकालय कांगड़ी

મુંબઈ યુનિવર્સિટી તરફથી

: : પ્રકાશક : :

એન. એમ. ત્રિપાઠી, લિમિટેડ

બુકસેલર્સ

પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ

૧૯૪૫

રૂ. ૦-૧૦-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

S. J. Sampat.
Shanti priya.
Third Year
G.K. Kangri
Dist. Saharanpur

ઈ. સ. ૧૯૪૫–૪૬–૪૭ ની

મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિક્યુલેશન

પરીક્ષા માટે નક્કી કરેલો ગુજરાતી

ગદ્ય-પદ્ય-સંગ્રહ

Someshwar Sampat

મુંબઈ યુનિવર્સિટી તરફથી

: : પ્રકાશક : :

એન. એમ. ત્રિપાઠી, લિમિટેડ

બુકસેલર્સ

પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ

૧૯૪૫

રૂ. ૦–૧૦–૦

पुस्तकालय ... कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Note

Exclusive permission for the reproduction of the pieces selected for this Collection has been secured and reserved by the **University of Bombay.**

પ્રથમ આવૃત્તિ	જુન	૧૯૪૪
પુનર્મુદ્રણ	નવેંબર	૧૯૪૪
પુનર્મુદ્રણ	ઑગસ્ટ	૧૯૪૫

આ સંગ્રહ માટે પસંદ કરેલા બધા લેખોને છપાવવાનો સંપૂર્ણ હક મુંબઈ યુનિવર્સિટીએ મેળવીને પોતાને સ્વાધીન રાખ્યો છે.

Printed by M. N. Kulkarni, at the Karnatak Printing Press, Karnatak House, Chira Bazar, Bombay 2, and published by P. J. Pandya for N. M. Tripathi, Ltd., Booksellers & Publishers, Princess Street, Bombay.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Second Year
Gurukul Kangri Haridwar Saharanpur

Shantipriya

અનુક્રમ

ગદ્યવિભાગ

ક્રમાંક	કર્તા	કૃતિ	પાનું
૧	નવલરામ લક્ષ્મીરામ પંડ્યા	નર્મદનાં ગ્રંથાર્પણ	૧
૨	ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી	પવિત્ર અંતઃકરણો	૫
૩	સર રમણભાઈ નીલકંઠ	સ્વહૃદયપરીક્ષા	૧૧
૪	વિનાયક નંદશંકર મહેતા	સુરતની આગ	૧૭
૫	આનંદશંકર બાપુભાઈ ધ્રુવ	શું વાંચવું ?	૨૨
૬	મહાત્મા ગાંધી	બાલાસુંદરમ્	૨૪
૭	દત્તાત્રય બા. કાલેલકર	ભવિષ્યની દૃષ્ટિએ	૨૭
૮	કનૈયાલાલ માણેકલાલ મુનશી	પુત્રસમોવડી	૩૦
૯	ધૂમકેતુ	ભૈયાદાદા	૩૩
૧૦	ધનસુખલાલ કૃ. મહેતા	સ્વ. સર રમણભાઈ	૪૧
૧૧	મહાદેવભાઈ દેસાઈ	મારા પિતા અને ગાંધીજી	૪૮
૧૨	રમણલાલ વ. દેસાઈ	ચાંદલો	૫૨
૧૩	ઝવેરચંદ મેઘાણી	દીકરો	૬૩
૧૪	શારદાબહેન મહેતા	લગ્ન	૬૯
૧૫	સુંદરમ્	કુર્તાલિમ્	૭૩
૧૬	કિશનસિંહ ચાવડા	એક કોયડો	૭૮

પદ્યવિભાગ

ક્રમાંક	કર્તા	કૃતિ	પાનું
૧	નરસિંહ મહેતા	પદ	૮૧
૨	મીરાંબાઈ	પદ	૮૧
૩	અખો	અહંભાવ	૮૨
૪	પ્રેમાનંદ	નળના રૂપનું પરિવર્તન	૮૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રમાંક	કર્તા	કૃતિ	પાનું
૫	શામળ ભટ્ટ	વિદ્યા	૮૬
૬	ધીરો	પદ	૮૭
૭	દયારામ	પદ	૮૮
૮	નર્મદાશંકર	ચોમાસામાં	૮૮
૯	નરસિંહરાવ દીવેટિયા	કિસા ગોતમી	૯૧
૧૦	બાલાશંકર કંથારિયા	દેજો દોષ ન કવિવરને	૯૫
૧૧	કલાપી	એક વેલીને	૯૬
૧૨	મણિશંકર રત્નજી ભટ્ટ	મહેમાનોને સંબોધન	૯૭
૧૩	બેહેરામજી મેહેરવાનજી મલબારી	ઇતિહાસની આરસી	૯૮
૧૪	દામોદરદાસ ખુ. બોટાદકર	વત્સલતા	૧૦૦
૧૫	ઝવેરચંદ મેઘાણી	છેલ્લી સલામ	૧૦૨
૧૬	ચંદ્રવદન મહેતા	ચોતરે ભજનધૂન	૧૦૩
૧૭	સુંદરમ્	અભયદાને	૧૦૪
૧૮	ઉમાશંકર જોષી	મોરી ગૂજરાત	૧૦૬
૧૯	સુંદરજી ગો. બેટાઈ	સતિયો જાગે !	૧૦૭
૨૦	બાદરાયણ	પૃથ્વીનો માલિક	૧૦૮
૨૧	સ્નેહરશ્મિ	નીરવ	૧૦૯
૨૨	મનસુખલાલ ઝવેરી	ભૂકંપ	૧૧૦
૨૩	કરસનદાસ માણેક	હરિનાં લોચનિયાં	૧૧૦
૨૪	પૂજાલાલ	મરજીવિયા	૧૧૨
૨૫	જ્યોત્સ્ના શુકલ	રસઐક્ય વિના	૧૧૩
૨૬	જયમનગૌરી પાઠકજી	વાદળી	૧૧૩
૨૭	શયદા	ભારતની સમૃદ્ધિ	૧૧૪
૨૮	રમણલાલ સોની	જીવનની ગતિ સાન્તના	૧૧૫
૨૯	રમણિક અરાલવાળા	પ્રતીક્ષા	૧૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગદ્ય-પદ્ય-સંગ્રહ

ગદ્યવિભાગ

૧

નર્મદનાં ગ્રન્થાર્પણ

નર્મકોશ એ નર્મદાશંકરનાં લાંબા ધીર ઉદ્યોગ, ભાષાજ્ઞાન, અને શાંત સૂક્ષ્મબુદ્ધિનો મોટો કીર્તિસ્તંભ છે. ગુજરાતી ભાષામાં મૂળે કોશ નહિ, ત્યાં આવડો મોટો અને આવો સારો, એક જ માણસના ઉદ્યોગથી, અને તે પણ બીજાં સાક્ષર અને સંસારી કામો અને ઉપાધિના વચમાં બનવો એ ગુર્જર ભાષાને ખરેખરી અભિવંદના આપવા યોગ્ય વાર્તા છે. હિંદુસ્થાનીમાં અને મરાઠીમાં અંગ્રેજી સમજૂતીવાળા કોશ આથી પણ સારા છે ખરા, પણ સ્વભાષા જાણનારને ઉપયોગી થઈ પડે એવો મોટો એકે નથી. આ મહાકોશનો પ્રથમ મનસૂબો નર્મકવિતામાં આવેલા તમામ કઠણ શબ્દોની ટીપ તૈયાર કરતાં ઊઠ્યો, અને તે આગળથી ઘરાકો મેળવી ભાગોમાં કાઢવાનું ઠર્યું. એનો પહેલો ભાગ ૧૮૬૧ માં, બીજો ૬૨ માં, અને ત્રીજો ૬૪ માં બહાર પડ્યો. ચોથો ૬૬ માં છપાઈને તૈયાર થયો તે બહાર ન કાઢ્યો, કેમકે મૂળ ઘરાકોમાંનાં ઘણાંખરાં તે વેળા તૂટી ગયાં હતાં. આ વખતે 'તગારું' શબ્દ સુધી કોશ આવી પહોંચ્યો હતો અને કામ હજી અર્ધોઅર્ધ બાકી હતું. આ જોઈ, કાંઈ પણ આશ્રય નહિ, અને આ વેળા સંસારની પણ ચિંતાઓ ઘણી, તેથી નર્મદાશંકરનું મન ભાંગી ગયું; અને એએક વર્ષ કોશને પડતો મૂકયો. પણ ધીરવીર નર્મદ આરંભેલું કામ અધૂરું મૂકે એવો નહોતો. જાણે એકદમ ચમકી ઊઠ્યો હોય તેમ તેણે ૧૮૬૭ માં કોશનું કામ પાછું હાથમાં લીધું અને રાત ને દહાડો તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ પછાડી મંડી એ વર્ષ પૂરું થતાં પહેલાં ગ્રંથની સમાપ્તિ કરી નાખી. હવે એમ વિચાર થયો કે આટલો ભાગ છૂટો છપાવવા કરતાં પાછલા ભાગો પણ સુધારાવધારા સાથે ફરી છપાવી એકસામટો મોટો ગ્રંથ જ બહાર પાડવો. ગ્રંથ મોટો લખવા કરતાં પણ તે છપાવવો એ ગરીબ ગ્રંથકારને મહા મુશ્કેલી અને દુઃખનું મૂળ છે, એ બિચારા નર્મદાશંકરે પૂરેપૂરું આ વેળા અનુભવ્યું. આશ્રય સારુ એણે આ પ્રસંગે જે તરફડિયાં માર્યાં, અને ચોતરફથી એને જે અન્યાય કે બેકદરપણું મળ્યું તે ત્રાસ ઉપજાવે એવું છે, પણ તે વર્ણવવાનો અત્રે અવકાશ નથી. ધન્ય છે નર્મદાશંકરની સબૂરીને કે આવા મોટા ગ્રંથની પ્રસ્તાવનામાં આ કે પોતાના બીજા પરિશ્રમ વિષે કાંઈ પણ ન બોલતાં આટલું જ લખ્યું છે: “પ્રવૃત્તિવાળી સ્થિતિમાં તથા આશ્રય વિનાની સ્થિતિમાં પણ ઉત્સાહવાળા ઉદ્યુક્તપણાવડે આ કોશ રચાયો છે ને છપાયો છે.” આ કેવા મોટા મનનો સ્વાભિમાની આત્મસંતોષ! મહારાજોની ધૂળ ઝાટકી નાખનાર અને ડાંડિયામાં ભલભલાને ધ્રુજાવનારી કલમમાં તે આ શી પ્રૌઢ શાંતિ! પણ ખરી વાત એ હતી કે કવિએ નાના પ્રકારના કોડમાં રમી દુનિયાને દોરંગી દેખી, ઉચ્છેદક સુધારાવાળાનું મિથ્યાત્વ સમજી, તેમનાથી વિરક્તતા પામી પોતાના આત્માને નિવૃત્તિમાર્ગ તરફ વાળવા માંડ્યો હતો. અને આ વેળા તે નિવૃત્તિ તો હજી સાધ્ય થઈ નહોતી, પણ અણસમજુને ઠોક મારવા પણ વૃથા છે એમ જાણી નર્મદાશંકરે તે સમયની લાગણી અને પોતાની ઉચ્ચવૃત્તિ એ મહાગ્રંથ ગુજરાત દેશને જ અર્પણ કરી વ્યંગમાં દર્શાવી કે હાલના બેકદર બડેખાંઓમાંથી કોઈ પણ આ ગ્રંથાર્પણને પાત્ર નથી. સમસ્ત દેશને આ ગ્રંથ અર્પણ થયો એ જ સારું થયું છે. આવી મહેનતે અને આવા જોખમે આવો મોટો ગ્રંથ પ્રગટ કરવાની હિંમત જે દેશના સુપુત્રે કરી તે દેશને તો અભિનંદન જ ઘટે છે કે:

“જય જય ગરવી ગુજરાત!
જય જય ગરવી ગુજરાત,
દીપે અરુણું પરભાત.

ધ્વજ પ્રકાશશે ઝળળળ કુસુમ્બી પ્રેમશૌર્ય અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સઉને, પ્રેમ ભક્તિની રીત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત."

આથી પણ વધારે ઉચ્ચવૃત્તિ નર્મકવિતાના મોટા પુસ્તકના ગ્રંથાર્પણ પ્રસંગે અમારા ખુદ જોવામાં આવી હતી. બધો ચોપડો છપાઈ રહી છેલ્લાં પ્રુફ આવ્યાં હતાં તે દિવસે રવિવાર કે શનિવાર હોવાથી હું મારા હમેશના રિવાજ પ્રમાણે સાંજના ચાર વાગે કવિને મળવા જાઉં છું તો તેમને બારીએ મારી રાહ જોઈને ઊભેલા દીઠા. ઉપર જઈને જોતાં કોઈ દિવસ પણ નહિ દીઠેલા એવી ઉદાસીમાં તેમને દીઠા. જાણવું જોઈએ કે મારી સાથે સાત આઠ વર્ષનો ગાઢો પરિચય હતો, તોપણ પોતાની ખાનગી મૂંઝવણો (દ્રવ્ય સંબંધી કે બીજી) કદી પણ ઉચ્ચારતા નહિ, અને કોઈની આગળ પણ તે પ્રદર્શિત કરવાનો સ્વભાવ જ નહોતો. આવું એનું ધૈર્ય જોઈ બધાને આશ્ચર્ય થતું. આજે તો મને જતાં વાર જ બહુ ખિન્ન અવાજથી કહ્યું કે "તમે કાંઈ જાણો છો? કરસનદાસ ભાંગ્યા!" શેઠ કરસનદાસ માધવદાસ કવિના મોટા મિત્ર અને ગુણગ્રાહક હતા. નર્મદા કવિનો ભોજ તે એ જ. નર્મદાશંકરને કોઈની તરફથી પણ સારો આશ્રય મળ્યો એમ કહેવાય તો એની આખી જિંદગીમાં આ કરસનદાસ તરફથી જ. અત્યાર સુધીમાં એની તરફથી નર્મદાશંકરને ૧૦–૧૨ હજાર રૂપિયા મળ્યા હશે—બીજાઓ તરફથી કવચિત્ મળેલા તે સો બસો જ, અને તે બધાનો કુલે સરવાળો ભાગ્યે એક હજાર થાય. આ ઉપકાર બદલ નર્મદાશંકરનો વિચાર આ મોટો ચોપડો કરસનદાસને જ અર્પણ કરવાનો હતો. અને છપાઈખર્ચ જેટલું તો મળશે જ એમ ખાતરી હતી. પણ નર્મદની સઘળી આશાનો આ સ્તંભ તો શેરસટ્ટાના ઝપાટામાં એકાએક આ રીતે ભાંગી પડ્યો. તેની ખબર એ જ દહાડે સુરતમાં આવી હતી. કવિએ મને શોકનિમગ્ન હૃદયના ફીકા હાસ્યથી કહ્યું કે "જોયું યોગનું મહાત્મ્ય? પુરુષપ્રયત્ન શું ચાલે!!" પછીથી કરવું શું તેની મસલત ચાલી. કોઈ વ્યવહારબુદ્ધિના મિત્રે સલાહ આપી હતી કે કરસનદાસને મૂકી હવે ગ્રંથાર્પણ કોઈ બીજાને કરવું, અને તેની પાસે છપાઈખર્ચ મેળવવો. એ વાત કવિને ગળે ઊતરી નહોતી, અને એનો ટેકી આત્મા બહુ ગભરાતો હતો. એના મનમાં મૈત્રીધર્મમાં ચૂકવું નહિ એવો દૃઢનિશ્ચય—અને તેની સાથે વ્યવહારનીતિમાં ભૂલ્યો એમ પણ કહેવાય નહિ તેની મોટી લોલુપતા—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં એ બેનો વિરોધ જ આવી પડેલો ત્યાં તે બંનેનું સમાધાન શી રીતે થઈ શકે? મેં કવિને પૂછ્યું કે "તમે કરસનદાસ સાથે અર્પણ કરવાને બંધાઈ ચૂકયા છો?" એણે કહ્યું કે "બંધાઈ ચૂકયા જેટલે દરજ્જે તો વાત થઈ નથી; અને તેમ તેણે પણ હું છપાઈખરચ આપીશ એમ કાંઈ સ્પષ્ટ કહ્યું નથી; પણ હું ગ્રંથ અર્પણ કરીશ અને એ ખરચ કરતાં પણ વધારે આપશે એમ અમારા એકએકના મનમાં તે સમયની વાતચીત ઉપરથી લાગેલું ખરું જ." હું જાણતો હતો કે કવિને માથે આ સમયે ભારે કરજ હતું (કવિએ તો હજી સ્પષ્ટ ન કહેલું તો પણ); અને હાલ આ મોટા ગ્રંથની છપાઇનો ખરચ કદી પણ આપી શકાવાનો નથી. તેથી મેં કહ્યું કે 'કરસનદાસ સમજુ માણસ છે, અને તેથી તમે જો વખતને માન આપશો તો હું નથી ધારતો કે તેને ખોટું લાગે. સાચો સ્નેહી હોય તો તે જ આ વખતે તમને એમ કરવાની સલાહ આપે.' કવિએ કહ્યું કે 'એ તો ખરું, પણ સવાલ એ છે કે એ બિચારો હાલ પૈસો આપવાની સ્થિતિમાં ન રહ્યો, માટે મારે શું જે પ્રેમવૃત્તિ દેખાડેલી તેમાંથી પાછા હઠવું જોઈએ?' આનો જવાબ શું દેવાય? ચર્ચા તો ગંભીર રસ સાથે કલાકેક ચાલી, પણ એનું પરિણામ એ જ થયું કે એ પુસ્તકની સાથે અર્પણપત્રિકા કરસનદાસના નામની જ કવિએ બીજે દહાડે લખી મોકલી. 'ધીર ધર ધીર ધર' નું પદ છે તે કવિએ આ પ્રસંગ ઉપર જ બનાવીને મોકલ્યું હતું. તે લખવાનો ઉદ્દેશ કરસનદાસ કરતાં પણ પોતાના જીવને ધીરજ આપવાનો વધારે હતો. આ સમેનો કવિના મનનો દ્રવ્ય સંબંધી ગભરાટ "દુઃખ છે દુઃખ સંસારમાં" તેમાંથી કાંઈક માલૂમ પડી આવશે.

આ રીતે કવિનાં બધાં જ ગ્રંથાર્પણ જોશો તો તે અર્થબુદ્ધિથી નહિ, પણ રસવૃત્તિએ જ થયેલાં માલૂમ પડશે. પિંગળપ્રવેશ પોતાના પિતાને, અલંકારપ્રવેશ ને નર્મગદ્ય દાક્તર ભાઉ દાજીને, ઋતુવર્ણન તો 'સકળ રસિક નરનારીઓ'ને જ, રસપ્રવેશ નભુલાલ કવિને, નાયિકાવિષયપ્રવેશ કાંઈક શ્લેષભાવે પોતાની સ્ત્રી ડાહીગૌરીને, અને નર્મકોશ સમગ્ર ગુર્જરજનનીને જ અર્પણ કર્યો છે.

આ જોતાં ગ્રંથાર્પણથી તો દ્રવ્યપ્રાપ્તિ કવિએ ઇચ્છેલી જ નહિ. કોઈ પોશિંદો ખુશીથી આપે તો તે અને પુસ્તકોના વેચાણ ઉપર જ આધાર રાખેલો. કરસનદાસ સિવાય બીજા તો કેટલા પોશિંદા નીકળ્યા તે આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચવી ગયા છીએ. પુસ્તકોના વેચાણથી શરૂઆતમાં તો કંઈક ઠીક કમાણી થયેલી ખરી, તોપણ પૂરું થાય એટલી નહિ. બહાલી નોકરી છોડી દીધા પછી અંગ્રેજોને ગુજરાતી ભણાવી તથા કન્યાશાળામાં કે ખાનગી ગૃહસ્થોને ઘેર કવિતા શીખવી નર્મદાશંકર મુંબઈમાં હતા ત્યાં સુધી પોતાનું પૂરું કરતા. એની 'હકીકત'માં નાણાંની તાણનો પોકાર અને કરજના ભણકારા તો મૂળથી જ છે, પણ સને ૧૮૬૪ થી તે બહુ જ વધવા માંડે છે. આ વખતે ચોપડીઓનું વેચાણ તો લગભગ બંધ જ થઈ ગયું હતું, અને એનું કારણ એમ લાગે છે કે અત્યાર સુધી એમનાં પુસ્તકો પારસીઓમાં બહુ ખપતાં, તેમણે બેએક વર્ષથી કવિની કાંઈક વર્તણૂકથી ગુસ્સે થઈ તે વાંચવાં જ બંધ પાડ્યાં હતાં. કવિનું મન પણ એ પ્રસંગ પછી મુંબઈ છોડી પ્રવાસે રખડવા તરફ લાગ્યું હતું, અને છેવટ સને ૧૮૬૫ ના જુલાઈમાં સુરત આવીને નિવાસ કર્યો ત્યારે જ એના મનની વ્યગ્રતા શમી. સુરતમાં વસવાનાં કારણો કવિ સંક્ષેપમાં આ પ્રમાણે દેખાડે છે: "શેરબજારની પડતી આવ્યાથી, ચોપડીઓનું વેચાણ બંધ પડવાથી, લોકને શીખવવા જવાનું તો બે વરસ થયાં બંધ રાખેલું જ તેથી, કમ ખરચ રાખવાના હેતુથી, મિત્રોની ઘણી આવજાવથી મારા લખવાના કામમાં ઘણી ખલેલ પહોંચવા લાગી તેથી, મુસાફરી કરવાને જીવ વલખાં મારે છે માટે આગળથી સ્ત્રીને સુરતમાં ઘર માંડી આપું કે નિરાંત થાય એ મતલબથી, મેં મારો ઉચાળો મુંબઈમાંથી ઉઠાવી સુરત નાખ્યો." આ લખનારને ગાઢો પરિચય આ વખતથી થયો, અગર જોકે એ પહેલાં પાંચ છ વરસથી સારો સ્નેહભાવ બંધાયેલો હતો.

—નવલરામ લક્ષ્મીરામ પંડ્યા
'નવલગ્રંથાવલિ'માંથી

૨

પવિત્ર અંતઃકરણો

સ્ત્રીવર્ગમાં, તેમાં વિશેષે કરીને તરુણીવર્ગમાં, રસસમાનતા પ્રમાણે અને વયસમાનતા પ્રમાણે સહીપણાં થઈ જતાં વાર લાગતી નથી અને તેથી તરત પક્ષ બંધાઈ જાય છે. કૃષ્ણકલિકાને અલકકિશોરી સાથે ફાવી ગયું હતું તેમ વનલીલાને કુમુદસુંદરી સાથે ફાવી ગયું હતું. તે રમતિયાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ડાહીલી હતી, રસીલી પણ સદ્‌ગુણી હતી, વાંચવાગાવાની શોખીન હતી, નિંદા કરવાની બહુ ટેવ ન હતી તો પણ પરચેષ્ટા જોવાની રસિયણ હતી, સૌભાગ્યદેવી પાસે ગીત શીખવા આવતી, કંઠ તીણો હતો અને તેથી વધારે તીણો કરવા મથતી, અલકકિશોરીની કચેરીમાં ચર્ચા ચલાવનારીઓમાં એક એ હતી. કુમુદસુંદરી પાસે નિત્ય આવતી, તેની જોડે આખો દિવસ છાનીમાની કોણ જાણે શાયે વાતો કર્યા કરતી, તેની જોડે શેતરંજ રમતી, કુમુદસુંદરી ગાતી તેમાં પોતાને તો સમજણ નહોતી પડતી પણ પોતે ગાઈ બતાવતી, અને એની પાસે પુસ્તકોમાંથી રસીલી વાતો વંચાવી સાંભળતી. રીત પ્રમાણે આજ પણ વનલીલા જમી પરવારી આવી અને આવતાં આવતાં ડોકિયું કર્યું તો અલકકિશોરીને ખભે નવીનચંદ્રનો હાથ જોઈ ચમકી, ખમચી, વિસ્મય પામી ઓઠે આંગળી મૂકી વિચાર કર્યો, અને લોકવાયકા ન માનનારી કુમુદસુંદરીને ખબર કરવા દોડી. તેની સાથે છાનીમાની વાત કરવા મંડી ગઈ.

"ભાભીસાહેબ, નહોતાં માનતાં તે આજ ચાલો. આંખે ખરું કરો."

"વનલીલા! તું હજી એવી ને એવી રહી. ભોગ એ એના. આપણે તે પારકી ચેષ્ટા જોવાનું શું કારણ? આપણે આપણું કામ નથી?"

"વારુ, તમે તે આવાં ક્યાંથી? એવું એવું જોઈએ નહીં? ચાલો, ચાલો, જુઓ તો ખરાં. એ તો એવાં લટુ બન્યાં છે કે આપણે અર્ધો કલાક જોઈશું તોયે નહીં દેખે. ચાલો." કહી વનલીલા કુમુદસુંદરીનો સુંદર હાથ બારણા ભણી ખેંચવા લાગી.

તેને બીચારીને ખબર ન હતી કે આ સમાચારથી કુમુદસુંદરીના અંતઃકરણમાં કેવી તીવ્ર વેદના થવા લાગી હતી અને તેણે મનમાં કેટલું મુંઝાવા માંડ્યું હતું.

"શું આ ખરું કહે છે? વિદ્વાન્ સરસ્વતીચંદ્ર! આ શું? આ શું કહે છે? શું મારો ત્યાગ કર્યો તે આ અર્થે? અથવા નવીનચંદ્ર! શું તું સરસ્વતીચંદ્ર ન હોય? તું નહીં જ હોય. મારો—અરેરે—એક વેળા જે મારો હતો તે શુદ્ધ સરસ્વતીચંદ્ર આવો ન હોય!" આંખો પર હાથ ફેરવતી કુમુદસુંદરીએ વનલીલાનો હાથ વછોડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વનલીલા, જા તું તારે જોવું હોય તો. હું તો નહીં આવું."

"ત્યારે તમે અહીંયાં બેઠાં બેઠાં શું કરશો ?"

"હું બેસીશ મારી મેળે—ગાઈશ—સારંગી લેઈને."

"તે તમને આ જોવાનું મૂકી ગાવું કેમ ગમશે ? તમારા જેવું તો કોઈ દીઠું નહીં."

"વારુ, બેન વારુ. તું જા—જો તારી મેળે."

વનલીલા આ ઉદાસીન અને નિષ્કુતૂહલ દેખાતી વૃત્તિ જોઈ વિસ્મય પામતી એકલી ચાલી, નવીનચંદ્રની મેડીના બારણા આગળ વાંકી વળી ઊભી, અને મીજાગરા આગળથી રસભરી છાનીમાની જોવા લાગી.

વનલીલાને કાઢી કુમુદસુંદરી પાછી ફરી. આંખમાં આંસુ તો માય નહીં એમ ભરાઈ આવ્યાં—જાણે કે પોતાના જ પતિને પરકીયા સાથે દીઠો હોય—જાણે કે પોતે જ ખંડિત થઈ હોય. પલંગ પર પડતું મૂક્યું અને ઊંધે માથે રહી છાનુંમાનું પુષ્કળ રોઈ કંઈક નવો વિચાર ઊઠતાં આચિંતી સફાળી ઊઠી અને આંસુ લોહી નાંખી મેડી વચ્ચે ઊભી.

"અરે, પણ આ શું ? એની ફજેતી હું થવા દઉં ? સરસ્વતીચંદ્ર, તને આ રસ્તે નહીં ચડવા દઉં. હશે. ભૂલ થઈ હશે—પણ તારા પવિત્ર સંસ્કારને જગાડું એટલે તું જાગવાનો જ. આ કુમાર્ગે તું ચડ્યો તો બાપડા જગતની શી વલે થવાની—બીજા લોકોને તો કાંઈ કહેવાશે જ નહિ. તને આ રસ્તે જોતાં મારું કાળજું કહ્યું કેમ કરે—મારું કાળજું કેમ રહેશે ? મચ્છેન્દ્રનાથ, તને સ્ત્રીરાજ્યમાં લપટાઈ દીન થયેલો જોઈ ગોરખ શું બેસી રહેશે ? ગોરખનાથ, મને સહાયતા કરો, મારામાં તમારી શકિતનો કાંઈક અંશ મૂકો. સંસ્કારી સરસ્વતીચંદ્ર ! આ શું ?"

"હે ઈશ્વર.—"

વળી આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. લોહતી લોહતી સારંગી લઈ નવીનચંદ્રવાળી મેડીની પાસે ખુરશી માંડી બેઠી અને એ મેડીમાં સંભળાય એમ સારંગી સાથે ઝીણે કંઠે ગાવા લાગી.

"શુભ્ર સ્વર્ગમાં વસનારી તે ચળી પડી હર-શિરે,
પડવા માંડેલી પડી પાછી ! ટકી ન, હર ! હર—શિરે.—શુભ્ર૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી ! ગિરિપર; ઉચ્ચ ગિરિવર મૂકી પડી એ પાછી–
અવનિ પર આળોટતી ચાલી ધૂળવાળી ઘણી થાતી.–શુભ્ર૦
મલિન ગંગા ! ક્ષાર સમુદ્રે પેઠી અંતે એ તો !
ભ્રષ્ટ થયું જરી તેનો શતમુખ વિનિપાત જ નિર્મેલો !"[1]
"ભ્રષ્ટ થઈ મતિ તેનો શતમુખ વિનિપાત જ નિર્મેલો !"

પોતાની મેડી બહાર સંભળાય એમ કુમુદસુંદરી કદી પણ ગાતી ન હતી. હૃદયના સંબંધે એની મર્યાદા આજ છોડાવી અને ગાતાં ગાતાં તે ખરેખરી ખીલી. જેમ જેમ ગાયન અગાડી ચાલ્યું તેમ તેમ તેની આંખમાંથી આંસુની ધાર વધી, સારંગીને પલાળી નાંખી, અને છેલ્લું પદ ગાતાં ગાતાં "આથી વધારે મારું બળ નથી" એમ શબ્દ વિના કહેતાં કહેતાં કંપતા મૂર્છા પામતા હૃદયપરથી સારંગી જમીન પર સરી પડી, ડોક ઢીલી થઈ ગઈ, માથું ખુરશીની પીઠ પર ભાગી ગયું હોય એમ ઢળી પડ્યું, કમળની પાંખડીઓ જેવી લલિત આંખો અંધારું પડ્યું હોય એમ મીંચાઈ ગઈ, નિઃશ્વાસને જવા આવવાનો રસ્તો રાખવા પહોળું રહી મુખ સ્તબ્ધ થયું, નાજુક કળીઓ જેવા દાંતનાં કિરણ હવામાં ચળકવા લાગ્યાં, હાથ પહોળા થઈ ગયા અને ખુરશીની આસપાસ લટકવા લાગ્યા, અને પગ પણ ખુરશી આગળ લંબાઈ ટકી રહ્યા. આ શબ જેવા શરીરમાં એકલું જીવતું દેખાતું કોમળ વક્ષઃસ્થળ ધડકતું હતું. હૃદય ચીરી નાંખે એવી આ અવસ્થા જોનાર–સમજનાર આ પ્રસંગે–કુમુદસુંદરી ! તારી પાસે કોઈ ન હતું. ભરવસ્તીવાળા સાસરાના ઘરમાં તું એકલી જ હતી. મૂર્છા પામેલા ઊજળા ગાલ ઉપર નિર્જીવ થયેલાં આંસુ સુકાઈ ગયાં અને માત્ર તેના ચળકતા સૂકા શેરડા રહ્યા. એની આસનાવાસના કરનાર કોઈ ન હતું.

આણી પાસ નવીનચંદ્ર જાગી ઊઠ્યો હતો. પણ તે ન જાગ્યા જેવો જ હતો. તેની ઊંઘ ઊડી ગઈ ન હતી. જાગું છું કે ઊંઘું છું તે વિચાર તેને થયો ન હતો. જાગતાં પહેલાં કિશોરીના સ્પર્શથી તે રમણીય સ્વપ્નમાં પડ્યો હતો. એવો સ્પર્શ જન્મ્યા પછી તેને પ્રથમ જ થયો હતો અને તે સ્પર્શે ઉત્પન્ન કરેલા સ્વપ્નને અંતે આંખ કાંઈક ઊઘડી તોપણ એક સ્વપ્ન પલટાઈ બીજું

૧ ભર્તૃહરિ ઉપરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વપ્ન અનુભવતો હોય એમ જ એને લાગ્યું. અર્ધું મીંચેલું અને અર્ધું ઉઘાડું એવા પોપચા આગળથી અલકકિશોરી સ્વપ્નમાં આવી હોય એમ પળવાર વિકારભરી રમમાણ આંખે તેને જોઈ રહ્યો અને દૂષિત હાથ ખેંચી ન લેતાં નિમિષમાત્ર આનંદસમાધિમાં પડ્યો. એટલામાં સારંગીના રણકા સાથે ભળી જતું કુમુદસુંદરીનું મિષ્ટ–મધુર–ગાયન તેના કાનમાં ધીમેધીમે આવવા લાગ્યું. કર્ણેન્દ્રિય આનંદવ્યાપારમાં લીન થતાં સ્પર્શેન્દ્રિય બ્હેર મારી ગઈ, અને ઉઘાડી આંખ વગરમીંચાયે મીંચાઈ. કુમુદસુંદરીના ગાયન સાથે ઊંડાં ડુસકાં વચ્ચે વચ્ચે ભળતાં હતાં અને સૂતેલાની નિદ્રાને વીજળીના સંચા પેઠે ધક્કા મારતાં હતાં–તેનાથી સ્પષ્ટ સમજાતાં હતાં–તેના હૃદયના હૃદયમાં પેસતાં હતાં. કુમુદસુંદરીનું–દિવ્ય અપ્સરાના જેવું–ગાન પણ આજ તેણે પહેલવહેલું સાંભળ્યું અને તેથી તેની આનંદનિદ્રા મધુર મધુર થતી વધી. બહારથી જોનારને મન અલકકિશોરી અને નવીનચંદ્ર આમ એમનાં એમ ચિત્રવત્ સ્તબ્ધ રહી એક બીજાના સામું જોઈ રહેતાં લાગ્યાં અને ઉભય મદનાવસ્થ છે એવું મનમાં આણતાં વનલીલાને કાંઈ પણ શંકાસ્થાન ન રહ્યું.

આખરે કુમુદસુંદરીના ગાનનું છેલ્લું પદ આવ્યું–તેનો અર્થ સ્પષ્ટ હતો–તે પદ એક વાર ગવાયું–જરીક ફેર સાથે બીજી વાર ગવાયું–તેની સાથે સારંગીનું ગાન અચિંત્યું ક્રમવિરુદ્ધ બંધ પડ્યું. સારંગી પડી તેનો ધબાકો થયો. હાથમાંથી છૂટતાં–પડતાં–તાર ત્રૂટતો હોય એમ અસંવાદી કઠોર રણકારો લંબાયો, તે રણકારામાં અચિંત્યા બંધ પડેલા ગાયનના અંત્યસ્વરનો પ્લુતોચ્ચાર ભળ્યો, અને તે સર્વમાં ત્રૂટતા મર્મસ્થાનથી તણાયેલું ડૂસકું સંભળાયું અને એકદમ સારંગી અને કંઠ ઉભય બંધ પડ્યાં. તેની જ સાથે સ્વપ્નાવસ્થ નવીનચંદ્રનું હૃદય ચિરાયું, તે ખરેખરો જાગ્યો, જાગતાં જ કિશોરી સામું જોઈ રહ્યો, જોતામાં જ ધીમા બળથી હાથ ખેંચી લીધો, અને એકદમ પણ ધીમે રહીને–દીન વદનથી પણ ઠપકા ભરી આંખ કરી–લાચાર સ્વરથી પણ ઉગ્ર નરકમાંથી તારવા ઇચ્છતો હોય તેવો, મધુર નરમ વચન બોલ્યો :

“અલકબ્હેન, હું તો તમારો ભાઈ થાઉં હો!” એમ બોલી પવિત્ર દૃષ્ટિથી તેના ભણી જોઈ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલકબહેન શરમાઈ જ ગઈ, નીચું જોયું અને મનમાંથી ધારતી માતા પાસે માગ માગ્યો. તેને ભાન આવ્યું. તપેલા વાસણ પરથી પાણીને છાંટો ઊડી જાય તેમ તેનો અપવિત્ર વિકાર એકદમ જતો રહ્યો. પણ શું કરવું તે તેને સૂઝયું નહીં–મુંઝાઈ–ગુંચવાઈ, બેઠેલી રહી જમીનપર જોઈ રહી–આંખો મીંચ્યા જેવી કરી–જીભ કરડવા મંડી. " અરરરર! આ શું થયું " એ વિચાર તેના આખા મગજમાં નિષ્કંટક એકલો રાજ્ય કરવા લાગ્યો. સાપે કરડી હોય એમ તેના મગજમાં ઝાટકા નંખાવા લાગ્યા. વગર ઊંચું જોયે–અહીંયાં ને અહીંયાં આપઘાત કરું–એ વિચાર તેના મનમાં અંતે તરી આવ્યો અને તે વિચાર પ્રમાણે વર્તવા તૈયાર થઈ. મનમાં બોલી–" હવે તો, જીભ કરડીને મરુ–કે શ્વાસ રૂંધીને મરું–પણ આમ ને આમ જ. " એ વિચાર પ્રબળ થતાં જ તેના મનનો ગૂંચવાડો મટ્યો–છુટકારો પાસે આવ્યો હોય તેમ તેને લાગ્યું.

નવીનચંદ્ર તેની અમૂઝણ સમજ્યો, અને દિલાસો આપી બોલ્યો. બહેન, અમુઝાશો નહીં. એક ભૂલ તો બ્રહ્માએયે કરી છે. ફરી ભૂલ ન કરશો. તમારું અંતઃકરણ પવિત્ર છે તે હું જાણું છું. હું નાદાન નથી. થયું તે ન થયું થનાર નથી. ગઈ ગુજરી વિસારી દો. તમારો ધર્મ અંતે સચવાયો તે ઈશ્વરનો ઉપકાર માનો. "

અલકકિશોરીએ ઉત્તર ન વાળ્યો–ઊંચું પણ ન જોયું. બનેલ બનાવથી એનું અન્તઃકરણ ભરાઈ આવ્યું.

" ઊઠો, બહેન, ઊઠો મને ઔષધ આપો. "

હજી કિશોરી ઊઠી નહીં.

" બહેન— "

" ભાઈ, તમે ખરેખર મારા ભાઈ જ છો. "–આખરે હિંમત આવી. " ભાઈ, જમાલ પાસેથી મને છોડવી તેના કરતાં આજ મારા ઉપર વધારે ઉપકાર કર્યો. અરેરે! ઊજળે લૂગડે ડાઘ બેઠો, હેં! આ શું થઈ ગયું? ભાઈ, મારા ભાઈ, હવે મારે જીવવું નકામું છે–અરેરે " રોતી રોતી આંસુભરી આંખે ઊંચું જોયું–" હાય, હાય. "

" બહેન, ધીરાં થાઓ. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ભાઈ, સોનાની થાળીમાં લોઢાની મેખ ન ખમાય. મારા જોવીને આટલું થયું ન વેઠાય. હું હવે કોઈને મોં શું બતાવીશ?"

"લોક શું જાણનાર છે? ઈશ્વર જાણે છે તે દયાળુ છે."

"એ બધું ખરું પણ મારાથી જ આ સહેવાતું નથી–આ આવી હું, તેને આજ આમ—"

"બહેન–"

"હું જીવનાર નથી–" છલકાતી આંખે અબલા ઊઠી બારણા ભણી ચાલી. વનલીલા ત્યાં ન હતી. સૌભાગ્યદેવી બારણાના ઉંબર આગળ અંદર આવતી સામી મળી.

—ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી
'સરસ્વતીચંદ્ર–ભાગ ૧' માંથી

૩
સ્વહૃદયપરીક્ષા

એક સંતનું વચન છે કે:

બૂરા દેખન મૈં ગયા બૂરા ન મિલિયા કોય:
જો દેખું દિલ ખોજકે મોંસે બૂરા ન કોય.

'હું નઠારા માણસો કોણ છે તે ખોળવા ગયો, પણ કોઈ નઠારું મળ્યું નહિ; જો હું મારું પોતાનું દિલ ઉઘાડીને જોઉં છું તો જણાય છે કે મારાથી કોઈ નઠારું નથી.'

પાપ શું છે, પુણ્ય શું છે એ જાણ્યા પછી, અનીતિસુનીતિના સદ્ગુણદુર્ગુણના સ્વરૂપની પરીક્ષા કર્યા પછી મનુષ્યે પોતાના હૃદયની પરીક્ષા કરવી જોઈએ. નીતિના તત્ત્વનિરૂપણથી આ વિષયમાં કરવાની શોધ પૂરી થઈ રહેતી નથી. પોતામાં સદ્વૃત્તિ કેટલે અંશે સ્થાપિત થઈ શકી છે અને પોતામાંથી દુર્વૃત્તિ કેટલી દૂર થઈ શકી છે એ તપાસ કરવી પણ ઘણી જરૂરની છે.

જગતમાં દુરાચારના–દુર્ગુણના દાખલા ઘણા મળી આવે છે. પાપમગ્ન એવા ઘણાં માણસો જોવામાં આવે છે, અને આવાં ઉદાહરણ જોવાથી એવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આચરણથી દૂર રહેતાં શિખાય છે; દુરાચારનું કેવું નઠારું સ્વરૂપ છે, દુરાચારનાં કેવાં નઠારાં પરિણામ છે, એ શિક્ષા મળે છે, અને તે શિક્ષાની સબળ છાપ પડે છે. નીતિના સ્વરૂપનો નિર્ણય કરવામાં પણ એ બાહ્ય દૃષ્ટાંતો સાહાય્યકારક છે. આ બાહ્ય દૃષ્ટાંતો આ રીતે ઉપયોગી છે ખરાં પણ સ્વ–શુદ્ધિ, સ્વ–ઉદ્ધાર, સ્વ–ઉન્નતિ માટે સહુથી વધારે જરૂર અંદર નજર કરવાની છે. મનુષ્યે, પોતાના અન્તરમાં દૃષ્ટિ નાંખી નથી ત્યાં સુધી તેનું બહારનું બધું નિરીક્ષણ પરિણામે નકામું છે. બહારનું નિરીક્ષણ જ્ઞાન આપે છે, પણ પોતાની જરૂરનું ભાન અન્તરના નિરીક્ષણથી થાય છે. બુદ્ધિબળથી મેળવેલા જ્ઞાનસાધનથી મનુષ્ય પ્રફુલ્લિત ફરે છે અને નીતિતત્ત્વની ગંભીર ચર્ચા કરે છે, પણ અંદર નજર કરે છે ત્યારે તેને ખેદકારક અનુભવ થાય છે. અંદર સડો, મલિનતા, દુર્બળતા તેની નજરે પડે છે. બહારનું જ્ઞાન તેને ભેદી શકયું નથી એમ જણાય છે. બુરાઈ, અસાધુતા બહાર ખોળવા જવાની જરૂર જ ન હતી એમ તેને લાગે છે. આત્માની પોતાની દુર્વૃત્તિ, અધમતા પોતાના અભ્યાસ અને પ્રયાસ માટે બસ હતાં એમ માલૂમ પડે છે—અભ્યાસ તે દુર્ગુણનું સ્વરૂપ જાણવાનો, પ્રયાસ તે દુર્ગુણતા દૂર કરવાનો. પોતાની પરીક્ષા કર્યાથી દુર્ગુણને–દુર્વૃત્તિને પોતામાંથી દૂર કરવાનો પ્રયાસ કરવાની કેટલી અગત્ય છે તે ધ્યાનમાં આવે છે. આવી વૃત્તિને લીધે પરોપકારથી અને પરોદ્ધારથી વિમુખતા થતી નથી. પોતાની દુર્બળતાની પ્રતીતિ થતાં મનુષ્યજાતિની દુર્બળતા વધારે સારી રીતે સમજાય છે. દુર્ગુણ પર તિરસ્કારને બદલે અનુકંપા થાય છે. પાપી પણ સુધરી શકે છે એમ પોતાના સુધરવાના સંકલ્પથી સમજાતાં ભ્રમિત બન્ધુઓના ઉદ્ધારણમાં સ્નેહ અને ઉલ્લાસથી પ્રવૃત્તિ થાય છે. સ્વપરીક્ષાનું મહત્ત્વ તો એ છે કે પોતાની અધમતા કેટલી છે, બીજાને સુધારવાની સાથે પોતાને સુધારવાની પણ કેટલી બધી જરૂર છે તે અનુભવ ચિત્તમાં દાખલ થાય છે.

ઘણી વાર **બૂરા દેખન મૈં ગયો** એવી વૃત્તિ પામર મનુષ્યને થાય છે. પતિત જનોને શોધી કાઢી તેમનો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી નહિ, પણ દોષૈકદૃષ્ટિથી પોતાના બન્ધુઓમાં દોષ ખોળી કાઢી તેમનું ઊતરતાપણું અને પોતાનું ચઢતાપણું જોઈ રાજી થવા સારુ મનુષ્ય એ દોષના અન્વેષણમાં નીકળી પડે છે. મનુષ્યનો અધઃપાત જાણે ખેદનું કારણ ન હોય, એકની પડતી જાણે બીજાને અનુભાવનું સ્થાન ન હોય, પાપીની દુષ્ટતા જાણે મનુષ્યજાતિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્બળતાની દર્શક ન હોય, તેમ મનુષ્ય બીજાના દોષ કાઢી બહાર મૂકવા પ્રયત્ન કરે છે. આ વૃત્તિ અધાર્મિક છે, ભક્તને અનુચિત છે, પ્રેમને પ્રતિકૂલ છે. મનુષ્યોનો એવો પરસ્પર તિરસ્કાર મનુષ્યોના પિતાને અપ્રિય છે; ભક્તજને–સાધુ પુરુષે તો બધે ઠેકાણે અમીભરી દૃષ્ટિ જ રાખવી જોઈએ. ધર્મમાર્ગે પ્રવૃત્તિ કરનારનું કર્તવ્ય છે કે તેણે સર્વમાં ભલાઈ દેખી શકવાનો પ્રયત્ન કરવો જોઈએ. એવી સ્વર્ગીય વૃત્તિનું ભર્તૃહરિ બહુ સુશ્લિષ્ટ શબ્દોમાં વર્ણન કરે છે: "પારકાના ગુણના નાનામાં નાના કણને પણ પર્વત જેવા કરીને પોતાના હૃદયમાં હમેશ વિકાસ પામતા–એવા કેટલાક થોડા સંત છે."

આવી ધન્ય દૃષ્ટિએ નિરીક્ષણ કરતાં સર્વત્ર કંઇને કંઈ સાર અંશ જણાશે. દુનિયામાં ભ્રમિત, નિર્બળ મનુષ્યો તો અનેક, અસંખ્ય જણાશે; પણ, કોઈ દયાપાત્ર, કોઈ ક્ષમાપાત્ર, કોઈ ઉપકાર-પાત્ર, કોઈ ગ્રાહ્ય ગુણના અંશવાળા એમ સર્વે હૃદયની નિકટ લાવવા યોગ્ય જણાયા વિના નહિ રહે. એવી સુવૃત્તિ ધારણ કરતાં અભિમાન નાશ પામશે, દોષૈકદૃષ્ટિમાં રહેલી ઇર્ષ્યાવૃત્તિ ચાલી જશે. જ્યાં ત્યાંથી દોષ ગ્રહણ કરી લેવાને મનુષ્ય તત્પર થાય છે એ કેવળ ઇર્ષ્યા–અસાધુતા નહિ તો બીજું શું છે? એ ઇર્ષ્યા–એ અસાધુતા દૂર કરવાના અર્થમાં જ **બૂરો ન મિલિયો કોય** એમ કહ્યું છે. પ્રેમમય પ્રભુની ભક્તિ કરનારને તે **બૂરો** કયાં મળે? ઈશ્વરની સૃષ્ટિ નિરખી ઉલ્લાસ પામનારને તે ખેદનું કારણ કયાં જડે? જગત્કર્તાની રચના માટે ધન્યવાદ ગાનારને તે દોષ કયાં દેખાય? મનુષ્ય નિર્બળ છે, મનુષ્ય પોતાના અપરાધથી–પોતાના પ્રમાદથી પોતાનામાં દોષ એકઠા કરે છે જ. તે દોષ ખોળવાની પણ જરૂર છે, તે દોષ કાઢવાની પણ જરૂર છે. પણ તે માટે ઇર્ષ્યા, દ્વેષ, તિરસ્કારનો સંગ શા માટે થવો જોઈએ? દોષથી કોણ મુક્ત છે? દોષ કાઢવા હોય તો **જો દેખું દિલ ખોજકે** એ ઉપાય કયાં નથી? દોષ જોવા સારુ મનુષ્યે દિલ ખોલીને જ જોવું જોઇએ. એ દોષપરીક્ષા ખરેખરી લાભકારક થઈ પડશે. એમાં ઇર્ષ્યાનો દુર્ગુણ નહિ નડે. સદ્‌ગુણના, સદાચારના કાનુનોની પ્રવૃત્તિનો આરંભ કરવાનું એ બહુ મોટું સ્થાન છે, અને સ્વહૃદયપરીક્ષા એ બહુ જરૂરની વસ્તુ છે. મનુષ્ય ઘણી વાર દિલ ખોલીને જોતો નથી. બહારના દેખાવો જોવામાં અને બાહ્ય દોષોની ચર્ચા કરવામાં તે અંદરનો દેખાવ જોવાનું અને આંતર દોષો લક્ષમાં લેવાનું ભૂલી જાય છે. પૃથ્વી પર તે ફરી વળે છે, પણ ઘેર આવવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને સાંભરતું નથી. વિશુદ્ધ ઉદારવૃત્તિઓનો બોધ કરનાર અમેરિકન ઉપદેશક દાક્તર ચેનિંગ કહે છે કે, "સંખ્યાબંધ મનુષ્યો એવી રીતે જીવે છે અને મૃત્યુ પામે છે કે તેમની પોતાની જાતથી તેઓ કેવળ અજાણ્યા જ રહે છે, અને જે દેશોનાં નામ સાંભળ્યાં છે પણ મનુષ્યના પગે કદિ જ્યાંની જમીનનો સ્પર્શ કર્યો નથી તે દેશો જેવું તેમનું હૃદય તેમને અજાણ્યું રહે છે." માટે પોતાનું હૃદય ઉઘાડીને જોવાની આવશ્યકતા છે, હૃદયના વિકાર તેમ કર્યાથી જ દૂર થઈ શકે છે, અને હૃદયની શક્તિઓ તેમ કર્યાથી જ કેળવી શકાય છે.

એ પ્રમાણે દિલ ખોલીને જોતાં મનુષ્યને ભયંકર પ્રતીતિ થશે કે **ઓંસે બૂરા ન કોય.** બીજાથી ઉત્તમ હોવાનું અભિમાન ચાલ્યું જશે, અને પોતાના જે કોઈ દોષ હશે તે નજર આગળ તરી આવશે; મનુષ્યમાં સદ્‌વર્તનબલની કેટલી મોટી ખામી છે તેનું ભાન થશે. અને ઉગ્રશાસનનું સ્થલ પોતામાં જ છે એમ અનુભવ થશે. મનુષ્ય નિર્બળ છે. તેથી તેનામાં દોષનો સંભવ રહે છે. વળી, જેમ ભક્તિમાં વધારે તત્પરતા થાય છે, ઈશ્વરના દિવ્ય સ્વરૂપનો આદર્શ જેમ ચિત્તમાં વધારે દૃઢ થાય છે તેમ પોતાની સહેજ પણ ખામી દોષરૂપે જણાય છે. ઈશ્વરસ્વરૂપથી પોતામાં જે કાંઈ વિરુદ્ધતા હોય તે માટે ક્લેશ થાય છે. તેથી, પોતાની જાત દોષપૂર્ણ લાગે એ તિરસ્કારપાત્ર થવાની સ્થિતિ નથી. ઈશ્વર સમીપ જવાનું એ ચિહ્ન છે, વિશુદ્ધિ અને ધાર્મિકતાના ઉદયનું એથી સૂચન થાય છે. મનુષ્યમાં ઈશ્વરનો દિવ્ય પ્રકાશ પ્રવેશ કરે ને માનવી છાયા અને માનવ અંધકારના બિન્દુને પણ અરુચિકર ગણે અને ખુણેખોચરેથી તેને ખોળી કાઢી દૂર કરે, એ અવસ્થા ધન્ય જ છે. પાપમાં મગ્ન મનુષ્ય અતિઘોર દૌરાત્મ્ય છતાં બેભાન થઈ સૂઈ રહે છે. પુણ્યાચરણમાં પ્રયાસ કરનારથી દુર્વૃત્તિની રેખા પણ સહન થઈ શકતી નથી. દુરાચરણની ક્ષણિક કલ્પના પણ તેને પીડિત કરે છે. પશ્ચાત્તાપ એ જ પાપિતા દૂર કરવાનો અને સદાચારમાં વધવાનો માર્ગ છે.

આ કારણથી ઈશ્વરભક્તિમાં તલ્લીન એવા ધાર્મિક પવિત્ર આત્માઓ 'મારાથી નઠારું કોઈ નથી' એવાં વચન બોલતા જોવામાં આવે છે. જોન બનિયનની ધર્માનુસરણમાં ઉત્કટ આતુરતા સુપ્રસિદ્ધ છે, તેનું જીવન કદિ અપવિત્ર નહોતું. તો પણ તેનામાં ધર્મ અને ભક્તિનો ઉત્સાહ જ્યારે વ્યાપ્ત થયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે પોતાની પૂર્વની ધર્મહીનતાની સ્થિતિથી તેને એટલો કલેશ થયો કે એ પોતે જે વચનોમાં પોતાની પૂર્વ સ્થિતિનું વર્ણન આપે છે તે અક્ષરશઃ ખરું માનીએ તો તે પાપિષ્ઠમાં પાપિષ્ઠ હશે એમ લાગે. તે પોતાના જીવનની નોંધમાં કહે છે, " દુનિયામાં હું ઈશ્વિર વગરનો હતો તે વખતની મારી કુદરતી જિંદગાની તો ખરેખર આ સંસારના વ્યવહાર જેવી હતી, અને ઈશ્વિરાજ્ઞા ઉલ્લંઘન કરનાર મનુષ્યજાતિને ઘટે તેવી હતી. દુષ્ટતાનો પિશાચ સ્વેચ્છાએ મને પોતાનો દાસ કરે તેમાં હું આનંદ માનતો. હું સર્વ અપવિત્રતાથી પૂર્ણ હતો અને તેથી મારા હૃદય પર અને મારા જીવન પર એટલી જબરી અસર થઈ હતી કે શાપ દેવો, અણઘટતા કસમ ખાવા, જૂઠું બોલવું અને ઈશ્વિરના પવિત્ર નામની નિન્દા કરવી–એ કામમાં મારા સરખા કોઈક જ હતા. મેં મારી લાલસાઓની લગામ છોડી દીધી અને ઈશ્વિરના નિયમનું બધી રીતે ઉલ્લંઘન કરવામાં આનંદ માનવા લાગ્યો. તેથી કરીને, મારું લગ્ન થયું ત્યાં સુધી સર્વ પ્રકારના દુર્ગુણ અને અધાર્મિકતામાં હું મુખ્ય અગ્રેસર હતો, અને મારા દીન આત્મા પર શરીરમાં ઉદ્દભવતા વિકારોનું એટલું જ પ્રાબલ્ય હતું કે એક પ્રસંગે ઈશ્વિરે અમૂલ્ય કૃપા કરી અદ્દભુત ચમત્કાર કર્યો નહોત તો સનાતન ન્યાયશિક્ષાથી હું નાશ પામત એટલું જ નહિ, પણ દુનિયા આગળ જેથી કેટલાક અપકીર્તિ અને લજ્જા પામે છે તે નિયમોની શિક્ષાને પણ હું પાત્ર થાત." એક વિવેચક કહે છે તેમ "આવી સબળ ભાષામાં બનિયને જે આન્તર વિગ્રહનું વર્ણન કર્યું છે તેથી એમ સાબિત થતું નથી કે તેના પડોસીઓ કરતાં તે નઠારો માણસ હતો, પણ એ સાબિત થાય છે કે તેનું મન નિરંતર ધાર્મિક વિચારમાં ગુંથાયેલું રહેતું હતું, તેના જ્ઞાન કરતાં તેનો ઉત્સાહ અધિક હતો અને તેના શરીર અને મન પર તેની કલ્પના સંપૂર્ણ અધિકાર ચલાવતી હતી." સુશીલ કવિ વિલિયમ કાઉપર મરણપર્યંત નિર્દોષ અને પવિત્ર રહ્યો હતો. તોપણ તેને ઈશ્વિરની શિક્ષાનો ભય હમેશ લાગ્યા કરતો. મારા અને સ્વર્ગ વચ્ચે મોટી ભીંત છે અને તે પરથી મારાથી ચઢી ઉતરાવાનું નથી એમ ધારી તે નિરાશ રહેતો. પોતાની સ્વર્ગસ્થ માતાની છબી જોઈ રચેલા એક સુંદર કાવ્યમાં તે કહે છે, " તેં તો સ્વર્ગમાં ચિરકાલનો વાસ કર્યો છે, પણ એ વિશ્રાંતિ મળવાની મને તો ભાગ્યે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશા થાય છે. મારું નાવ બંદરથી હમેશ દૂરને દૂર રહે છે, એ ખિન્ન અવસ્થામાં મારા નાવને પ્રચંડ પવનો વિમાર્ગે ખેંચી જાય છે, તોફાનથી તે અથડાય છે, તેના સઢ ફાટી જાય છે, તેનાં પાટિયાં ખસીને પહોળાં થઈ જાય છે, તેનું હોકાયંત્ર ખોવાઈ જાય છે, અને પ્રતિદિન કોઈ પ્રવાહનો વેગ મારી ગતિનો ભંગ કરી મને સુભાગ્યના પદથી દૂર કાઢે છે." સંસારના કલહથી દૂર જઈ શાંતિમાં રહેલા કવિનાં આ વચનો દુષ્ટાચરણ દર્શાવતાં નથી પણ વધતી જતી વિશુદ્ધિપ્રિયતા દર્શાવે છે. ભૂતકાલની અપૂર્ણ શુદ્ધતા માટે થયેલો ખેદ જ તેનાં વચનથી સૂચિત થાય છે. આવી વૃત્તિ અધાર્મિકતાનું નહિ પણ ધાર્મિકતાનું ચિહ્ન છે. બનિયન અને કાઉપર વિશુદ્ધ મહાત્માઓ હતા. તોપણ જે કંઈ ન્યૂનતા પોતામાં જણાઈ તે માટે તેમણે આ રીતે સંતાપ કર્યો છે. ઈશ્વરથી સહેજ પણ વિમુખતા આવા મહાત્માઓથી ખમાતી નથી. તેઓ પાપી હતા એમ હતું નહિ. પણ દિલ ખોલીને જોવાથી પોતાના દોષ તેમને આવા સ્વરૂપે જણાયા હતા. આપણી પ્રાર્થનામાળામાં પણ

'કૃત્યો કૂડાં કરું છું, અવિહિત અવળે માર્ગ હું સંચરું છું.'
'કોટ્યાવધિ પ્રતિદિને અપરાધ થાય.'

ઈત્યાદિ વચનો ભક્તના મુખમાં મૂક્યાં છે, એ વચનો ઉચ્ચારવાને ભક્તોને ઉપદેશ કર્યો છે, તે ઈશ્વર સમક્ષ ઊભેલા સાધારણ મનુષ્યના ભાવવર્ણન પ્રસંગે છે, તેમ જ વિશુદ્ધિથી રહેલું અન્તર તરવામાં થતા પ્રયાસ પ્રસંગે છે. પરમ વિશુદ્ધ આત્માઓ પણ આવા ઉદ્‌ગાર કરવાની જરૂર ધારે છે તે દિલ ખોલવા માટે જ. તો જેમનાં હૃદય એવાં વિશુદ્ધ નથી, જે વિકારમાં, ભોગમાં અને તૃષ્ણામાં લીન થયેલા છે, જે ઈશ્વરભક્તિમાં પરિપૂર્ણ રીતે પરાયણ થતાં શીખ્યા નથી, તેમને એવી સ્વહૃદયપરીક્ષા કેટલી બધી આવશ્યક છે? પોતાનું અન્તર ઉઘાડી જોયા વિના તેઓ ધાર્મિકતાનો આરમ્ભ શી રીતે કરી શકશે? અને અન્તર ઉઘાડી જોતાં મલિનતા જણાય તો તે એ પરીક્ષા બંધ કરવાનું કારણ છે કે અગાડી ચલાવવાનું કારણ છે? દુષ્ટતા સંતાડીને સંઘરી મૂકવા જેવી છે કે બહાર કાઢી લજ્જા પમાડી નસાડી મૂકવા જેવી છે? ભક્તિદ્વારા ઈશ્વર સમીપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈ હૃદય ઉઘાડતાં શું દુષ્ટતા લજ્જા પામ્યા વિના રહેશે? એ દિવ્ય સાન્નિધ્યમાં પાપિતાથી શું ટકી શકાશે?

આ રીતે સ્વહૃદયની પરીક્ષા કરતાં ઈર્ષ્યા દૂર થશે અને આત્મોદ્ધારના પ્રયત્નમાં પ્રવૃત્ત થવાશે; પારકાના છિદ્રાન્વેષણમાં આનંદ થવાને બદલે પોતાની ઈશ્વરકૃપા માટેની અયોગ્યતા જોઈ પરિતાપ થશે, અને તે કૃપા માટે પોતે યોગ્ય થવામાં અને બીજાને યોગ્ય કરવામાં તત્પર થવાશે. કૃપાકાન્ત પિતા એ પરિણામ અપાવો.

—સર રમણભાઈ નીલકંઠ
'ધર્મ અને સમાજ—પુ. ૧'માંથી

૪
સુરતની આગ

પોતાના જીવનનો પહેલવહેલો બનાવ જે પોતાને સચોટ યાદ હતો તે સુરતની 'સાડત્રીશી' આગ હતી. ઈ. સ. ૧૮૩૭ ની ૨૪ મી એપ્રિલને સોમવારે પાછલા પહોરના પાંચ વાગતે એક પારસી વ્યાપારીના ઘરમાં ઊકળતા ડામરમાંથી તે આગ શરૂ થઈ હતી. મકાનના માલિકની સમૃદ્ધિ ઉપર ઈર્ષ્યા હોય કે પછી પારસીઓની અગ્નિ શાંત કરવા તરફની અભ્રાછના હોય; જે હોય તે ખરું પણ આગ શરુથી જ છંટાઈ નહિ. પછી તે કાબુમાં કેમ રહે? થોડી વારમાં ત્રણ માઇલના ઘેરાવામાં અગ્નિદેવતા પ્રસર્યા. પચાસ માઇલ સુધી રાત્રિએ ભડકા દેખાયા. મંગળવારે સવારથી નૈૠત્ય કોણમાંથી વાયુ ફૂંકાયો. આગ ચારે બાજુએ ધાઈ. અંબામાતાનું તે અરસામાં કંઈક અપમાન થયેલું. તે સિંહાસન છોડી ચાલતાં થયાં, તે એક મૂર્ખ પૂજારીએ જોયાં. આગના ગોળાનું પૂછવું જ શું? મંગળવારે મધ્યાહ્ને અગ્નિદેવતાની કેલી ટોંચે પહોંચી. ખૂબ નાચ્યા, કૂદ્યા, ખેલ્યા ને પછી તૃપ્ત થયા હોય તેમ પોતાની આંચ કમ કરવા લાગ્યા. બુધવારે સવારે આ ભયાનક વહ્નિ શાંત થયો. સેંકડો બૈરાંઓ ઘરમાં જ બળી મૂઆં હશે. કંઈકે જાન બચાવવા જતાં પોતીકી જાન ખોઇ હશે. માલ બચાવવા માટે જાન ખોનાર તરફ કોઈ દિલસોજી બતાવતું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો પણ જીવનથી અધિકતર પ્યારી મતા છોડી કેટલાકથી ન અવાયું તે બળી મૂઆ. મારા માતામહ એમની રસિક શૈલીમાં આ બયાન પૂર આવેશમાં કરતા ત્યારે અમને એમ જ લાગતું કે અમે પણ તે આગની ખરાબી જોઈએ છીએ. દશ માઇલના વિસ્તારમાં ખંડિયેર પડેલું. કાળચક્રના સપાટામાંથી સુરતની જે કાંઈ રોનક બચી હતી તેને આ ભયાનક વહ્નિજિહ્વા ચાટી ગઈ. ઊંચાં, નકશીદાર, ગીચોગીચ મકાન, વિશાળ પથ્થરની હવેલીઓ, એક સરખી વિભૂતિમાં ભળી ગયાં. આગ ગોપીપુરામાં ગોવિંદજીનું મંદિર બાળી છીપવાડ આગળ અટકી. "અડધી હવેલી બળી તે અભેરામની જો" આમ ગરબો ગવાયો. સ્વ. મોટાભાઈ દેશાઈના મકાન આગળ આ ઈમારત હજુ મોજુદ છે. તે દિવસે ચૈત્ર વદ ચોથ હતી. પોતાનો તે જન્મદિવસ હતો તેથી તે મશ્કરીમાં કહેતા કે નર્મદાશંકર, નવલરામ, તથા હું પુરાણા આચારવિચારને બાળી નાંખવા તૈયાર થયા હતા ત્યારે મને આ યાદ આવેલું કે, મારી ત્રીજી સાલગરેહ આગને દિવસે જ પડેલી. માતામહ કહેતા કે એ ગાડાંમાં બધું રાચરચીલું ભરી અમારું બહોળું કુટુંબ સંઘાડિયાવાડમાંથી નીકળ્યું ને રઘુનાથપુરા તરફ જઈ પડ્યું. વાસણને લૂગડાં કૂવામાં નાંખી દઈ ઢાંકી દીધાં, ઝેવર સાથ લીધું. પછી તો ઘરના કાટ શિવાય બીજું ઝાઝું રહ્યું ન હતું. આપદાનું તો કાંઈ પૂછવું જ નહિ. કેશવરામ મહેતા ન્યાતમાં મોટા ગણાતા. એજન્સી દફતરદારની નોકરી કરેલી ને પગાર બહુ પ્રતિષ્ઠિત મળતો હતો. તેમનાં એક પછી એક વિશાળ મકાન ગોપીપુરામાં બળી ગયાં. કહેવાય છે કે આ પહેલાં તેઓ ટટાર ચાલતા પણ પોતાની મતા બળી જવાથી એમને એવો તો કારમો ઝાટકો લાગ્યો કે બેઠા હતા ત્યાંથી ઉઠાયું નહીં, ને પોતાના પુત્ર ભાઉજીને કહ્યું કે "લાકડી આપ." ત્યાર બાદ ટેકો દીધા સિવાય એમનાથી ચલાયું નહિ. આવા દ્રવ્યવાન આદમીની કરોડ ભાંગી ગઈ તો ગરીબની હાલત શી થઈ હશે ને તેથી વધારે મધ્યમ અવસ્થાના પ્રતિષ્ઠિતપણાના આડંબરવાળા લોકનું શું થયું હશે, તે તો વર્ણવી શકાય જ નહિ. વિષ્ણુશર્માએ ખરે જ સત્ય કહ્યું છે કે, જ્યાં લગી હિરણ્યક નામના ઉંદર પાસે વિત્ત હતું ત્યાં લગી તે હૂંફને બળે તે ઝાઝું કૂદતો ને તામ્રચૂડના ટોલ્લે ટાંગેલા તૂમડામાંથી અન્ન ખાઈ જતો. પણ જ્યારે તેનું સર્વસ્વ દાટેલું ચોરાઈ ગયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે તેનાથી તેટલું ઊંચું કુદાયું નહિ. આગ બાદ કૂવા ટાંકાંમાં નાખેલાં વાસણ કાઢવા જનાર ઘણાક સાહસિક માણસો મૂએલાં. તેમાં ' કાર્બોનિક ગેસ ' ભરાઈ રહેલો ને જે અંદર પેસતો તે શાંત જ થઈ જતો. ઝાંપામાં વસતા હોરા કોમની સ્ત્રીઓ બહુ બળી મરેલી. તેમણે ધાર્યું કે મસ્જીદમાં પનાહ લઈશું તો આતિશથી પણ પનાહ મળશે. પણ પ્રયત્ન વ્યર્થ ગયો ને આ ધગધગતા મકાનમાં તેઓ સસડી ગઈ. કેટલીક સુવાવડી સ્ત્રીઓ તો શયનખંડમાં જ બળી મરી. આટલાં ખંડિયેર થવાથી ચોરનો ભય, જે અરદેશર કોટવાલની રિયાસતમાં કમ થયો હતો, તે પાછો જાગ્યો. સર્પનું ઉભરામણ વિશેષ થયું. પણ સૌથી બૂરું તો એ થયું કે, કલ્પનાશક્તિથી ભરપૂર વહેમીલા લોકમાં હજાર તરેહની ભૂત પ્રેત શંખિણી યક્ષિણીઓની વાતો ચાલવા લાગી. ફલાણી સુવાવડી શંખણી બની ગાફેલ મોહોલ્લાવાળાને કનડે છે, અહીં તો ધડાધડ કોઈ ભૂસકા મારે છે, પેલી તરફ તો ભડકું જ નાચ્યાં કરે છે, આ મોહોલ્લામાં તો દાટેલા દ્રવ્યનું રક્ષણ કરતું ભૂત ભમે છે, વગેરે વગેરે અનેક વેહેમોથી લોકો ભયભીત થવા લાગ્યા. પોતે તથા માતામહે મને આ વિષે ઘણી વાતો કહેલી. મને થોડી યાદ આવે છે તે નીચે કહું છું. મારા માતામહના મસિયાઈ ભાઈ, ભાઉજી, હાલમાં જે સ્થળે ' ચંદાવાડી ' બાંધેલી છે તે પાસેના મકાનમાં રહેતા હતા. ત્યાંથી એક દિવસે રાત્રીએ પોતાને ઘેર જતાં જે હકીકત બની, તે એમની જ ભાષામાં હું વર્ણવું છું. " ચોમાસાની એક રાત્રિએ દશેક વાગતાની બાદ હું ખપાટિયે ચકલે થઈ, હવાડિયો ચકલો વટાવી, આમલીરાનને રસ્તે થઈ સંઘાડિયાવાડ જતો હતો. રાત અંધારી, મ્યુનિસિપાલિટી મળે નહિ, એટલે ન રસ્તા પાકા કે ન મળે રોશની માટે ફાનસ! મારી પાસે હાથફાનસ હતું. ઉમર મારી તે વેળા સોળ વર્ષની હતી. અડધોપડધો વહેમ, ને તે સમયે સાંભળેલી વાતો, તેથી જાતે જ અનુભવેલો ભય–જુવાનિયાને ભય કેવો તે વિચારે જબરદસ્તીથી પકડી રાખેલી હિંમત–આ વિચારસાગરમાં તરતો હું ત્વરાયમાન ગતિથી ચાલ્યો જતો હતો. એવામાં પાછળથી અવાજ આવ્યો કે " જરા ઉભા રહો તો ! " સ્પષ્ટ કિન્નરકંઠી કોઈ શંખણીનો જ અવાજ! સચોટ તે જ જગ્યા જ્યાં સુવાવડી બળી મરેલી! મારાં ગાત્ર તો શિથિલ થઈ ગયાં, પણ બ્રાહ્મણને ડર કેવો? અડધીપડધી ગાયત્રી જપતો હું જે તરફથી અવાજ આવતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો તે તરફ ગયો. એક યુવતી ઓટલા ઉપર ઊભેલી ને સોડમાં કોડિયું. આનો દીવો ગુલ થઈ ગયો છે એમ લાગ્યું. તે જમાનામાં દીવાસળી ન મળે. ચકમકથી લોક અગ્નિ પેદા કરે, કે પછી ગંધક પૂરેલી બરુની લાકડી મળતી તેને આગમાં મૂકી ભડકો તૈયાર કરે. ' મારો દીવો હોલવાઈ ગયો છે, મને સળગાવવા દો.' મેં એના સોડિયાને આંતરે ફાનસ ખોલ્યું. તેણે દીવો પ્રકટાવ્યો. પણ એવામાં એવો તો પવનનો ઝપાટો એકાએક આવ્યો કે અમારા બન્નેના દીવા બુઝાઈ ગયા. હૈયું તો તાળવે ટાંગેલું ને તેમાં આ વળી આફત! મારાથી તો ચીસ પડાઈ જાય એવું થયું. પવન ન હતો તે એકદમ ક્યાંથી આવ્યો? કોઈ ગૃહસ્થની બાઈ આટલી વેળા મકાન બહાર કેવી? તે બાઈ 'હાસ હાસ' કહેતી મૂગી રહી. હું જોર પકડી આગળ ધાયો. એટલામાં જાગતોજોત દાંડિયો મળ્યો. અનાયાસે પૂછાઈ ગયું 'કેટલા વાગ્યા?' ઉત્તર મળતાં જ ભય ભાંગ્યો. તેઓ મશ્કરીમાં કહેતા કે હજુએ મને ખાતરી નથી કે સ્ત્રી પાર્થિવ હતી કે અપાર્થિવ. તે જમાનામાં સોનીઓને ત્યાં હંમેશ આગ સળગેલી રહેતી ને ગંધકના બરુ લઈ સોની મહાજનને ત્યાં જતાં ઘણાં બૈરાં મળતાં. બીજી એ કહાણી કે: પોતાના એક મિત્ર હરિપરેથી ગરબો સાંભળીને આવતા હતા. એક પ્રહર રાત બાકી હશે. નવરાત્રી ગયેલી ને શરદપૂનમ આવવાની. અંબાજીના ચકલા આગળ તેમણે એક સસલું જોયું. વસ્તીમાં સસલું કેવું એ ખ્યાલ આવે તે પહેલાં તો ત્યાં કૂતરું દીઠું. તર્કવિતર્કનો સમય ન મળ્યો તે પહેલાં ગાય! ન દોડાય, ન ચલાય, ન થંભાય! એટલામાં એક યુવતી એમની આગળથી ચાલી ગઈ. રાત્રે એખલડોખલ જતાં લોકો બીએ કે રખે કોઈ મળે. ગોપીપુરામાં એક પુરાણા કૂવા આગળ પીપળો હતો. રાત્રીએ લોક "આવો રામ, આવો રામ" ના જ અવાજ સાંભળે. પીપળે ભૂતનો વાસ તેથી દૃઢ નિશ્ચય બંધાયો કે ભૂત જ છે. કોઈ નાસ્તિક એમ પણ કહેતા કે, એ તો કોસવાળો બોલે છે "આવ્યા રામ." પણ એવું સહેલું સ્પષ્ટીકરણ કોઇને પસંદ ન આવ્યું. મુલ્લાખડકીમાં એક મસ્જીદ પાસે પુરાણો કૂવો હતો. ત્યાં તો સાયંકાલે પણ એકલડોકલ કોઈ જતું તો 'ડૂબુંછ હોં! ડૂબુંછ' એવો અવાજ સાંભળતું. આવા અસ્વાભાવિક અવાજો ને ચમત્કારિક દેખાવોએ બાલક મન ઉપર સચોટ અસર કરેલી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૯૯ ग
२०
२२२२०
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે કરણઘેલામાં ઠામ ઠામ નજરે પડે છે. સુરત ઉપર તો ઉપાધિ બેઠી છે, દેવોનો કોપ થયો છે, એમ સામાન્ય મનાતું. કરણઘેલાના સાતમા પ્રકરણમાં કેશવ મરાયો ને ગુણસુંદરી સતી થઈ ત્યાર પછી જે પાટણની ખરાબી થઈ, તેનું વર્ણન આબેહૂબ બાળપણના અનુભવ ઉપરથી તો નહિ લીધું હોય? કેશવના મૂઆ પછી ત્રણ દહાડે પાટણમાં મોટી આગ લાગી. "જેમ છાંટતા ગયા તેમ તેમ બીજાં નવાં ઘરો સળગતાં ગયાં, લોકો ઘણા ભયભીત થયા. કેટલાક લોક કહેવા લાગ્યા કે આ તો દેવકોપ થયો, કેટલાક બોલવા લાગ્યા કે, અમે આકાશમાં ઊડતાં માણસોને આગ લગાડતાં જોયાં. કેટલાએકની બારીએ રાતની વખતે મોટા મોટા પથ્થરો અથડાયા; કેટલાએકનાં ઘરમાં રાંધેલું બદલાઈ જઈ નરક થઈ ગયું; કેટલાંએકના ઘરના કૂવાનાં પાણી બદલાઈ લોહી જેવાં થઈ ગયાં; રાત્રે મોટી મોટી ચીસો સંભળાવા લાગી. કોઈથી દીવા થયા પછી બહાર નીકળાય નહીં. ઘણાએકના ઘરમાં બૈરીઓ ધૂણવા લાગી." હરપાળને શક્તિ જોડે થયેલું છમકલું વર્ણવ્યું છે, તે હરિપુરાથી ગરબા સાંભળી ચકચૂર થયેલા પોતાના મિત્રે જોયેલા સસલા જેવું જ કાંઈક હતું.

જૂનો અર્ધદગ્ધ કાટ વેચવાનો ધંધો ત્યારથી જાગૃત થયો. પોતે કહેતા કે 'કાટપીટિયા'ની અટક આ વખતથી જ હસ્તીમાં આવી. છારું તો એટલું એકઠું થયેલું કે પૂછવું જ નહિ. પણ તે જ સાલ મોટી રેલ આવી ને બધું સારું નરસું બહારી ગઈ. લોક જાનમાલથી ખુવાર બનેલા; મુંબઈ વ્યાપાર સટકી જવાથી ધંધા વિનાના થયેલા; તેથી આ કાર્યહીન હાલતમાં તેમની કમજોર નજરને તો સુરત એક ભયંકર કબ્રસ્તાન જેવું માલૂમ પડતું હતું. તેની જાહોજલાલી 'રસિકતા' સૌ દફન થઈ ગયાં. વ્યાપારનું મથક તો મુંબઈ સ્થપાઈ ચૂકયું હતું. શેષને શિર મેખ મરાઈ ગઈ હતી. માત્ર ખાનદાની ઘરો સુરતમાં મોજુદ હતાં તેથી રજાના દિવસોમાં આરામ લેવા, સુરતની બરફી ખાવા, ટાંકાનાં પાણી પીવા, કે પછી તાડી પીવા મુંબઈમાં વસતા સુરતવાસી આવી જતા. પણ આગથી જ્યારે ઘરો નષ્ટ થયાં ત્યારથી આ પણ બંધ થયું. સુરતની વ્યુત્પત્તિ માછીવાડમાંથી શરૂ થઈ. મુંબાપુરી પણ સાલસેટનું એક મત્સ્ય-ગ્રામ જ હતું. દરિયા જોડે સુરતવાસીને પુરાણી મહોબત હતી, તે મુંબઈ જઈ જારી કરી ને

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમુદ્ર જે આઠ માઇલ દૂર હતો તે અહીં તો આંગણીએ ઊભેલો મળ્યો. સુરત 'સુનાની મુરત' તે ત્રાંબાની થઈ ગઈ. હવે તો મુંબાઈ! મુંબાઈ!

—વિનાયક નંદશંકર મહેતા

'નંદશંકર જીવન-ચિત્ર' માંથી

૫

'શું વાંચવું'?

ગત અંકમાં લાઇબ્રેરિ (પુસ્તકસંગ્રહ) ની આવશ્યકતા અને એમાં ત્રણ વર્ગનાં પુસ્તકો રાખવા સંબન્ધી કેટલુંક કહેવામાં આવ્યું. પુસ્તકોના એ ત્રણ વર્ગ આપણે નીચે પ્રમાણે પાડ્યા: (૧) ધંધાને લગતાં, (૨) ખાસ શોખના વિષયોને લગતાં અને (૩) જીવનનો ઉદ્દેશ સમજાવનાર તથા એને અનુભવમાં લાવી આપનાર એવાં. આમાંથી પ્રથમ બે વર્ગનો ઉપયોગ શી રીતે કરવો એ વિષે કાંઈ કહેવાની જરૂર નથી. પણ આ ત્રીજા વર્ગનાં પુસ્તકો-જેની સાધારણ રીતે બહુ ઉપેક્ષા થતી જોવામાં આવે છે-એની પસંદગી અને ઉપયોગ કરવાની રીત સંબન્ધી બે શબ્દો કહેવા જેવા છે.*

આ પુસ્તકોની પસંદગીમાં એક વાત એ સ્મરણમાં રાખવાની છે કે આપણે જેમ એક તરફ જીવનનો ઉદ્દેશ **સમજવાનો** છે તેમ બીજી તરફ એ ઉદ્દેશને **અનુભવ**માં લેવાનો છે. જે ગ્રંથોમાં આ બંને કાર્ય સાધી આપવાની શક્તિ છે એ ઉત્તમ છે. શ્રીમદ્ભગવદ્ગીતા, શ્રીમદ્ભાગવત, શ્રીમહાભારત અને શ્રીતુલસીકૃત રામાયણ આદિ ગ્રન્થો, તથા અત્રત્ય અને પાશ્ચાત્ય મહાન પુરુષોના ઉપદેશો અને જીવનચરિત્રો એ આ પ્રકારમાં આવે છે. કેટલાક ગ્રન્થોમાં માત્ર જીવનનો ઉદ્દેશ સમજવાની જ શક્તિ છે-કેટલાંક પાશ્ચાત્ય અને અત્રત્ય તત્ત્વવિચારનાં પુસ્તકો, જેવાં કે કાન્ટ, હેગેલ, સ્પેન્સર

* ઘણાકે અમને પૂછ્યું છે કે 'અમે પંચીકરણ, પંચદશી, શાંકરભાષ્ય વાંચ્યાં. હવે અમારે શું વાંચવું?' આ લેખમાં અધ્યાત્મવિષયના અભ્યાસ માટે પુસ્તકોની પસંદગી કેમ કરવી એ બતાવવામાં આવશે. આગળ ઉપર એ કેમ વાંચવાં એ વિષે બે સાદા બોલ કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ જ વેદાન્તાદિ દર્શનોનાં સૂત્રો, ભાષ્યો, વાર્તિકો અને સંગ્રહગ્રન્થો એ આ વર્ગમાં પડે છે. ત્રીજે વર્ગે અત્રત્ય અને પાશ્ચાત્ય ઉત્તમોત્તમ કાવ્યોનો બનેલો છે–અને એમાં જે કાવ્યો અને નાટકોનો સ્પષ્ટ ઉદ્દેશ ધાર્મિકતા પ્રેરવાનો છે એનો જ નહિ, પણ જેનું પર્યવસાન ધાર્મિકતામાં થાય છે એ સર્વનો સમાવેશ કરવાનો છે: શેક્સ્પિયર, મિલ્ટન, ડૅન્ટિ તેમ જ વાલ્મીકિવ્યાસાદિના કાવ્યખંડો આ વર્ગમાં આવે છે. જ્યાં સુધી જીવનનો ઉદ્દેશ સમજવામાં આવ્યો નથી, ત્યાં સુધી કાવ્યો–નાટકો માત્ર હૃદયની લાગણીઓને ઉત્તેજવા અને પોષવા સહાયભૂત થાય છે–પણ કહી શકાય કે જીવનના ઉદ્દેશ ઉપર કાંઇક કાંઇક પણ વિચાર કર્યા સિવાય કોઈ પણ મહાન કાવ્ય કે નાટકનું હાર્દ સમજવું, એનાં અનેક સૂત્રોમાં એકતા લાવનાર તત્ત્વ ગ્રહણ કરવું, અશક્ય છે. વળી જેમ એક તરફ જીવનનો ઉદ્દેશ સમજાવનાર તત્ત્વ–ચિન્તનની જરૂર છે, તેમ બીજી તરફ એ વિચારનો આત્માને અપરોક્ષ અનુભવ કરાવી આપનાર કવિપ્રતિભાના પ્રસાદની પણ જરૂર છે. આ રીતે કવિતા (Poetry) અને તત્ત્વચિન્તન (Philosophy) ઉભયનો સમન્વય વસ્તુસાક્ષાત્કારમાં આવશ્યક છે. 'તત્ત્વચિન્તન વિના કવિતા આંધળી છે, કવિતા વિના તત્ત્વચિન્તન શુષ્ક છે, એક દૃષ્ટિપ્રદ છે, અને એક જીવનપ્રદ છે.' એક લીલા તૃણને પણ જીવન તો છે, પણ દૃષ્ટિ નથી. મરતા મનુષ્યને દૃષ્ટિ તો છે, પણ જીવન નથી. ઉભય પૂર્ણ બળમાં હોય ત્યારે જ મનુષ્યનું મનુષ્યત્વ છે.

પુસ્તકની પસંદગીમાં ઘણું કરી **જગપ્રસિદ્ધ** ધોરણથી, તેમ જ પોતાનો **અધિકાર** જોઈ–એટલે કે પોતાની સ્વાભાવિક રુચિ અને પોતામાં શી શી ખામીઓ સુધારવા જેવી છે એ બે વાત ઉપર લક્ષ રાખી–નિર્ણય કરવો ઠીક છે. જગતે જે મહાન તત્ત્વચિન્તક અને ધાર્મિક આત્માઓનાં નામ અમર થવા દીધાં છે તે અકારણ નથી. એમના વિચારમાં અને જીવનમાં પરમાત્માનો કાંઇક કાંઇક અવતાર હોય છે–અને સત્યનો દીપ પ્રજ્વલવામાં તેઓ બત્તીરૂપ હોય છે. માટે એમનાં વિચાર, આચાર અને ઉચ્ચારમાં કાંઇક ને કાંઇક શીખવા જેવું મળવાનું જ. પોતપોતાનો અધિકાર પણ વાચકે સ્મરણમાં રાખવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ અધિકાર બે પ્રકારનો જોવાનો છે: રુચિ અને ખામી બંનેને લઇને થતો. કેટલાકનો આત્મા, જ્ઞાન તરફ સહેલાઇથી વળે છે, કેટલાકનો ભક્તિ તરફ અને કેટલાકનો કર્મ, ધ્યાન, વૈરાગ્ય આદિ તરફ શીઘ્ર ચડી જાય છે. આવે પ્રસંગે, જે વિષયમાં સિદ્ધિ મેળવવાની આત્માને વધારે અનુકૂળતા હોય તે તરફ પ્રયાણ કરવું ઠીક છે. કારણ, સર્વ માર્ગ પરિણામે એક માર્ગ થઈ, એક ઠેકાણે જ મળે છે. છતાં એ પણ ભૂલવાનું નથી કે આત્મા અખંડ એકરસ છે. અને એમાં જ્ઞાન, ભક્તિ આદિ સર્વની સમતા હોવી જરૂરની છે. અને એ સમતા પ્રાપ્ત કરવા માટે જે 'તાજવામાં ન્યૂનતા હોય એમાં વખતોવખત કાંઇક કાંઇક ઉમેરો કરતાં જવું જોઇએ. કેટલાક સર્વે માર્ગ જરા જરા ઉપાસતાં ચાલ્યા જાય છે, એમ ધારીને કે આ સમતા એ જ સિદ્ધિનો માર્ગ છે. પણ ખરું જોતાં, જેમ કેટલાક વિદ્યાર્થીઓ પરચુરણ વિષયના જ્ઞાનવાળા, પણ સર્વ વિષયમાં કાચા અને એકે વિષયને પોતાનો કરી શકે નહિ એવા હોય છે, તેવા જ આ પુરુષો સમજવા. ગમે તે એક વિષયમાં પણ ઉત્કૃષ્ટતા મેળવવી ઠીક છે. સર્વમાં ઉત્કૃષ્ટતા મેળવવી એ અતિ ઉત્તમ છે—પણ એ બની શકે એવું ન હોય તો સર્વમાં કાચા રહેવું તે કરતાં એક વિષયમાં પારંગત થઈ, અન્ય વિષયનું યથાશક્તિ જ્ઞાન સંપાદન કરવું આપણે માટે બસ છે. વિષય-પસંદગી પોતાના આત્માનું સ્વાભાવિક વલણ જોઈ કરવાની છે.

—આનંદશંકર બાપુભાઈ ધ્રુવ
'દિગ્દર્શન'માંથી

૬

બાલાસુંદરમ

જેની જેવી ભાવના તેવું તેને થાય, એ નિયમ મારે વિષે લાગુ પડતો મેં અનેક વેળા જોયો છે. લોકની એટલે ગરીબની સેવાની મારી પ્રબળ ઇચ્છાએ ગરીબોની સાથે મારું અનુસંધાન સદાય અનાયાસે કરી આપ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નાતાલ ઇંડિયન કૉંગ્રેસ'માં જોકે સંસ્થાનોમાં જન્મ પામેલા હિંદીઓએ પ્રવેશ કર્યો હતો, મહેતાવર્ગ દાખલ થયો હતો, છતાં તેમાં છેક મજૂર, ગિરમીટિયાવર્ગે પ્રવેશ નહોતો કર્યો. કૉંગ્રેસ તેમની નહોતી થઈ. તેઓ તેમાં લવાજમ ભરી દાખલ થઈ તેને અપનાવી શકતા નહોતા. તેઓને કૉંગ્રેસ પ્રત્યે ભાવ પેદા ત્યારે જ થાય જ્યારે કૉંગ્રેસ તેમને સેવે. એવો પ્રસંગ એની મેળે આવ્યો, અને તે એવે વખતે કે જ્યારે હું પોતે અથવા તો કૉંગ્રેસ ભાગ્યે જ તૈયાર હતાં. કેમકે હજુ મને વકીલાત શરૂ કર્યાને બે ચાર માસ ભાગ્યે થયા હતા. કૉંગ્રેસની પણ બાળવય હતી. તેટલામાં એક દિવસ એક ફાટેલાં કપડાં પહેરેલો, ધ્રૂજતો, મોઢેથી લોહી ઝરતો જેના આગલા બે દાંત પડી ગયા હતા એવો, મદ્રાસી હિંદી ફેંટો હાથમાં રાખીને રોતો મારી સમક્ષ આવી ઊભો. તેને તેના માલિકે સખત માર માર્યો હતો. મારો મહેતો જે તામિલ જાણતો હતો તેની મારફત મેં તેની સ્થિતિ જાણી. બાલાસુંદરમ એક પ્રતિષ્ઠિત ગોરાને ત્યાં મજૂરી કરતો હતો. માલિકને કંઈ ગુસ્સો ચડ્યો હશે, તે ભાન ભૂલ્યો ને તેણે બાલાસુંદરમને સારી પેઠે માર માર્યો. પરિણામે બાલાસુંદરમના બે દાત તૂટી ગયા.

મેં તેને દાક્તરને ત્યાં મોકલ્યો. તે કાળે ગોરા દાક્તરો જ મળતા. ઈજા વિષેના પ્રમાણપત્રની મને ગરજ હતી. તે મેળવી હું બાલાસુંદરમને મૅજિસ્ટ્રેટ પાસે લઈ ગયો, ત્યાં બાલાસુંદરમનું સોગનનામું રજૂ કર્યું. એ વાંચી મૅજિસ્ટ્રેટ માલિક ઉપર ગુસ્સે થયો. તેના ઉપર તેણે સમન્સ કાઢવાનો હુકમ કર્યો.

મારી નેમ માલિકને સજા કરાવવાની નહોતી, મારે તો બાલાસુંદરમને તેની પાસેથી છોડાવવો હતો. હું ગિરમીટિયાને લગતો કાયદો તપાસી ગયો. સામાન્ય નોકર જો નોકરી છોડે તો શેઠ તેના ઉપર દીવાની દાવો માંડી શકે, તેને ફોજદારીમાં ન લઈ જઈ શકે. ગિરમીટ અને સામાન્ય નોકરીમાં ઘણો ભેદ હતો, પણ મુખ્ય ભેદ એ હતો કે ગિરમીટિયો શેઠને છોડે તો તે ફોજદારી ગુનો ગણાય ને તેને સારુ તેને કેદ ભોગવવી પડે. આથી જ સર વિલયમ વિલ્સન હંટરે આ સ્થિતિને લગભગ ગુલામીના જેવી ગણી. ગુલામની જેમ ગિરમીટિયો શેઠની મિલકત ગણાય. બાલાસુંદરમને છોડાવવાના બે જ ઈલાજ હતા: કાં તો ગિરમીટિયાને અંગે નિમાયેલો અમલદાર, જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાયદામાં તેમના રક્ષક તરીકે ઓળખાતો હતો, તે ગિરમીટ રદ કરે અથવા બીજાને નામે ચઢાવી આપે, અથવા માલિક પોતે તેને છોડાવવા તૈયાર થાય. હું માલિકને મળ્યો. તેને કહ્યું, 'મારે તમને સજા નથી કરાવવી. આ માણસને સખત માર પડ્યો છે એ તો તમે જાણો જ છો. તમે તેનું ગિરમીટ બીજાને નામે ચડાવવામાં સંમત થાઓ તો મને સંતોષ છે,' માલિકને તો એ જ જોઈતું હતું. પછી હું રક્ષકને મળ્યો. તેણે પણ સંમત થવાનું કબૂલ કર્યું, પણ એ શરતે કે બાલાસુંદરમને સારુ નવો શેઠ મારે શોધી કાઢવો.

મારે નવો અંગ્રેજ માલિક શોધવાનો હતો. હિંદીઓને ગિરમીટિયા રાખવા નહોતા દેતા. હું હજુ થોડા જ અંગ્રેજોને ઓળખતો હતો. તેમાંના એકને મળ્યો. તેમણે મારા ઉપર મહેરબાની કરી બાલાસુંદરમને રાખવાનું સ્વીકાર્યું. મેં મહેરબાનીનો સ્વીકાર કર્યો. મૅજિસ્ટ્રેટે માલિકને ગુનેગાર ઠરાવી તેણે બાલાસુંદરમની ગિરમીટ બીજાને નામે ચડાવી આપવા કબૂલ્યાની નોંધ કરી.

બાલાસુંદરમના કેસની વાત ગિરમીટિયામાં ચોમેર ફેલાઈ ને હું તેમનો બન્ધુ ઠર્યો. મને આ વાત ગમી. મારી ઑફિસે ગિરમીટિયાઓની સેર શરૂ થઈ ને તેમનાં સુખદુઃખ જાણવાની મને ભારે સગવડ મળી.

બાલાસુંદરમના કેસના ભણકારા છેક મદ્રાસ ઈલાકા સુધી સંભળાયા. એ ઇલાકાના જે જે પ્રદેશોમાંથી લોકો નાતાલની ગિરમીટમાં જતા તેમને ગિરમીટિયાઓએ જ આ કેસની જાણ કરી. કેસમાં એવું મહત્ત્વ નહોતું પણ લોકોને નવાઈ લાગી કે તેમને સારુ જાહેર રીતે કામ કરનાર કોઈ નીકળી પડ્યું છે. આ વાતની તેમને હૂંફ મળી.

હું ઉપર જણાવી ગયો કે બાલાસુંદરમ પોતાનો ફેંટો ઉતારી તે પોતાના હાથમાં રાખી દાખલ થયો હતો. આ વાતમાં બહુ કરુણ રસ ભર્યો છે. તેમાં આપણી નામોશી ભરેલી છે. મારી પાઘડી ઉતારવાનો કિસ્સો તો આપણે જોઈ ગયા. ગિરમીટિયા તેમ જ બીજા અજાણ્યા હિંદી કોઈ પણ ગોરાને ત્યાં દાખલ થાય ત્યારે તેના માનાર્થે પાઘડી ઉતારે—પછી તે ટોપી હો કે બાંધેલી પાઘડી હો કે વીંટાળેલો ફેંટો. બે હાથે સલામ ભરે તે બસ ન થાય. બાલાસુંદરમે વિચાર્યું કે મારા આગળ પણ તેમ જ અવાય. મારી સામે બાલાસુંદરમનું આ દૃશ્ય એ પહેલો અનુભવ હતો. હું શરમાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં બાલાસુંદરમને ફેંટો બાંધવા કહ્યું. બહુ સંકોચથી તેણે ફેંટો બાંધ્યો. પણ તેથી તેને થયેલી ખુશાલી હું વરતી શક્યો. બીજાને નામોશ કરી મનુષ્યો પોતે કેમ માન માની શકતાં હશે એ કોયડો હજુ લગી હું ઉકેલી નથી શક્યો.

—મહાત્મા ગાંધી

‘ આત્મકથા ’ માંથી

૭

ભવિષ્યની દૃષ્ટિએ

ભીલોનું જીવન જુદું અને આપણી રીઢી કોમોનું જીવન જુદું એમ આપણે ઇચ્છીએ તોયે રાખી શકવાના નથી. ભીલોને જો આપણા જીવનમાં પ્રવેશ નહિ કરાવીએ તો એ બાળપ્રજા નાશ પામશે. એટલે બનતી ઉતાવળે એમને બરાબર કેળવી અને જીવનવિકાસની અનુકૂળતા કરી આપી આપણે એમને ઘણે અંશે આપણા જેવા કરવા રહ્યા.

છતાં આપણે એ ભૂલી ન જઈએ કે કેટલીક બાબતોમાં ભીલોનું જીવન આપણા કરતાં વધારે સારું છે એટલું જ નહિ પણ ઉન્નત પણ છે. દૂરથી જોઈને એમને વિષે જે અભિપ્રાય બાંધીએ છીએ તે સર્વાંશે સાચો નથી હોતો. સુધારાની ધગશથી એમના જીવનમાં જ્યારે આપણે ધારેલો ફેરફાર કરવા મથીએ છીએ ત્યારે નજીક આવતાં છતાં આપણને એમના જીવનનો ખરો ખ્યાલ નથી આવતો.

ભીલ લોકોના જીવનમાં કેટલીક વિશેષતા રહેલી છે. એમનો કુદરત પ્રત્યેનો પ્રેમ આપણી કાવ્યરસિકતા જેટલો છીછરો નથી હોતો. માછલાને પાણીની જેટલી આવશ્યકતા છે એટલી જ આવશ્યકતા ભીલોને માટે કુદરતી મોકળાશની છે.

સામાજિક સુધારાના આપણા કેટલાક ઉચ્ચમાં ઉચ્ચ આદર્શ તો ભીલ જાતિએ પોતાના જીવનમાં પહેલેથી જ ઉતારેલા છે. અમુક સામાજિક શક્તિ એમનામાં સુપ્તરૂપે પડેલી છે. સ્વાભાવિક પરિસ્થિતિમાં ભીલ નિખાલસ, દિલદાર અને પ્રેમાળ હોય છે. એની મોટામાં મોટી મુશ્કેલી એ છે કે રીઢા સમાજમાં એને ભળતાં આવડતું નથી. રીઢા સમાજને એ સમજી શકતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. બની શકે તો એ આપણા સમાજને ટાળવા ઇંતેજાર હોય છે પણ જીવનકલહમાં એ બિચારો આપણી જીવનપદ્ધતિની અથડામણમાં આવ્યા વગર રહેતો નથી. બચી જવા માટે જે ઉપાય એ યોજે છે તે આપણી જીવનપદ્ધતિમાં ભળતા ન હોવાથી એ વધારે મુંઝાય છે. એટલે ભીલની કેળવણીમાં મુખ્ય અંશ તો આપણી જીવનપદ્ધતિ સાથે એનો ઉત્તમ પરિચય કરાવવો એ છે.

છતાં આમ કરવામાં આપણે એક રીતે ઈશ્વરનો ગુનો કરીએ છીએ એ ભૂલી ન જઈએ. ઈશ્વરે ભીલસંસ્કૃતિને પોતાની રચનામાં સ્થાન આપ્યું. એ સંસ્કૃતિને રહેવા દેવા જેટલી નિઃસ્પૃહ તટસ્થતા આપણામાં નથી, એટલે એને વટલાવ્યે જ છૂટકો. ભીલોને આપણા જેવા કરીને જ આપણે રહેવા દઈશું; એમને સુખી પણ કરીશું; ભીલ વ્યક્તિઓ પ્રત્યે આપણો દયાભાવ ખીલશે; છતાં ભૂલીએ નહિ કે ભીલસંસ્કૃતિનો તો આપણે નાશ જ કરવા બેઠા છીએ.

સાચા સમાજસુધારકની દીર્ઘદૃષ્ટિ આપણામાં જો હોય તો આપણે ભીલસંસ્કૃતિનાં ઊંડાં પ્રાણતત્ત્વનો નાશ નહિ કરીએ. આજથી જ એનો સૂક્ષ્મ વિચાર કરી એ તત્ત્વો બચાવવાનો અને ભવિષ્યના વધારે સારા જમાના સુધી ટકાવવાનો પ્રયત્ન કરીશું.

ભીલ લોકોનું જીવન તપાસતાં એમનું જીવનતત્ત્વ, એમનો જીવનરસ, એમનાં સંગીત અને નૃત્યમાં રહેલો હોય એમ લાગે છે. ભીલને એના સંગીત અને નૃત્યમાં કેટલો આનંદ આવે છે એ આપણે જોઈ શકીએ છીએ, પણ નૃત્યસંગીતમાં એને કઈ જાતનું સુખ થાય છે એ આપણે સમજી શકતા નથી. કોઈ ભીલ બાળક મોટું ઢોલકું ગળામાં બાંધી કલાકોના કલાક સુધી એકલોએકલો ગાતો ને નાચતો રહે એ દૃશ્ય પાછળ રહેલો એનો જીવનાનન્દ આપણે સમજીએ છીએ એમ ન કહી શકાય. આપણો સંગીતનો સ્વાદ જીવનનો ખોરાક નથી પણ કેવળ મસાલા જેવો છે. આપણે એમની ભાવના સમજતા નથી એટલે એને જંગલી કહી મગજમાંથી કાઢી નાંખીએ છીએ.

અંગ્રેજ લોકોએ સંસ્કૃત ભાષા અને સાહિત્યની શોધ કરી તે પહેલાં તેમને માટે આખી સંસ્કૃત–સંસ્કૃતિ હસ્તીમાં જ નહોતી. વિચિત્ર લોકોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચિત્ર વહેમોથી ભરેલું આ કાંઈક જંગલી સાહિત્ય છે એમ માનીને તેઓ ચાલતા હતા. જેમ જેમ તેમણે સંસ્કૃતનો અભ્યાસ કરવા માંડ્યો તેમતેમ એમણે જોઈ લીધું કે મનુષ્યજીવનની આખી સમૃદ્ધિ એમાં રહેલી છે, એટલું જ નહિ પણ ભારતીય સંસ્કૃતિ એટલી તો વિશાળ, ઊંડી અને સ્વતન્ત્ર છે, કે હવે પછી ભારતીય નજરે જીવન નિહાળી-તપાસી મનુષ્યજાતની યાત્રાની દિશા ફેરવવી પડશે.

ભીલ જેવી પછાત ગણાતી જાતિમાં જે નૃત્યસંગીત રહેલાં છે એની રસિકતા, એનો આનંદ અને એની પુષ્ટિ જે દિવસે આપણે જાણીશું તે દિવસે વખતે આપણને થશે કે આ વસ્તુ તદ્દન સ્વતન્ત્ર અને ભાવવાહી છે; એ વસ્તુ એમના જીવનમાં રહેવા ન દઈએ તો એમનું જીવન એટલા પ્રમાણમાં ઊણું અથવા દરિદ્રી ગણાય.

આજે આપણે એ બધું સમજી શકતા નથી એટલા માટે આપણું ઓછામાં ઓછું એટલું કર્તવ્ય છે કે એ નૃત્યસંગીતને આપણે મરવા ન દઈએ; એને ટકાવવા માટે જેટલી અનકૂળતા કરી આપવી ઘટે તેટલી જરૂર કરીએ. ભીલોને રીઢા જીવનમાં વટલાવતા પહેલાં એમનું આ વૈશિષ્ટ્ય ટકે એટલી કાળજી આપણે રાખવી જોઈએ. ભારતીય જીવનદૃષ્ટિની અસર જેમ ઇસ્લામ અને ખ્રિસ્તીધર્મ પર થવા લાગી છે તેમ ભીલોના જીવન-રસની કોક વખતે આપણા પર થાય પણ ખરી. એ જાતિ આજે બાળકદશામાં છે. દુનિયાની પ્રતિભાશાળી વ્યક્તિઓ એમની બાળકદશામાં ઘણીવાર અસહાય અને અણઘડ જેવી લાગે છે. એ અણઘડ સ્થિતિમાં જ પ્રતિભાનો વિકાસ શક્ય હોય છે. એવી જ રીતે ભીલજીવનના અણઘડપણામાં આપણી સંસ્કૃતિને તદ્દન સ્વતન્ત્ર અને અકલ્પિત ઓપ આપવાની શક્તિ વખતે હોય. આપણે સંસ્કારી છીએ, પણ તેથી જ કંઈક અંશે ક્ષીણવીર્ય પણ છીએ. જંગલી કોમો પાસે આપણા સંસ્કારો ન હોય, પણ આખા જીવન પ્રત્યે નવી નજરે જોવાની વૃત્તિ અને તાકાત હોઈ શકે છે અને પ્રાણશક્તિ વપરાઈ ન ગયેલી હોવાથી જ્યારે એ ચડવાનો પ્રયત્ન કરશે ત્યારે હનુમાનની પેઠે મોટાંમોટાં ઉડ્ડયનો દુનિયાને બતાવે તો તેમાં આશ્ચર્ય શું? ખાણમાંથી નીકળતા કાળામેશ કોલસામાં કેટલી અગ્નિશક્તિ રહેલી છે એ જ્યાં સુધી આપણે જાણતા ન હતા ત્યાં સુધી એની આપણે કેટલી કદર કરી હોત?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીલ લોકોના સંગીત અને નૃત્યમાં જે તાલ રહેલો છે તેની શરીરના વ્યાપાર પર અને જ્ઞાનતંતુઓ પર અસાધારણ અસર થાય છે એ આપણે જાણીએ છીએ. પ્રાણાયામ દ્વારા જેમ માણસ વજ્રકાય બની શકે છે તેમ વિશિષ્ટ જાતના સંગીતથી અને તાલબદ્ધ હાવભાવથી સામાન્ય શરીરમાંથી અસામાન્ય કામ કઢાવવું શક્ય છે, એટલું સ્વીકારતાં મુશ્કેલી ન પડવી જોઈએ. પણ એ શક્તિ કઈ દિશામાં ખીલશે એ આજે આપણે કહી શકતા નથી. સંગીતનૃત્યનો દાખલો કેવળ નમૂના તરીકે અહીં લીધો છે. ભીલોનું જીવન અને એમનો જીવનરસ આપણે ખૂબ આદરપૂર્વક તપાસવાં જોઈએ. અને એમાં ભારે ફેરફાર કરતાં પહેલાં સરજનહાર જીવનસ્વામીથી બીને, એની રચના અને યોજનાની ગૂઢતા ધ્યાનમાં રાખીને આપણે ચાલીએ એ જરૂરતું છે.

—દત્તાત્રય બા. કાલેલકર
'જીવન અને સંસ્કૃતિ'માંથી

૮

પુત્રસમોવડી

શુક્રાચાર્ય : કેમ બેટા, કચને બધું બતાવ્યું ?

દેવયાની : હા પિતાજી.

શુક્રાચાર્ય : બેટા, યાદ રાખજે કે મારા કટ્ટા વેરીનો એ પુત્ર છે, તને લલચાવે નહિ.

દેવયાની : પિતાજી, એ સારો માણસ છે.

શુક્રાચાર્ય : (લાડથી) એ સારો માણસ છે ને તું સારી સ્ત્રી છે. પણ વેરીઓ હસે એવું કાંઈ કરતી નહિ.

દેવયાની : (ગળે વળગીને) એવું બોલો છો ? હું તમારી હાંસી કરાવું ? (શુક્રાચાર્યને ગળે હાથ ફેરવે છે.)

શુક્રાચાર્ય : (મૃદુ અવાજે) બેટા, આજે તું મારું સર્વસ્વ છે—મારી લાકડી ને મારી આશા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવયાની : (હોંશથી) હું છું ને રહીશ–તમારું સર્વસ્વ.

શુક્રાચાર્ય : છે ખરી—(નિઃશ્વાસ નાખીને) રહેશે કે કેમ તે કોણ કહી શકે ? ના, ના, બેટા...(દેવયાનીને દૂર ધકેલી) તને એક ભાઈ હોત...

દેવયાની : (સજલ નયને, શુક્રાચાર્યને આલિંગી, તેમના મોઢા પર હાથ ફેરવતાં) બાપુ, આવું કહો છો ? હું પુરુષથી સબળ છું, વીરથી બહાદુર છું. હું શસ્ત્રાસ્ત્ર વાપરી જાણું છું. (શુક્રાચાર્યની આંખમાંથી આસુ સરતાં જુએ છે.) બાપુ, બાપુ, આ શું ? આ શું ? ભાર્ગવશ્રેષ્ઠ, તમારી આંખમાં આંસુ ? બાપુ, ઓછું આવે છે ? છોકરો હોત તો વધારે શું કરત ?

શુક્રાચાર્ય : (દેવયાનીના માથાના વાળ સમારી) તું એ ભેદ નહિ સમજે.

દેવયાની : (શુક્રાચાર્યના ખભા પર હાથ મૂકી) ભેદ સમજાવો; કાંઇ ભેદ નથી.

શુક્રાચાર્ય : (આંસુ લૂછી) છોકરી, કન્યા તે વરની. તારો વર આવશે ત્યારે બાપ અકારું ઓઠું થઈ પડશે. ત્યારે તારા વરની આશા ને ઉત્સાહ તારાં થશે; ત્યારે તેના સુખે તું સુખી ને તેના દુઃખે તું દુઃખી થશે; ત્યારે મારું જીવન પ્રેરણાવિહોણું થશે ને મારા મંત્રનો લોપ થશે.

દેવયાની : (હેતના ઉમળકાથી) ના, ના, બાપુ, હું તમને કદિ વીસરું, કોઈ દહાડો ?

શુક્રાચાર્ય : (ડોકું ધુણાવી) સરિતા પર્વતથી ઊતરે, પાછી ચડે નહિ. બેટા, તું પુત્ર હોત તો બીજામાં તારો લોપ થાત નહિ. મારું નામ તે તારું, માત્ર પૂર્વજો તે તારા, મારી કીર્તિ તે તારી રહેત. તું તો મારી છાયામાં માત્ર ફાલે છે ને ફાલશે; તે મારી આછી થતી છાયાની અભિવૃદ્ધિ કરત. તને આજે મારું જીવનરહસ્ય સમજવાની ઉત્કંઠા નથી, તું પુત્ર હોત તો ઉકેલવામાં મચ્યો રહેત.

દેવયાની : મને પણ ઉત્કંઠા છે, હું પણ તેમાં મચી રહેવા માગું છું.

શુક્રાચાર્ય : પુત્ર કરે એ પુત્રીથી કદી ન થાય. (ગર્વથી) આજે હું–કવિ ઉશનસ્–એકલો–મારા પોતાના જીવનનો વિધાતા, શકિત ને સંજીવનીનો સ્વામી, સર્વભક્ષી દેવોની ભક્તિનો રોધક, આ બધાની અધમતાની આડે ઊભો છું–મુકિતમંત્રો ઉચ્ચારતો ને શીખવતો. (ગળગળો થઈ) પણ જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું નિર્ગત ને નિર્બલ બનીશ ત્યારે મારા મન્ત્ર પણ મને પ્રેરણા આપનાર નહિ હોય. જ્યારે હું પંચત્વ પામીશ ત્યારે કોઈ કાવ્ય મારા વિજયધ્વજથી સૃષ્ટિને સ્વાતંત્ર્યસંગ્રામે નહિ આકર્ષે (ધ્રુસકાં ભરે છે).

કચ : (આવીને, સ્વગત) આ શું ? (છુપાઈ ને ઊભો રહે છે.).

દેવયાની : પિતાજી, પિતાજી, ક્ષમા કરો, પણ તમારા સર્વદર્શી નયન પર અત્યારે ઝાંખ આવી છે. હું સ્ત્રી છું, પણ પિતામહનાં અગ્નિ ને માતામહનાં વજ્રનું બનેલું મારું હૈયું છે અને ગુરુઓના ગુરુ ઉશનસ્‌નું રુધિર મારી રગે રગે ઊછળે છે.

શુક્રાચાર્ય : બેટા, અત્યારે જ્યાં સુધી માલિક આવ્યો નથી ત્યાં સુધીની એ તારી ભ્રમણા છે.

દેવયાની : (આંખોમાંથી તેજ ખેરવતી) ના. પિતાજી, તમે મારા વિધાતા, ગુરુ ને ઈશ્વર છો. તમારા હેતે હું ઊછરી, તમારે મન્ત્રે હું પ્રેરણા પામી, તમારું નામ ને તમારી કીર્તિ મારાં છે. તમારા મિત્ર ને તમારા દ્વેષી પણ મારા છે.

શુક્રાચાર્ય : (હર્ષથી, દેવયાની સામું જોઇને) ખરેખર ?

દેવયાની : હા, પિતાજી. (તેની આંખો ચમકે છે.) આજે ને હવે પછી—તમારો શબ્દ તે જ મારાં શાસન; તમારી આશા તે જ મારું ધ્યેય. સ્વાતન્ત્ર્યમૂર્તે, તમારાં પરાક્રમોનાં સ્મરણો મારા શ્વાસ ને પ્રાણ છે.

શુક્રાચાર્ય : (ભેટીને) દેવયાની—

દેવયાની : હું છું ત્યાં સુધી પિતાજી, તમારાં પરાક્રમ ને કીર્તિ અખંડિત રહેશે, અને જુલ્મના પાશધારીઓ કાંપશે.

કચ : (સ્વગત) ઓ !

શુક્રાચાર્ય : (ફરીથી આંસુ લાવી) હું શું સાંભળું છું ? આ પુત્રી બોલે છે કે પુત્ર ?

દેવયાની : શ્રદ્ધા રાખો બાપુ, કોઇને નથી એવી પુત્રી તમારી છે; એ પુત્રી છે તે અનેક પુત્રને વિસારે પાડશે.

શુક્રાચાર્ય : (દેવયાનીને છાતી સરસી ચાંપીને ઊંચું જોતાં ગળગળા થઇને) બેટા, તારાં વચન સિદ્ધ કર, ને મારું જીવન કૃતકૃત્ય કર. (ભેટે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવયાની : (ઝનૂનભરી આંખે પર્વતશૃંગોને જોતાં) ઇંદ્ર! વાચસ્પતિ! સાંભળો, કવિ ઉશનસ આજથી અપુત્ર નથી. (આંસુ લૂછતા શુક્રાચાર્યને લઈ જાય છે.)

કચ : (ફિક્કો ને કાંપતો) ને પૂજ્ય વાચસ્પતિની આજ્ઞા છે કે આને પરણી મારે સ્વર્ગે લઈ આવવી! (ડોકું ધુણાવે છે.) આ મારી સહધર્મચારિણી! ઓ દેવાધિદેવ, આભ તૂટશે, પૃથ્વી રસાતાળ જશે ને સ્વર્ગ વેરાન થશે. (ડોકું ધુણાવી વિચારમાં પડે છે.)

—કનૈયાલાલ માણેકલાલ મુનશી
'પૌરાણિક નાટકો'માંથી

૯

ભૈયાદાદા

રંગપુરના નાના સ્ટેશન પર ત્રણ માણસો અધિકારીના જેવી તોછડી ઢબથી ઊભા હતા. દૂરથી આવેલા ગામડિયાઓ, પરગામના ઉતારુઓ અને પ્રથમ જ ગાડીમાં મુસાફરી કરવા આવેલી કેટલીક સ્ત્રીઓ, સૌમાં તરી નીકળે એવા આ ત્રણ ગૃહસ્થો તરફ વારંવાર જોઈને, કૈંક છાની વાતો કરી લેતાં હતાં.

'પણ એ જગ્યાએ સાંધાવાળો કોણ છે?' પોતાની સાહેબશાઈ ટોપી હાથમાં ફેરવતાં ફેરવતાં એક જુવાને પ્રશ્ન કર્યો. એની પ્રશ્ન કરવાની ઢબથી એમ લાગતું હતું કે તે સૌમાં વડો હતો.

લાંબા સુકાઈ ગયેલા મોંવાળા એક પ્રૌઢ માણસે વિનયથી જવાબ આપ્યો : 'સાહેબ! ત્યાં પચીસ વર્ષથી એક જ માણસ રહે છે.'

'પચીસ વર્ષ!'

ત્રીજો માણસ, જે ન કારકુન કે ન અધિકારી જેવો—વચ્ચેની સ્થિતિનો લાગતો હતો, તેણે મોં મલકાવી હા પાડી.

'અને એ માણસ પાસેથી તમે નિયમિત કામની આશા રાખો છો?' જુવાન અધિકારીએ પોતાની નેતરની સોટી જમીન સાથે ભરાવીને વાંકી વાળતાં વાળતાં કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્નેમાંથી કોઈએ જવાબ આપ્યો નહિ. અંતે પેલો કારકુન જેવો બોલ્યો : 'સાહેબ વૃદ્ધ માણસ છે. આજ પચીસ વર્ષે ક્યાં જાય ? આપણે જ નિભાવ્યે છૂટકો.'

જુવાન અધિકારીના હોઠ સખ્તાઈમાં જરા દબાયા. સોટીથી એક કાંકરો આઘે ઉડાડી તે બોલ્યો : 'આપણે માણસ સાથે કામ નથી, કામ સાથે કામ છે. ક્યાં જાય એ જોવાનું એને રહ્યું; કેવું કામ કરે છે એટલું જ આપણે જોવાનું છે.'

કારકુનનો લાંબો અને નિસ્તેજ ચહેરો જરા વધારે નિસ્તેજ બન્યો. એનું હૃદય કૈંક નિખાલસ હતું. પંદર વર્ષનો હતો ત્યારથી તે કારકુન રહ્યો હતો. તેણે કાળાંધોળાં કરીને તો નહિ, પણ અનેક અધિકારીઓની નીચે અનેક સ્વભાવ રાખીને શિરસ્તેદારી મેળવી હતી. એટલે એનામાં પોતાનું તેજ કે પ્રભાવ તો ન હતાં, છતાં સારો સ્વભાવ હોવાથી સારું કરવા તરફ વલણ રહેતું. સાહેબના હોઠની સખ્તાઈ જોઈ એ વધારે નરમાશથી બોલ્યો : 'ભૈયો બદ્રીનાથ ત્યાં પચીસ વર્ષથી નોકરી કરે છે.'

'એની ઉંમર કેટલી છે ?'

'હશે...આશરે સત્તાવન–અઠ્ઠાવન.'

'ત્યારે એ કામને માટે નાલાયક છે.' સાહેબે ફેંસલો આપ્યો. સાહેબના મગજમાં અત્યારે અધિકારનું તોફાન છવાયું છે એ ચતુર શિરસ્તેદાર સમજી ગયો, અને તેથી બીજી વખત સમજાવાશે એમ વિચારી તે શાંત રહ્યો.

એવું બન્યું હતું કે રંગપુરના સ્ટેશનથી આશરે બેએક માઈલ દૂર રેલવેની સડક જાહેર સડકને કાપીને જતી હતી. એટલા માટે એ ક્રૉસિંગ આગળ રેલવે સત્તાવાળાઓએ એક ઓરડી બાંધી ત્યાં એક માણસ રાખ્યો હતો. બદ્રીનાથ ભૈયો આજે પચીસ વર્ષ થયાં, એ ના એ જડ જબરજસ્ત લાકડાને ગાડી આવવાને વખતે આડું ઠસાવતો અને ગાડી જાય એટલે ઊભું કરતો. પણ થોડા વખત પહેલાં એની સરતચૂકથી એક અકસ્માત થતો રહી ગયો હતો. રંગપુરના સ્ટેશન પર ટ્રાફિક સુપરિન્ટેન્ડન્ટ, ટ્રાફિક ઈન્સ્પેક્ટર અને શિરસ્તેદાર આજે એ જ વાત કરી રહ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં સ્ટેશન પર ગાડી આવી, ને સાહેબ પોતાના ડબ્બામાં ગોઠવાઈને બેઠા. બેસતાં બેસતાં પણ એના તુંડમિજાજી સ્વભાવને આનંદ આવતો હોય તેમ વારંવાર કારકુન સાથે એની એ વાત કરતા હતા : 'એ જગ્યાએ કોઈ અનુભવી અથવા છેવટે ચપળ માણસ નીમવો પડશે.'

તેના છેલ્લા શબ્દો ગાડીની સીટીમાં ડૂબી ગયા. બન્ને નીચલા અધિકારીઓએ સલામ કરી ને ગાડી રવાના થઈ ગઈ.

શિરસ્તેદાર વિનાયકરાવ હમેશાં ગામની એ સડકે બેત્રણ માઈલ ફરવા જતો. એની રૂપાના હાથાવાળી લાકડી, જૂનો જાળવી રાખેલો રેશમી દુપટ્ટો, દક્ષિણી પાઘડી ને ચંપલ આ રસ્તા પર છેલ્લાં દસ વર્ષ થયાં નિયમિત મુસાફરી કરતાં. બદ્રીનાથની ઓરડીએ જઈ તે બે ઘડી બેસે ને રાવસાહેબને આવેલા જોઈ ભૈયો પણ પોતાની નાનીશી વાડીમાંથી બહાર નીકળી ઠંડું પાણી ભરી પાસે મૂકે, પછી બન્ને પરદેશીઓ સુખદુ:ખની વાતો કરે ને એમ હમેશાં સાંજ વીતી જાય.

આજે પણ સાંજે વિનાયકરાવનાં મંદ પગલાં એ તરફ વળતાં હતાં. ધીમેધીમે એ ત્યાં પહોંચ્યો ને ભૈયાને ન જોઈ, કંઈક આરામ પામી, પોતાના હમેશના ઓટલા પર બેઠો. ઊંડો વિચાર કરતો તે ભૈયાની સુંદર કૃતિ જોઈ રહ્યો હતો. ભૈયાએ પોતાની ઓરડીની પાછળ વાડા જેવું કરી એમાં ગલ, ગલગોટા, કરેણ, કેળ ને પપૈયાં વાવ્યાં હતાં. એક કારેલીનો ને એક વાલોળનો એમ બે માંડવા પણ બનાવ્યા હતા. ઓરડીના બારણા પાસે થોડાક મરચીના રોપ, અજમો, કોથમીર ને તુલસીના કયારા હતા, અને આગળના ભાગમાં બેચાર નાનાંનાનાં ઝાડવાં પર ફૂલવેલની જુદીજુદી જાત ચડાવી માંડવા જેવું કરી લીધું હતું. એની ચારે તરફ થોડાક વાંસ ખોસી ખપાટો બાંધી લઈ ભીંત બનાવી હતી અને નીચે જમીન પર ધોળી ફૂલ જેવી સ્વચ્છ ગાર કરી હતી. ભૈયાની એક બકરી આમાં બંધાતી હતી. વિનાયકરાવ ભૈયાનું ઘર અને તેનું કલાવિધાન જોઈ રહ્યો.

એટલામાં ભૈયાના ઘરમાંથી એક આઠદસ વર્ષની છોકરી બહાર નીકળી. વિનાયકરાવને જોઈ એ એકદમ પાછી અંદર ગઈ ને ભૈયાને કહ્યું : 'ભૈયાદાદા, બહાર તો કોઈક બેઠું છે!'

'કોણ છે?' કહી ભૈયો બહાર આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે આઠેક દિવસ થયાં તે જરાક અસ્વસ્થ હતો; તેમ જ વિનાયકરાવ પણ એકાદ અઠવાડિયું થયાં આ તરફ આવ્યા ન હતા, એટલે વિનાયકરાવ હશે એ ડોસાને યાદ રહ્યું નહિ. બહાર આવતાં જ તેણે વિનાયકરાવને જોયા.

'ઓહો! પાની, છોકરી! આ તો આપણા રાવસાહેબ છે. ઠંડા પાણી લાવો, ચલો!' અને ભૈયો પોતાની હમેશની ઢબથી વિનાયકરાવ પાસે જઈ બેઠો. બિલાડીનાં બેત્રણ બચ્ચાં એના વૃદ્ધ શરીરને ઘસાઈઘિસાઈને ફરવા લાગ્યાં.

વિનાયકરાવનું જિગર ચિરાઈ રહ્યું હતું. ભૈયાને આ જગ્યા પર કેટલો પ્યાર છે એનો ખરો ખ્યાલ આજે જ તેને આવ્યો. આસપાસ થોરની વાડ હોય, બાવળનું ઝાડ હોય કે બોરડીનો છોડ હોય, પણ દરેકે દરેક ઝાડને એ કલાવિધાનમાં પોતાનો ભાગ આપતું કરી ભૈયાએ બે ઘડી ઠરી જવાનું મન થાય એવી સુંદર નાનીશી વાડી બનાવી હતી.

પણ આજે તો તેણે એક નવું દૃશ્ય જોયું. ભૈયાએ વળી, કોઈક વાડીવાળાની છોકરીને પુત્રી જેવા લાડથી બોલાવી. રાવને આ દૃશ્ય નવીન લાગ્યું, કારણ કે પાનીને આજે જ તેણે જોઈ હતી.

'આ છોકરી કોની, ભૈયાદાદા?' આજે વિનાયકરાવ 'ભૈયા' એમ ન કહી શક્યો.

'આ વાડીવાળાની છે. બિચારી આઠ દિવસ થયાં બકરી દોહી દે છે. ઈશ્વર એનું કલ્યાણ કરે!'

પાની ઠંડા પાણીનો ચળકતો લોટો લાવી હતી. નાની આઠદસ વર્ષની છોકરીની આંખમાં કાજળ એવું સુરેખ આવી રહ્યું હતું કે વિનાયકરાવ ની દૃષ્ટિ ત્યાં ચોંટી ગઈ.

'ભૈયાદાદા! હવે જાઉં છું હો!'

'ટીલાળીને દોહી?'

ટીલાળી ભૈયાની બકરીનું નામ હતું. ભોળા વૃદ્ધ ભૈયાએ ટીલું જોઈને તેનું નામ ટીલાળી પાડ્યું હતું. એવાં નામ માણસનાં પડતાં હોય તો માણસ પશુ કરતાં સારો લાગે! તેમ જ 'શબ્દો યથાર્થાક્ષરઃ' થાય.

'હા, ભૈયાદાદા.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઠીક જા, કાલે વહેલી આવજે હોં!'

પાની ચાલી ગઈ; પણ થોડી વાર ન થઈ ત્યાં પાછી ફરી: 'ભૈયાદાદા! ચાર દિવસ પછી દિવાળી છે; તમારે લાપશી ભરડાવવી નથી?'

વૃદ્ધ ભૈયો આનંદ પામ્યો. તે મીઠું હસી પડ્યો: 'મારે વળી લાપશી શી?'

'એમ કેં હોય, ભૈયાદાદા? સૌ જમશેજૂઠશે ને તમે કાંઈ નહિ કરો?'

વિનાયકરાવે નિઃશ્વાસ મૂક્યો.

'ઠીક લે, થોડાક ઘઉં લેતી જા; પણ બહુ જાડા ભરડતી નહિ હોં!'

'ના, દાદા! હું તો હવે ઝીણા ભરડું છું.'

પાની ગઈ. કણબીની એ નાની છોકરી ભૈયાને આટલી મમતાથી ચાહી રહી હતી તે વિનાયકરાવે આજે જ જાણ્યું. એણે ધીમેથી કહ્યું: 'ભૈયાદાદા! આ નોકરી તમે છોડી દો. હવે અવસ્થા થઈ કહેવાય.'

'હવે મારે કેટલાં વર્ષ કાઢવાં છે?' ભૈયાએ જવાબ વાળ્યો. 'બહુબહુ તો પાંચ.'

'એટલે જ કહું છું કે હવે ભજન કરો.'

'આજ આટલી અવસ્થાએ કોને આશરે જાઉં? છોકરો પ્લેગમાં ગયો; છોકરાની વહુ ભાગી ગઈ, હવે એકનું એક પેટ છે તે ભગવાન દેહ હાંકે ત્યાંસુધી કામ કરવું ને ખાવું.' બદ્રીનાથે જવાબ વાળ્યો. વિનાયકરાવનું અંતઃકરણ ભૈયાના જવાબથી વધારે ને વધારે નરમ બનતું હતું.

તે જવા ઊઠ્યો ત્યારે એને ચોક્કસ લાગ્યું કે ભૈયાને એની વાડી પર મા કરતાંયે વધારે પ્રેમ હતો.

બીજે દિવસે ટ્રાફિક સુપરિન્ટેન્ડન્ટ બરાબર નિયમસર ઑફિસમાં હાજર થયા હતા, ને સામે પોતાનું શિર ઝુકાવીને વિનાયકરાવ ઊભો હતો.

'કેમ રાવ! તમે પેલા ભૈયા બદ્રીનાથની જગ્યાએ કોને ફેરવો છો? મેં જોયું કે એ ડોસો બધો વખત ઝાડવાં નીંદવામાં જ ગાળે છે!' સાહેબે પોતાની અવલોકનશક્તિથી અજાયબી પમાડવાની શરૂઆત કરી ને વાઘના જેવી તીણી આંખથી તે વિનાયકરાવ તરફ જોઈ રહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાવના મનમાં ભાંજગડ ચાલતી હતી. એક વખત તેના ખીસામાંથી રાજીનામાનો કાગળ થોડો બહાર પણ દેખાયો; પણ તરત જ એના હાથપગ ધ્રૂજવા લાગ્યા ને તેણે સાહેબ તરફ ઝૂકીને સલામ ભરી.

'વિનાયકરાવ!' બિલાડી ઊંદરને રમાડે તેમ સાહેબે રમત શરૂ કરી. 'તમે શું ઠરાવ્યું?'

વિનાયકરાવે વિચાર કર્યો ને અરધો જુસ્સામાં ને અરધો ગુસ્સામાં તે બોલ્યો: 'એ નહિ બને!'

સાહેબે હોઠ કરડ્યા: 'હેં!'

હમેશની ગુલામી—નિર્બળતા પોતાનું બળ જમાવવા લાગી. રાવના હોશકોશ ઊડી ગયા. પોતે ઉતાવળથી ભૂલ કરી તે એ સમજી ગયો. ફેરવી તોળવાની કળામાં તે પાવરધો હોવાથી તરત બોલ્યો: 'સાહેબ! એ તો હું બીજા જ વિચારમાં હતો. ભૈયા બદ્રીનાથની જગ્યાએ કાળુને ગોઠવવો ઠીક પડશે!'

'હા; અને ભૈયાને ચોવીસ કલાકની નોટિસ આપી દો!'

'બહુ સારું!' શિરસ્તેદાર નમીને સલામ ભરી બહાર ચાલ્યો ગયો.

તો પણ વિનાયકરાવે વૃદ્ધ ભૈયાને કૈંક મદદ કરી. બીજે દિવસે ભૈયાને સાહેબની હજૂરમાં લાવવા માટે તેણે એક ટપ્પો મોકલ્યો. ડોસો હાજર થયો. સાહેબ પોતાના ઓરડામાં અધિકારીના રુઆબથી એકલા જ અક્કડ બેઠા હતા. ભૈયાને જોતાં જ તે બોલ્યા: 'તુમ્હારા નામ ભૈયા બદ્રીનાથ?'

'જી, હાં, સાબ!'

'તુમ બડે બુઢ્ઢે હો ગયે. સરકારકી ખૂબ નોકરી કીઈ. અબ તો આરામ લીજિયે!'

'જી હા સાબ, ધોળાં નોકરીમાં જ આવ્યાં.'

'અચ્છા.'

ભૈયો તો એવી આશામાં હતો કે સાહેબ લાંબી નોકરી માટે કાંઈક ઈનામ આપવાની ગોઠવણ કરતા હશે. એટલામાં સાહેબે કાગળમાંથી મોં ઊંચું કરી તેના તરફ ફરી સમાચાર સંભળાવી દીધા: 'અચ્છા; તુમ વિનાયકરાવકુ મિલો. તુમ્હારા હિસાબ કરને કે લીયે હુકૂમ દીયા ગયા હે! અબ તુમ આરામ લીજિયે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વજ્રપાત થાય તેમ ભૈયો મૂઢ જેવો સાહેબ સામે ઊભો રહ્યો. પોતાની હદમાં અકસ્માત થતો બચી ગયેલો તે વાત તેને યાદ આવી. સાહેબ એટલા માટે પોતાનો બરતરફ કરે છે એ છેવટે સમજાયું તે ગળગળો બની ગયો. ‘ સાહેબ ! આજ હવે...’

સાહેબ બદ્રીનાથ તરફ જોઈ રહ્યો. બદ્રીનાથ એક ડગલું આગળ વધ્યો : ‘ સાહેબ ! હવે ઘરડેઘડપણ શા માટે ભવ બગાડો છો ? આજ હવે મને કોણ સંઘરે ? ’

‘ ડોસા ! દીકરો છે ને ? ’

‘ જી, ના; પ્લેગ... ’ બદ્રીનાથ વધારે બોલી શક્યો નહિ. ‘ મારું ઝૂંપડું ને ઝાડવાં એ જ છોકરાં છે. હવે છેલ્લાં બેચાર વર્ષ ત્યાં ગાળવા દો. ’

‘ એ ફૂલિશ સેન્ટિમેન્ટેલિસ્ટ ! (મૂર્ખ રોતલ) ’ સાહેબે ડોસાના શબ્દોને માનસશાસ્ત્રમાં જોખી જોયાં !

‘ ઠીક, ઠીક, એ વિચાર કરશું; જોશું. હમણાં જાઓ. ’

પણ ભૈયા બદ્રીનાથ તો વિનાયકરાવને મળ્યા વિના જ ધીમે પગલે પોતાને ઝૂંપડે ગયો. જે જમીન સાથે પચીસ વર્ષ બાળકની જેમ તે રમ્યો હતો તે જમીનને હવે થોડા દિવસ માટે છોડતાં એનું વૃદ્ધ હૃદય ધ્રૂજતું હતું.

બીજે દિવસે વિનાયકરાવ ફરવા ગયો. બદ્રીનાથની નોકરીનો એ છેલ્લો દિવસ હતો. ભૈયો ઓટલા પર જ વિનાયકરાવની રાહ જોતો હતો.

‘ કાં ? કાહીં હોઈલિ કા ? ’ એણે વિનાયકરાવને આતુરતાથી પૂછ્યું.

‘ નાહિ, તુમાલા જાવે લાગેલ. દુસરા મનુષ્યાચી નેમણૂક ઝાલી. ’

બદ્રીનાથ ગળગળો થઈ ગયો, પણ હિંમતમાં આવીને બોલ્યો : ‘ કાલે સવારે ? ’

‘ હા. ’

અને વિનાયકરાવ તરત જ ભૈયાના પગમાં પડ્યો !

‘ અરે, અરે ! રાવસાહેબ ! આ શું ? ’

‘ ભૈયાદાદા ! અહીંથી પરભાર્યા કાલે મારે ઘેર આવજો. મને તમારા છોકરા જેવો માની ત્યાં રહેજો. ’

‘ અરે રાવસાહેબ ! ’ ભૈયો ફિક્કું હસ્યો. ‘ એ તમારી ઉદારતા છે; પણ હું તો આટલામાં જ આ જમીન પાસે રહીશ. ’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનાયકરાવે ધાર્યું કે બીજે દિવસે ભૈયાદાદાને બરાબર સમજાવીશું. બન્ને ઊઠ્યા ત્યારે ભૈયો આંખમાં આંસુ સહિત વિનાયકરાવને ભેટી પડ્યો. બિલાડીનાં બેત્રણ બચ્ચાં તો વૃદ્ધ શરીર પાસે અટવાતાં જ હતાં.

'રાવસાહેબ ! આ તમને સોંપું છું હોં !' વૃદ્ધ એટલું જ બોલી શક્યો ને બન્ને છૂટા પડ્યા.

બીજે દિવસે સવારમાં દિવસ ન ઊગે ત્યાં તો વિનાયકરાવ આવ્યો હતો. પાની પણ બકરી દોહી લેવા હાજર થઈ હતી. વિનાયકરાવ ઓટલા પર બેઠો, કારણકે ભૈયો હજી બહાર આવ્યો ન હતો. અંતે થાકીને પાનીએ બારણું ખખડાવ્યું, પણ બારણું તો ખુલ્લું જ હતું.

'ભૈયાદાદા ! એ ભૈયાદાદા !' કણબીની છોકરીનો માયાળુ સ્વર એકાંત સીમમાં સ્પષ્ટ અસર કરતો રણકી રહ્યો.

'ભૈયાદાદા ! ચાલો ચાલો, ટીલડી દોઉં છું.'

પણ ભૈયાદાદાએ જવાબ આપ્યો નહિ.

પાની વધારે મોટે સાદે બોલી: 'અને આ તમારી દિવાળીની લાપશી, દાદા !'

હવે વિનાયકરાવ ઊઠીને ત્યાં આવ્યો. ઝૂંપડામાં અડગ ને અક્કડ વૃદ્ધ ભૈયાદાદા ઓઢીને નિરાંતે ઊંઘતા હતા. એના શરીરને ઘસીને બિલાડીનાં બચ્ચાં ખેલી રહ્યાં હતાં ને બકરીનાં બચ્ચાં છેક એની પથારી પાસે બેસી કરુણ સ્વરથી બેંબેં કરતાં હતાં.

વિનાયકરાવની આંખમાં આંસુ આવ્યાં ને તે અંદર ગયો.

પાની દાદાના શરીરને હલાવી હસતી હતી. અબઘડી ભૈયાદાદા, 'ઊભી રહેજે પકડું' કહેતા ઊઠશે એવા વિનોદની આશાથી છોકરી આનંદમાં હસતી હતી. વિનાયકે પાસે જઈ શરીર હલાવ્યું ને મોટેથી બૂમ પાડી: 'ભૈયાદાદા !'

ઝૂંપડીમાંથી કોઈ ન કાઢે માટે ભૈયાદાદા અડગ સૂતા રહ્યા.

વિનાયકરાવનો સાદ ફાટી ગયો, ને તેની આંખમાંથી આંસુ ખરવા લાગ્યાં. તે પાની તરફ ફરીને બોલ્યો :

'પાની ! બેટા ! ભૈયાદાદા બોલશે નહિ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને માની શકાય કે ન માની શકાય, પણ એ નાની છોકરીએ ભૈયાદાદાના શરીર પાસે જે રુદન કર્યું છે તે હજી જ્યારે સાંભરે છે ત્યારે મારા જીવનમાં વીજળીના જેવા આંચકા વાગે છે. અનંત સમય ને અગાધ આકાશ ભેદી એ સ્વર ફરીફરી અથડાયાં કરશે.

ભૈયાદાદાની વાડીમાં હવે કયારેય એવી સ્વચ્છતા રહેતી નથી. હોલા બેસતા, ચકલીઓ બોલતી ને કોયલ વાડ ને વેલાની અંદર ચાલી જતી એવી સૃષ્ટિ હવે ત્યાં નથી. કામ કરનાર આત્માને બદલે કામ કરનાર શરીર ત્યાં છે. વીસમી સદી કાવ્યમય જીવનને શું કરે? સંસ્થા વ્યક્તિના ખાનગી ભવ્ય જીવનને શું કરે? યંત્રવાદ નિયમિત જડત્વને બદલે રસમય ચૈતન્યને શું કરે? આ યંત્રવાદમાં એક વખત જગત પણ યંત્ર જેવું જ બની રહેશે.

—ધૂમકેતુ

'તણખા' મંડળ ૧લા માંથી

૧૦

સ્વ. સર રમણભાઈ

ઈ. સ. ૧૯૦૨ ની સાલમાં, અમદાવાદમાં, ભદ્રમાં આવેલ સ્વ. મુ. રણજિતરામના ઘરને બીજે મજલે કઠેરામાં એમનું પુસ્તકાલય હતું. ફેશનેબલ બુકકેસો કે કાચનાં બારણાંવાળાં કબાટોને બદલે પુસ્તકો જૂના કરંડિયામાં અને દેવદારનાં જીર્ણ પેટિયાંઓમાં ભરવામાં આવ્યાં હતાં. આ પુસ્તકો સાફ કરીને, તેમને કાંઈક વધુ નિયમિત અને વ્યવસ્થાપૂર્વક ગોઠવવાનું કાર્ય મેં માથે લીધું, જેના બદલામાં એ બધાં પુસ્તકો તેમ જ ચોપાનિયાં વાંચવાની મને રજા મળી. નારાયણ હેમચંદ્રનાં થોકડાબંધ પુસ્તકો એમાં હતાં તે વંચાઈ રહ્યાં, સાફ થઈ રહ્યાં અને ગોઠવાઈ પણ રહ્યાં. પછી બીજાં પુસ્તકો લેવાયાં. એ બધાં પૂરાં થયાં કેડે ચોપાનિયાંનો વારો આવ્યો—સુદર્શન, વસંત, બુદ્ધિપ્રકાશ અને જ્ઞાનસુધાનો. ત્યાંસુધી હું સ્વ. રમણભાઇને એક સુધારક નેતા તરીકે નામથી જાણતો; એ જ્ઞાનસુધાના તંત્રી છે એટલી પણ મને ખબર ન હતી. જ્ઞાનસુધાની ફાઈલમાંથી મેં 'ભદ્રંભદ્ર' વાંચ્યું અને ભદ્રંભદ્રની સાથે રમણભાઇનો પરિચય પણ—હાસ્યરસના લેખક તરીકેનો—એ વખતે મને થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભદ્રંભદ્ર અને અંબારામની ઓળખાણ થઈ તે પહેલાં હાસ્યરસનું મેં માત્ર એક જ શિષ્ટ પુસ્તક વાંચેલ અને તે નવલરામનું 'ભટ્ટનું ભોપાળું.' તે અરસામાં બીજાં નવાં હાસ્યનાં પુસ્તકો નહિ જેવાં જ હશે એમ હું ધારું છું. 'ભટ્ટનું ભોપાળું' મને ઘણું ગમ્યું હતું અને નવલરામે એ જ નાટક લખીને હાસ્યરસના પ્રદેશમાં વિચરવાનું શા માટે છોડી દીધું હશે એમ મને નિરંતર સવાલ ઊઠ્યાં કરતો.

પરંતુ રમણભાઈના સંબંધમાં પણ એમ જ બન્યું એમ કહીએ તો ખોટું છે? એમની એ દિશામાં રહેલ શકિતના પ્રમાણમાં એમણે ઝાઝું લખ્યું તો નહિ જ કહી શકાય. પરંતુ એનું કારણ જેમ પોતે પોતાના હાસ્યરસના નિબંધમાં લખે છે તેમ પણ ન હોય? પોતે લખે છે:

'સાહિત્યના આરંભકાલમાં હાસ્યરસનો પ્રયોગ બહુ ઓછો થાય છે તેનું કારણ એ છે કે આનંદમય કલ્પનામાં અને ઊંડા તત્ત્વચિંતનમાં ગૂંથાયેલા મનને હાસ્ય સાથે ગંભીરતા સાચવવી કઠણ પડે છે.'

કે પછી સાહિત્યમાં હાસ્યરસને (ખાસ કરીને આપણા સાહિત્યમાં) બીજા રસો કરતાં કાંઈક ગૌણ સ્થાન છે એમ એમને અનિચ્છાએ પણ લાગ્યા કરતું હોય!

એ સમયમાં માત્ર 'ગુજરાતી'માં બીરબલ પોતાના 'ભરકટોરા રંગ'માં પોતાના વ્યકિતત્વથી છલોછલ અને કટાક્ષયુક્ત તેમ જ વ્યાજસ્તુતિ ભર્યો હાસ્યરસ રેલાવી રહ્યો હતો. પારસી છાપાંઓમાં તેમ જ પુસ્તકોમાં હાસ્ય નજરે ચઢતું પણ તેમાં બહુધા 'wit' (નર્મ) જોવામાં આવતી. તે સિવાય કોઈ પણ માસિકમાં હાસ્યરસને સ્થાન ન હતું એમ ધ્યાનમાં છે. અલબત, કોઈક કોઈક વખત કોઈક કોઈક નાના નાના હાસ્યરસિક લેખો કે 'સ્કેચો' અવારનવાર દેખા દેતા હતા. આમાં અપવાદ માત્ર 'જ્ઞાનસુધા' મનાતું. ભદ્રંભદ્રના લેખકના તંત્રીપદથી ચાલતા આ નાના, નિરંતરના અનિયમિત માસિકમાં જ હાસ્યરસનો ઝંડો ઊડતો રાખવામાં આવતો. એ માસિકમાં જ હાસ્યરસના લેખોને અને લેખકોને કાંઈક માનસહ દાખલ થવાની રજા હતી. બાકી જ્યાં જ્યાં હાસ્યરસના લેખો સ્વીકારાતા ત્યાં ત્યાં લેખકો 'On sufferance' હોય એમ જણાતું. જ્ઞાનસુધા પછી વર્ષો વીત્યા બાદ સ્વ. હાજી મહમદે પોતાના 'વીસમી સદી' માં હાસ્યરસને વધારે માનપૂર્વક સત્કાર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાર કેડે તો અનેક હાસ્યરસકારોના પ્રયાસથી અન્ય રસોના જેટલાં જ માન અને પ્રતિષ્ઠા હાસ્યરસે પ્રાપ્ત કર્યાં એની નોંધ લેવી જોઇએ.

ભદ્રંભદ્ર વાંચ્યું અને થોડા જ સમયમાં ત્યાંની 'સોશ્યલ ઍંડ લીટરરી એસોસીએશન'નો વાર્ષિક સમારંભ ઉજવાયો. મુ. ગટુભાઇને (ગટુલાલ ગોપીલાલ ધ્રુ) હું થોડો ઓળખતો થયો હતો. તેમની તથા સ્વ. રણજિતરામ અને મુ. જયસુખલાલની સાથે હું ત્યાં ગયો. રમણભાઈ ત્યાં તેમની બે પુત્રીઓ (જ્યોત્સ્ના મહેતા, બી. એ., અને સરોજિની મહેતા, એમ. એ.) સાથે આવ્યા હતા, તેમને મેં પહેલવહેલા જોયા. તે પછી ૧૯૦૮ ની સાલમાં મેં જ્ઞાનસુધામાં મારો પહેલો હાસ્યરસનો અખતરો પ્રસિધ્ધ થતાં જોયો. ૧૯૧૦ ની સાલથી હું એ માસિકનો લગભગ નિયમિત લેખક થયો અને તે સંબંધ ઠેઠ જ્ઞાનસુધા મૃત્યુશરણ થયું ત્યાં સુધી ચાલુ રહ્યો. આ ઉપરાંત, ૧૯૧૦ થી ૧૯૧૬–૧૭ સુધી વર્ષમાં એક વાર ગટુલાલને ત્યાં વણનોતર્યા પણ હમેશના આવકાર પામતા પરોણા તરીકે મારે જવાનું થતું. ત્યાં ગટુભાઈનાં માતાપિતાના સ્નેહ અને હેતનો દુરુપયોગ કરીને પણ જ્યોત્સ્ના, સરોજ, કુંજવિહારી અને સ્વ. ચંદ્રકાંત નીલકંઠ વગેરે સાથે તોફાનમસ્તીનાં પ્રચંડ ધીંગાણાં મચાવ્યાં હતાં. અમારી દરેક રમતમાં અવાજ એ જ આવશ્યક અને લાક્ષણિક ગુણ મનાતો એટલે પરિણામ કેવું થતું હશે એનો ખ્યાલ કદાચ અત્યારનાં જુવાન વિદ્યાર્થિનીઓ–વિદ્યાર્થીઓને નહિ પણ આવી શકે. આ સમયમાં વિદ્યાબહેન શારદાબહેન વગેરે વડીલોના સમાગમમાં હું ઘણો આવ્યો પણ કોણ જાણે શાથી, હાસ્યરસનો દીન પણ દૃઢ ભક્ત હોવા છતાં રમણભાઈ સાથે નિકટ પરિચયમાં ન આવી શકયો. કદાચ, બાલ્યવયમાં જ ભદ્રંભદ્રે જે પ્રભાવ મારા ઉપર પાડી દીધો હતો તેને પરિણામે હું એમની સાથેના સમાગમમાં દૈન્યગ્રન્થી('Inferiority complex')થી પીડાતો હોઈશ; કદાચ, મારા જીવનમાં ઘણી વાર બન્યું છે એ પ્રમાણે મારી આકૃતિ વય વધતાં પણ છોકરવાદ જ રહી ગઈ છે એને લઈને એમને હું બાલક અવસ્થામાંથી આગળ વધેલો લાગ્યો જ ન હોઉં; કે પછી તે જમાનામાં મનાતી સાક્ષરોને છાજતી વર્તણૂક (સાહિત્ય સંબંધી ચર્ચા અતિ ગંભીર મુખે અને કાંઈક દુઃખભર્યા સાદે કલાકોના કલાકો કર્યાં કરવી વગેરે) મારામાં જરાયે ન હતી એથી પણ એવું પરિણામ બનવા પામ્યું હોય. ગમે તે હો પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટઆટલાં વર્ષોના અનુકૂળ સંજોગો છતાં મારે એમનો પરિચય પરોક્ષ રીતે જ રહ્યો—પ્રત્યક્ષ નહિ.

કેટલીક વ્યક્તિઓ, કોઈ ઈશ્કીના રૂમાલમાં ઘાલેલ ઝમઝમાટ વાસ આપતા 'સેંટોના રાજા' જેવી બલાત્કારે પણ જ્યાં પોતે હાજર હોય ત્યાં પ્રભાવ પાડ્યા વિના રહેતી નથી; ત્યારે કેટલીક વ્યક્તિઓ કોઈ લજ્જાવતી સુંદરીના કેશકલાપમાંથી ફોરતી આછી આછી સુવાસની પેઠે અદૃશ્ય રીતે વાતાવરણમાં પ્રસરી રહે છે. રમણભાઈ પહેલા વર્ગના નહિ પણ બીજા વર્ગના હતા એમ મારો એમનો અનુભવ કહે છે.

જ્યારે ભદ્રંભદ્ર મારા વાચવામાં આવ્યું ત્યારે સનાતની અને સુધારક પક્ષો વચ્ચે ચાલતું ભીષણ યુદ્ધ વિરમી ગયું હતું, સુધારકોનાં વાણી અને લેખિનીરૂપી શસ્ત્રો તેમ જ સનાતનીઓના ગાલિપ્રદાનરૂપી ઝેરી ગૅસના પ્રયોગો કાંઈક શાંત થયા હતા પણ જખમ રુઝાણા ન હતા. બંને પક્ષ વચ્ચે કાંઈક 'સશસ્ત્ર સંધિ' જેવી સ્થિતિ હતી. પરિણામે જે જમાનામાં ભદ્રંભદ્રે એક અપૂર્વ અને અજબ હાસ્યનો પ્રકાર ગુજરાતી સાહિત્યમાં રજૂ કર્યો તે વખતે સમાજનો મોટો વર્ગ એની કદર કરી નહિ શકયો. બાકીના ભાગમાં પણ મોટા પ્રમાણમાં એ પુસ્તકમાં સમાયેલ રસ ઝીલવાનાં શક્તિ કે ઉત્સાહ ન હતાં. રાજ્યદ્વારી ક્ષેત્રમાં વિનીતમાં વિનીત ગણાતા પુરુષે એ પુસ્તક વડે મોટે ભાગે જૂની અને અનિષ્ટ રૂઢિઓની સામે, સાચા બંડખોરને છાજે તેવી વીરતાથી, દૃઢતાથી અને હિંમતથી વજ્રપ્રહારો કર્યા હતા. અત્યાચારોથી ભરેલા સમાજરૂપી 'ગોલીઆથ' સાથે માત્ર લેખિનીના શસ્ત્રથી ભદ્રંભદ્રના લેખકે 'ડેનિયલ' પેઠે દ્વંદ્વયુદ્ધ આદર્યું હતું. હાસ્યરસના નિબંધમાં એક સ્થાને એમણે લખ્યું છે કે 'જનસમાજમાં પ્રવર્તતી અનિષ્ટતા સુધારવાનો હેતુ હોય ત્યાં જ આવી રીતે ઉપહાસ કરી પ્રહાર કરવામાં યોગ્યતા રહેલી છે. તે વિના ઉપહાસમાં ક્રૂરતા આવી જાય છે અને પ્રહારમાં દ્વેષ તથા ક્રોધ આવી જાય છે.'

આ શાસન ઘડનારે પોતે એને યોગ્ય રીતે પાળ્યું હતું પણ સમાજના સડેલા ભાગથી એ સહન ન થઈ શકે એ સ્વાભાવિક છે. પરિણામે જે વિષભર્યા પ્રહારો એમના તરફ કરવામાં આવ્યા એને લીધે પણ એમના સુકુમાર આત્માની હાસ્યરસના ક્ષેત્રમાંની ગતિ મંદ પડી હોય એમ માનીએ તો ખોટું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ ધીમે ધીમે બંગભંગને લઇને આવેલ રાજ્યદ્વારી ચેતને સંસાર સુધારામાં પણ પ્રગતિ આણવા માંડી અને એ જ ચેતનને લઈ ને સુધારકોનો માર્ગ સરળ થવા લાગ્યો. પરિણામે ભદ્રંભદ્રની લોકપ્રિયતા વધવા માંડી. જુદાં જુદાં મંડળોએ અને સમાજોએ તે પુસ્તકમાંથી અમુક ભાગ કોન્સર્ટોમાં અને સોશ્યલ ગેધરીંગોમાં ભજવી બતાવવો એ રવૈયો થઈ ગયો અને આ લોકપ્રિયતા ઠેઠ ૧૯૧૫-૧૬ સુધી જનતામાં સ્પષ્ટ જણાતી હતી. પછી સાહિત્યમાં ઘોડાપૂર આવ્યું. દરેક દિશામાં અનેક અવનવા, સારામાઠા, અધકચરા, સંસ્કારી યત્નો થવા લાગ્યા.

ગત જમાનો શાંતિનો હતો, ઊંડા પણ સાથે સાથે બહુ જ મર્યાદાવાળા અભ્યાસનો હતો; વર્ષમાં બે ચાર ટૂંકાં કાવ્યો કે એકાદ બે નવલિકા લખવાથી અમુક વ્યક્તિ સાહિત્યમાં વરસો સુધી વેગભરી ગણાતી. ચાલુ જમાનો ગતિનો છે, ઉત્સાહનો છે, માણસ દોડતો જાય અને વાંચતો જાય એવા પ્રકારના સાહિત્યનો છે. આને લઇને ભદ્રંભદ્ર આજે વિસરાતું જાય છે એ ખેદભરી છતાં સત્ય હકીકત છે. અલબત, આમાં અમુક અંશે આપણે ત્યાં સાહિત્ય વાંચનારને દોરવનાર ટીકાકાર વર્ગની અછત, એ દોષ પણ એક કારણ છે.

એની લોકપ્રિયતાના સમયમાં ભદ્રંભદ્ર, અંબારામ, સંયોગીરાજ, વલ્લભરામ, પ્રસન્નમનશંકર એ બધાં પાત્રો અમારી જીભને ટેરવે જ હતાં. ભદ્રંભદ્ર, અંબારામ અને વલ્લભરામનાં ભાષણો ઘણાને જિહ્વાગ્રે હતાં. ઘણાં માણસો એક જ જગ્યાએ જતાં હોય તો અવશ્ય સામો આવનાર પુરુષ એમ પૂછતો જ કે "ક્યાં ચાલ્યાં ?"

તરત જ પાંચસાત માણસના મુખમાંથી ઉત્તર મળતો કે 'માધવ બાગમાં.' મિત્રોમાં કે સાધારણ સભાઓમાં પણ જ્યાં સાચી દલીલોનો અભાવ જણાવા માંડે કે તરત હાજર રહેલામાંથી કોઈ બોલી જ ઊઠે કે 'અમેરિકામાં ઘોડા દોડે છે તેથી શું ? સ્પેનથી આણીને ઘોડા ત્યાં છોડી મૂકયા પણ તેથી શું ? સમય—સમય—પ્રસંગ !'

ગમે તે પ્રસંગ શોધીને પણ ઘણાઓ બોલી ઊઠતા : 'અબ્રહ્મણ્યં, અબ્રહ્મણ્યં, છલં, સુધારકાણાં છલં, આર્ય જ્યોતિષને, આર્ય શુકનને, આર્ય દેવોને, આર્ય સાધનોને ખોટાં પાડવા સુધારાવાળાએ કરેલ આ કપટમયી યુક્તિ, જેથી ધ્વસ્તા થઈ છે મુક્તિ, જેથી લુપ્તા થઈ છે ભુક્તિ—'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શાંતં પાપં, અંબારામ, શાંતં પાપં' એ વાક્યથી ઘણા માણસોનાં લાંબાં ભાષણો ટુંકાવી દેવામાં આવતાં હતાં. એ સમયે, ભદ્રંભદ્રમાંથી કાંઈક બોલવું એમાં બોલનારની ઉચ્ચ હાસ્યરસિકતા જણાતી. આજ એ પ્રયોગો ભૂલમાં પણ આપણાથી બોલાઈ જાય તો સાંભળનારાઓ આપણા સામું શૂન્ય વદને જોઈ રહે અને આપણે ભોંઠા પડી જઇએ છીએ.

જમાનો બદલાતાં અમુક પુસ્તકોનો પ્રચાર ઓછો થાય, અમુક પુસ્તકોનો પ્રચાર સમૂળગો જ બંધ થાય એ સામાન્ય છે; પણ એવી સ્થિતિમાંથી શિષ્ટ ગ્રંથોને ઉગારી લેવા એ સાહિત્યના ટીકાકારોની ફરજ છે. ભદ્રંભદ્ર જેવો ગ્રંથ આપણા સાહિત્યમાંથી લુપ્ત થઈ જાય એ ઇચ્છવાયોગ્ય નથી; કારણ કે એમાં માત્ર જૂની, અનિષ્ટ રૂઢિઓ સામે કટાક્ષકથન જ નથી. એમાં એ ઉપરાંત 'અતિચિત્રો,' પ્રતિકૃતિઓના સફળ પ્રયાસ છે, વ્યાજોક્તિનાં સુંદર દૃષ્ટાંતો છે તેમ જ નર્મયુક્ત હાસ્યરસનાં ઝરણાં પણ છે. એમાં વર્ણવેલા પ્રસંગો આજ પણ આપણા જીવનમાં છે એટલે કાળની દૃષ્ટિએ પણ એ પુસ્તકને જૂનું કહેવામાં કાંઈ અર્થ નથી. હા, એ પુસ્તકમાં ક્ષતિ છે જ નહિ અને એ સાવ દોષરહિત છે એમ કહેવાનો આશય નથી. ક્ષતિ એટલા પૂરતી લાગે છે કે એ પુસ્તકમાંનાં પાત્રો પૈકી લગભગ ઘણાં અમુક વર્ગને (type) બતાવવાને બદલે અમુક વ્યક્તિને ચીતરે છે. પરિણામે હાલના જમાનામાં એ વ્યક્તિઓ અપરિચિત હોઈ વાંચનારને એ પાત્રો, સ્વાભાવિક રીતે જ, જોઇએ તેટલાં આકર્ષી શકતાં નથી. વ્યક્તિગત હુમલા પણ કોઈ કોઈ જગ્યાએ જોવામાં આવે છે; અને છતાં પણ જેમ 'ડૉન કવીકશૉટ,' 'ગલિવર્સ ટ્રાવેલ્સ' અને 'પિકવિક પેપર્સ' યુરોપીય ભાષાઓમાં અમર ગ્રંથો છે તેમ ગુજરાતી સાહિત્યમાં, જો કે 'ભદ્રંભદ્ર' એમના જેટલું ઊંચી કક્ષાનું પુસ્તક નથી છતાં પણ, રહેવું જોઇએ એમ મારું ધારવું છે.

અહીં એક વાત લખવી ઉચિત લાગે છે. ગુજરાતી સાહિત્યમાંનાં હાસ્યરસનાં પુસ્તકોમાં ભદ્રંભદ્રનું સ્થાન બહુ ઊંચું છે એ વસ્તુ સર્વસ્વીકાર્ય છે; છતાં જ્યારે કેટલાક વિવેચકો વારંવાર કહેવા નીકળે છે કે ભદ્રંભદ્રના જેવું બીજું એકકે પુસ્તક આપણા સાહિત્યમાં નથી એટલું જ નહિ, પણ તેનાથી બીજી કે ત્રીજી જગ્યાએ આવે તેવું પણ કોઈ પુસ્તક આપણે ત્યાં નથી ત્યારે આપણને વિચાર થાય છે કે આ તે વિવેચન કહેવાય કે રમણભાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યેની અંધભક્તિમાંથી ઉત્પન્ન થયેલ હાસ્યજનક ભ્રમ કહેવાય ? આ લેખકના પુસ્તક ‘ હાસ્યવિહાર ના ‘ પ્રવેશક ’ માં શ્રી. જ્યોતીન્દ્ર દવેએ ‘ ભદ્રંભદ્ર ’ ના દોષો તટસ્થવૃત્તિથી સ્પષ્ટ જણાવેલા છે. તે ઉપરાંત, એટલું યાદ રાખવું ઘટે કે પુસ્તકો–ગમે તેવા અમર ગ્રંથો પણ–જમાનાના અમુક વાતાવરણ અને સંયોગોને લઇને લખાય છે. અમુક જમાનામાં ‘ ડૉન કવીકઝૉટ ’ લખાયું, અમુક જમાનામાં ‘ ગલિવર્સ ટ્રાવેલ્સ ’ લખાયું, જુદા જમાનામાં ‘ પિકવિક પેપર્સ ’ પ્રસિદ્ધ થયું. તે પછીના જમાનામાં માર્ક ટ્વેઇન, જેકબ્ઝ, જેરોમ, બારી વગેરે થયા. હમણાં વોડહાઉસનો જમાનો છે. આમાં જેકબ્ઝે, જેરોમે, બારીએ અને વોડહાઉસે ઉપર જણાવેલ ત્રણ પુસ્તકો જેવાં પુસ્તકો નથી લખ્યાં એથી એઓ હાસ્યકાર તરીકે ઊતરતા પ્રકારના છે એવું કોઈપણ વિવેચકે કહ્યું નથી–એવું કોઈથી કહી શકાય જ નહિ. અસ્તુ.

રમણભાઇએ પોતાની શક્તિના પ્રમાણમાં હાસ્યરસના ક્ષેત્રમાં બહુ થોડું લખ્યું છે એમ આગળ કહેવાઈ ગયું. ભદ્રંભદ્રને ખેલમાં જ રાખ્યા, ત્યાંથી નીકળીને એ સનાતની પુરુષોત્તમ કયાં ગયા એ આપણને ન જણાવવામાં રમણભાઇએ ભદ્રંભદ્રના આશકોનો ગુનો કર્યો છે. એ મહાપુરુષના જીવનમાં બનેલા અનેક અન્ય પ્રસંગો અવારનવાર પ્રકાશમાં લાવવામાં આવ્યા હોત તો ગુજરાતી સાહિત્ય એ જીવનના આલેખકનું વધુ ઋણી બની શક્યું હોત. પરંતુ ‘ હોત ’ વિશે બળાપો કરવો નકામો છે.

ભદ્રંભદ્ર સિવાયની એમની કૃતિઓ ‘ હાસ્યમંદિર ’ માં એકત્રિત કરવામાં આવી છે. એમનો લગભગ છેલ્લો હાસ્યરસિક લેખ ‘ ચિઠ્ઠી ’ પણ રમણભાઈની એ દિશામાંની શકિત ઠેઠ સુધી ક્ષીણ નહોતી થઈ એની સાક્ષી પૂરે છે. ‘શોધમાં’ નામની એમની લાંબી પણ અધૂરી કૃતિ જ્ઞાનસુધામાં કકડે કકડે પ્રસિદ્ધ થતાં અકાળે અવસાન પામી હતી. એમની બધીએ કૃતિઓ જોઇએ તો તેમાં એક વિચિત્રતા જણાઈ આવશે અને તે એ કે એમાં કયાંય પણ સ્ત્રીપાત્ર આવતું નથી! કદાચ એથી આપણે પુરુષો એવો ગર્વ ધારણ કરી શકીએ કે પરશુરામની પેઠે કોઈ વ્યકિત ‘ નસ્ત્રી ’ પૃથ્વી કરી નાખે તો પણ અમે ઊંચા પ્રકારનું હાસ્યરસનું સાહિત્ય ઉત્પન્ન કરી શકીએ! આ વિચિત્રતાનું એક કારણ એ હોઈ શકે કે તે જમાનામાં સ્ત્રીઓની સામા શુદ્ધ હાસ્યરસના પ્રહારો કરવા તેમાં પણ ‘ શિવલરી ’ માં (સ્ત્રીદાક્ષિણ્યમાં, વનિતાવાત્સલ્યમાં)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્યૂનતા આવે એમ એમને લાગતું હશે. કારણ ગમે તે હો પણ આ ન્યૂનતાને લઈને રમણભાઇનો હાસ્યરસ મર્યાદિત થઈ ગયો છે. બાકી સ્ત્રીઓમાં હાસ્યરસ નથી જ એમ કબૂલ કરવા સ્ત્રીઓ પોતે તૈયાર નહિ હોય અને સ્ત્રીપાત્રમાં હાસ્યાસ્પદ અંશ જ નથી એમ કહેવાને તો સ્ત્રીઓના આગ્રહી પૂજકો પણ હિંમત નહિ કરી શકે.

—ધનસુખલાલ કૃ. મહેતા
'મીઠી નજરે'માંથી

૧૧
મારા પિતા અને ગાંધીજી

તેઓ ગાંધીજીનો સંત કે મહન્ત તરીકે આદર કરતા ન હતા, પણ એક વીર પુરુષ તરીકે આદર કરતા હતા. પોતે સમર્થ અને અણનમ હતા, એટલે ગાંધીજીના સમર્થ પુરુષાર્થને માટે તેમને માન હતું. કારણ એ તો ચોખ્ખું હતું કે મૂઠી હાડકાંના આ નાનકડા માનવીમાં કંઈક વજ્ર જેવું રહેલું હતું, ભૌતિક શકિતઓ ગમે તેવી સમર્થ કેમ ન હોય તો પણ તેને ન ગણકારે એવી અદમ્ય આત્મશકિત તેમનામાં હતી, અને ઉપરથી કશી અસર ન કરે એવો દેખાવ છતાં, તેમના લંગોટ અને ઉઘાડા શરીર છતાં, તેમનામાં કંઈક એવું પુરુષાસિંહપણું હતું, રાજવીપણું હતું કે જેને લીધે બીજાઓ આપોઆપ તેમની આગળ પ્રણિપાત કરતા હતા. તેમણે જ્ઞાનપૂર્વક નમ્રતા અને નિરભિમાન કેળવ્યાં હતાં, પણ તેમનામાં સત્તા અને અધિકારનો પાર ન હતો. આ વાત તેઓ પોતે પણ જાણતા હતા, અને ઘણીવાર તેઓ બાદશાહની જેમ હુકમ કરતા કે જેનો ઇનકાર કરવાની કોઈની મગદૂર ન હતી. તેમની શાંત ઊંડી આંખો સામાને પકડી લેતી અને તેના હૃદય સોંસરવી અજાણી રીતે ઊતરી જતી; તેમની સ્પષ્ટ અને કોમળ વાણી હૃદયને ચોરી લેતી અને પ્રતિધ્વનિ મેળવતી. તેમના શ્રોતાઓ એક હોય કે હજાર, દરેક તેમનાથી મંત્રમુગ્ધ થતા, અને દરેક તેમની સાથે અનુસંધાન અનુભવતા. આ લાગણીને મનની સાથે કશો સંબંધ ન હતો, જો કે મનની ઉપર પણ તેઓ અસર કરવા ન ઇચ્છતા એમ નહિ, પણ હૃદયની આગળ મન અને બુદ્ધિ ગૌણ સ્થાન લેતાં. તેમની મંત્રમુગ્ધ કરવાની આ શકિત એ વાક્ચાતુર્ય અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહક શબ્દજાળનું પરિણામ ન હતી. કારણ તેમની ભાષા તો હંમેશાં સાદી અને મુદ્દાસર હતી, અને તેમાં નિરર્થક શબ્દનો ભાગ્યે જ પ્રયોગ થતો. એટલે તેમની આ મોહિની પારદર્શક સચ્ચાઈની હતી. તેમના અંતરમાં અપાર શક્તિઓનો સંચય કરી રાખ્યો હોય એવી સામાને છાપ પડતી. સંભવ છે કે તેમની આસપાસ એક પ્રકારની પ્રથા જ એવી ઊભી થઈ છે કે જેથી અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન થાય છે. આ પ્રથા ન જાણનાર અને વાતાવરણમાં ન ભળી શકે એવો ત્રાહિત માણસ કદાચ આ મોહિનીને વશ ન પણ થાય, અથવા સાવ બીજાના જેટલો વશ ન થાય. અને છતાં ગાંધીજીને વિષે એક વસ્તુ ખાસ જાણવા જેવી હતી અને છે, તે એ કે તેઓ વિરોધીઓને જીતી લઈ શકે છે, અથવા કાંઈ નહિ તો તેમનાં હથિયાર હેઠાં પાડી શકે છે.

ગાંધીજીમાં કૃત્રિમ વસ્તુઓનું સૌંદર્ય અથવા કળા જોવાની દૃષ્ટિ નથી, જો કે સૃષ્ટિસૌંદર્ય તેમને મુગ્ધ કરે છે. તાજમહાલને જોઈને તેમને એક વેઠથી ચણેલી ઈમારતનો ખ્યાલ આવે છે, સૌંદર્યનો નહિ. તેમની ઘ્રાણેન્દ્રિય અલ્પ છે, અને છતાં જીવનની કળા પોતાની રીતે પોતે શોધી કાઢી છે, અને તેને પરિણામે તેમનું જીવન એક સંપૂર્ણ કલાકૃતિ બની ગયું છે. તેમના દરેક હલનચલનમાં અર્થ છે, અને લાલિત્ય છે, કૃત્રિમતાની ગંધ નથી. કર્કશતા કે સંકુચિતતાનું નામ નથી. અશિષ્ટતા કે સામાન્યતાનો અંશ નથી. દુર્ભાગ્યે આ વસ્તુઓ આપણા મધ્યમવર્ગના લોકોમાં મોટે અંશે જોવામાં આવે છે. અંતરની શાંતિ એમને લાધી છે. અને તેનો તે બીજાઓમાં સંચાર કરે છે, અને સંસારના અટપટા માર્ગમાં તેઓ દૃઢતાથી અને નીડરતાથી પંથ કાપતા ચાલ્યા જાય છે.

મારા પિતા આથી કેટલા જુદા હતા! અને છતાં તેમનામાં પણ એક પ્રકારનું પુરુષસિંહપણું અને રાજવીપણું હતું. કોઈ પણ મંડળમાં એઓ બેઠા હોય તો સ્વાભાવિક રીતે બધા એમની આસપાસ જ વીંટળાતા. એક અંગ્રેજ ન્યાયાધીશે એમને વિષે પાછળથી કહ્યું હતું તેમ ટેબલને ગમે તે સ્થાને તેઓ બેઠા હોય તો પણ તેમનું સ્થાન ટેબલનું કેન્દ્ર બનતું. તેઓ ન નમ્ર હતા, ન સૌમ્ય હતા, અને પોતાનાથી મતભેદ બતાવનારાઓની, ગાંધીજીની જેમ તેઓ કદી દયા ન રાખતા. તેઓ ઈરાદાપૂર્વક બાદશાહી મિજાજના હતા એટલે તેમના અનુયાયીઓ તેમને ભારે વફાદાર હતા અને તેમના વિરોધીઓ તેમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સખત વિરોધ કરતા. તેમને વિષે તટસ્થતા રાખવી અશક્ય હતી; તેમના તરફ કાં તો આકર્ષણ થાય કે તિરસ્કાર થાય. તેમના વિશાળ કપાળ, તંગ હોઠ અને દૃઢતાસૂચક હડપચીથી ઇટલીનાં સંગ્રહસ્થાનોમાંના રોમન બાદશાહોના પૂતળાંઓની યાદ આવતી. ઇટલીના ઘણા મિત્રોએ અમારી પાસેની તેમની તસવીર જોઈને આ પ્રકારની તુલના કરી હતી. મારા માથા ઉપર તો વાળ રહ્યા નથી, પણ એમને માથે આખર સુધી વાળ હતા. ઉત્તરાવસ્થામાં એ રૂપેરી વાળવાળું એમનું માથું જે મહત્તા અને ભવ્યતાનો ખ્યાલ આપતું તે આજના જગતમાં દુર્લભ છે. પિતાને માટે પુત્રને પક્ષપાત તો હોવાનો સંભવ છે, પણ સંકુચિતતા અને દુર્બલતાના આ જગતમાં તેમની મહાનુભાવ મૂર્તિની ખોટ મને પગલે પગલે જણાય છે. તેમની બાદશાહી રીતભાત અને તેમનું ભવ્ય સામર્થ્ય ક્યાંયે શોધ્યું જડતું નથી.

૧૯૨૪ની સાલમાં એક વખત મારા પિતાની તસવીર ગાંધીજીને બતાવ્યાનું મને યાદ આવે છે. સ્વરાજપક્ષની સાથે આ વેળા ગાંધીજીની ઝપાઝપી ચાલી રહી હતી. આ તસવીરમાં મારા પિતા મૂછ વિનાના હતા, જ્યારે ત્યાં સુધી ગાંધીજીએ હમેશાં એમને સુંદર મૂછવાળા જ જોયા હતા. આ તસવીર જોતાં જ ગાંધીજી લગભગ ચોંક્યા, અને ઘણો વખત તેની સામે નિહાળીને જોઈ રહ્યા. કારણ મૂછ જવાથી તેમનાં મુખ અને હડપચીની કઠોરતા પ્રગટી આવતી હતી. ફિક્કું સ્મિત કરી ગાંધીજી બોલ્યા, "હવે હું સમજી શકું છું કે મારે કોની સામે બાથ ભીડવાની છે." પણ મુખની આ કઠોરતા આંખોની સૌમ્યતાથી અને વારંવાર થતા હાસ્યથી પડેલી રેખાથી હળવી થતી હતી. પણ કેટલીકવાર એ આંખો પણ ચમકતી.

પિતાને વડી ધારાસભાનું કાર્ય તો માછલીને જળની જેમ સ્વાભાવિક થઈ પડ્યું હતું. તેમની કાયદાની અને રાજ્યબંધારણની તાલીમને એ કાર્ય અનુકૂળ હતું, અને જ્યારે સત્યાગ્રહ અને સત્યાગ્રહમાંથી ઉત્પન્ન થતી બીજી વસ્તુઓમાં તેઓ ગૂંચવાતા ત્યારે આ કામની રમત તેમને હસ્તામલકવત્ હતી. પોતાના પક્ષની પાસે તેઓ કડક તાલીમ પળાવતા અને બીજા પક્ષો અને વ્યક્તિઓનો ટેકો ઘણીવાર તેઓ મેળવતા, પણ તુરત જ તેમના પોતાના માણસોની સાથે તેમને મુશ્કેલીઓ ઊભી થઈ. સ્વરાજપક્ષના પ્રથમના દિવસોમાં તેમને મહાસભાના નાફેરવાદીઓ સાથે ઝૂઝવું પડ્યું હતું, અને પક્ષનું મહાસભાનું બળ વધારવાને માટે ઘણા અનિષ્ટ માણસોને પણ લેવા પડ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. આ પછી ચૂંટણી આવી, અને એને માટે પૈસાની જરૂર પડી. પૈસા તો પૈસાવાળા પાસે જ મળી શકે એટલે પૈસાવાળાઓને રીઝવેલા રાખવા પડતા અને કેટલાકને તો સ્વરાજ્યવાદી ઉમેદવારો પણ થવાનું કહેવામાં આવ્યું હતું. સર સ્ટેફર્ડ ક્રિપ્સે એક અમેરિકન સમાજવાદીનું વચન ટાંકયું છે કે " રાજકાજ એટલે ગરીબ અને તવંગરને એકબીજાની સામે રક્ષા આપવાનું વચન આપી ગરીબથી પાસેથી મત મેળવવાની અને તવંગરની પાસેથી પૈસા મેળવવાની કુશળ કળા. "

આવા આવા માણસો ઘૂસવાથી પ્રથમથી જ સ્વરાજપક્ષ નબળો પડ્યો. ધારાસભાઓમાંનું કામ એવું હતું કે તેને લીધે દરરોજ બીજાં વધારે મધ્યમમાર્ગી મંડળોની સાથે કંઈક સમજૂતી અને બાંધછોડ કરવી જ પડે, અને આને પરિણામે લડતનું જોશ અને તત્ત્વનિષ્ઠા લાંબી ટકી ન શકે. એટલે ધીમે ધીમે પક્ષની તાલીમ અને તેજ ઝાંખાં પડવા લાગ્યાં, અને પક્ષના નબળા માણસો અને સમયસાધકો તકલીફ આપવા લાગ્યા. સ્વરાજ્યપક્ષ ધારાસભામાં જઇને 'અંદરથી લડાઈ લઢવાનો' સ્પષ્ટ ઉદ્દેશ જાહેર કરી ધારાસભામાં દાખલ થયો હતો, પણ આ રમત તો બન્ને પક્ષ રમી શકે એમ હતું, એટલે સરકારે સ્વરાજ્યવાદીઓના મંડળમાં જ વિરોધ અને ફાટફૂટનાં તત્ત્વો દાખલ કરી સામી બાજી ખેલવા માંડી. નબળાઓની આગળ ઊંચા દરજ્જા અને બીજાં અનેક પ્રકારનાં પ્રલોભનો મૂકવામાં આવ્યાં. તે મેળવવામાં કશી મહેનત કરવાપણું ન હતું. તેમની શકિત અને તેમની રાજ્યકાર્યકુશળતા ને તેમની મધુર સામબુદ્ધિની સ્તુતિ કરવામાં આવતી. તેમની આસપાસ મજાનું અને અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરવામાં આવતું, જે વાતાવરણની લડતના તોફાનમાં અને સરખે દરજ્જે સોદો કરવાની ધમાલમાં ન્યૂનતા રહેતી.

સ્વરાજ્યવાદીઓનો પારો ઊતરી ગયો. છૂટાછવાયા માણસો પક્ષમાંથી ખરીને સામા પક્ષમાં ભળવા લાગ્યા. મારા પિતા આની સામે ચિડાઈ ગર્જી ઊઠતા અને કહેતા કે સડેલો ભાગ કાપીને ફેંકી દેવો પડશે. પણ સડેલા ભાગને જ ભાગી જવું હોય ત્યાં આ ધમકી શા કામની? કેટલાક સ્વરાજવાદીઓ પ્રધાન બન્યા અને કેટલાક પાછળથી પ્રાંતોના સરકારી કારભારી-મંડળમાં સભ્યો થયા. કેટલાક છૂટા પડી પોતાને 'રિસ્પોન્સિવિસ્ટ' અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ' સગવડે સહકાર કરનારા ' કહેવા લાગ્યા. લોકમાન્ય તિલકે સાવ જુદા જ સંજોગોમાં મૂળ આ નામનો પ્રયોગ કર્યો હતો. હાલ આ શબ્દનો ઉપયોગ આ અર્થમાં થતો : જ્યારે તક મળે ત્યારે પ્રધાનપદ લેવું અને તેનો ઉત્તમ ઉપયોગ કરવો. આમ અનેક માણસો ખરવા છતાં સ્વરાજપક્ષ ચાલુ રહ્યો, પણ મારા પિતા અને દેશબંધુ દાસ ઘટનાઓએ જે ઢંગ લીધો હતો તેથી કંટાળ્યા, અને ધારાસભાના પાણી વલોવવા જેવા કાર્યથી કંઈક થાકયા. આ કંટાળામાં ઉત્તર હિંદુસ્તાનમાં વધતી જતી હિંદુમુસ્લિમ અનબનથી અને વખતોવખત થતાં હુલ્લડોથી વધારો થયો.

—મહાદેવ દેસાઈ

' પં. જવાહરની આત્મકથા'માંથી.

૧૨

ચાંદલો

અશ્વિન એકલો તળાવને કિનારે આવી ઊભો. સંધ્યાનો સમય હતો. ટાઢ હતી. પરંતુ તે તીવ્ર ન હતી. પશ્ચિમ આકાશને પડદે લાલ રંગની આછી બનતી વિસ્તૃત ચમક ક્ષિતિજમાં ઊતરી પડતી હતી.

' ચન્દ્રાનનો લાલ વાવટો ! ' અશ્વિનના મુખ ઉપર સ્મિત રમી રહ્યું. સરોવરના નીરમાં વૃક્ષના પડછાયા ઘેરા કાળા બની આખા સરોવરનો રંગ બદલી નાંખતા હતા. અશ્વિનના મુખ ઉપર ગાંભીર્ય ઘેરાયું. રમૂજમાં ઊપજેલી સરખામણીથી એકાએક રમૂજ મટી ગઈ.

' કુમકુમ અને રુધિર; બંને રક્તરંગી; જગતનું સૌભાગ્ય અને જગતના ઝખ્મ બંને લાલ. ' અશ્વિનના હૃદયમાં લાલ રંગે વિચાર પ્રેર્યો. તે સરોવરના પાણી પાસે આવીને બેઠો.

' ધનિકો અને સત્તાધીશોને ધન અને સત્તા વાપરતાં નહિ આવડે તો જગત રુધિરથી જ રંગાશે. ' એક વિચાર આવ્યો.

' પણ તેમને ધન અને સત્તા વાપરતાં આવડ્યું તો ? તો કુમકુમના થાળ ભરાય અને આખી માનવજાત વસંત ખેલે. '

યંત્રવત્ તેણે પાણીમાં પોતાના પગ બોળ્યા. વૃક્ષોના પડછાયા હાલી ગયા. પાળ ઉપરનાં વૃક્ષો સ્થિર હતાં. વૃક્ષ કરતાં વૃક્ષનો પડછાયો મોટો ! અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરોવરની જલસૃષ્ટિ સ્થિર વૃક્ષના પડછાયાને અસ્થિરતા અર્પી રહી હતી! માનવીના માનસનો પડછાયો એટલે સમાજ. એ નાનકડું માનસ કેવા વિશાળ ઓળાઓ પાડી રહ્યું છે! એ માનસમાં પ્રેમ ઉદ્ભવે એટલે વ્યભિચારનો ઘેરો ઓળો પડે, એ માનસ વ્યવસ્થા ઘડવા માગે એટલે એમાંથી ભયાનક ઝારશાહી, વિકરાળ શાહીવાદ અગર ખૂની સરમુખત્યારીના પડછાયા હાલવા માંડે; એ માનસમાં અગમ્યને ઉકેલવાની વૃત્તિ જાગે એટલે એમાંથી બિહામણાં નર્ક, ઉટંગ સ્વર્ગ, ભયંકર ધર્મ અને ઝનૂની પંથનું ધુમ્મસ રચાય!

શું ખરું? વૃક્ષનો પડછાયો? માનસ કે સમાજ? પડછાયા પણ સુંદર પડે એવી રચના ન થાય? સમાજ સુપ્રમાણ સુંદર ઘટના બની રહે એવું માનસ ન ઘડાય? એ ઘડવા માટે રુધિરસંપ્રદાયનો આશ્રય લેવો? કે કુમકુમ-સંપ્રદાયનો? રુધિર છાંટ્યાથી જલદી સિદ્ધિ મળતી હોય તો? સામ્યવાદ એ સિદ્ધિ આપશે જ એવું ચન્દ્રાનનનું મંતવ્ય! ભય એ રહે છે કે રુધિરછાંટણાં માગતું માનસ કુમકુમ સમૂળું વેરી નાખે તો? અને રુધિરના પાતાળધોધ ફૂટી અણઅટક્યા વહ્યે જાય તો?

પ્રત્યાઘાતી માનસ! જૂનવાણીના જાળાં! રુધિર વગર સત્તા નહિ અને સત્તા વગર સુખ નહિ. ગ્રામજીવનને–ગરીબજીવનને–શ્રમજીવી જીવનને સુખી કરવું હોય તો તેણે સત્તા મેળવવા રુધિર રેડવાની શકિત કેળવવી પડશે. રુધિર રેડ્યા વગર તે શું રચી શક્યો?

ઝડપથી ચાલતા વિચારોનું ચાપલ્ય પ્રકાશ કરતાં પણ વધારે ચપલ હતું. શિયાળાની વહેલી સંધ્યા હજી પૂરી થઈ ન હતી. ઝાડના પડછાયામાં એકાદ તારાનો પ્રકાશ આગિયા સરખો ચમકતો દેખાયો. અશ્વિન શું રચી શક્યો? અશ્વિનના પ્રશ્ને સરોવરમાં એક સુંદરી રચી.

'ગ્રામલક્ષ્મી?'

બહુ ઝાંખી અંગરેખા! પ્રથમ દિવસ જેવું સ્પષ્ટ દેહદર્શન નહિ; એ સ્પષ્ટ આકૃતિ કેમ રચાય?

શાની આકૃતિ અને શાનાં દર્શન? ઘેલછાભર્યા મનનો એ વિકાર! ઝંખનાનું સ્થૂલ સ્વરૂપ! સત્ય નહિ, માત્ર કલ્પના! સ્થૂળ મૂર્તિ નહિ, માત્ર માનસિક ધુમ્મસ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ય એ ધુમ્મસમૂર્તિએ નોકરીનો મોહ છોડાવ્યો, નહિ? આત્મઘાતમાંથી ઉગાર્યો, ખરું? અને ગ્રામજીવનમાં દટાઈ જવાની શકિત આપી! એ મૂર્તિ ન દીઠી હોત તો? અશ્વિન કાં તો કુટુંબી જનોને રડાવી રહેલું કાયર મૃત સ્મરણ હોત! અગર મોટરકારમાં આરામથી ફરતો કોન્ટ્રાકટરોનાં ફૂલહાર, મિજબાનીઓ...અને...અને...એક અગર બીજે બહાને ભેટ...એટલે સંસ્કૃત લાંચ લેતો રુઆબદાર એન્જીનિયર હોત! તેણે કૈંક મકાનો અને રસ્તાઓ પોતાને નામે ચડાવ્યા હોત.

પણ પેલું ગામડાનું નાનકડું ઘરનાળું ન બંધાયું હોત! પેલો ખેતરનો મુશ્કેલ માર્ગ સડક ન બન્યો હોત! ધોધના બળનું માપ ન નીકળ્યું હોત અને વીજળી લાવવાના યંત્રનો નમૂનો ન રચાયો હોત! વળી શેરીઓના ઊંચા-નીચા માર્ગ સરખા અને રેતીથી કઠણ સડક જેવા બન્યા ન હોત. કદાચ આ તળાવ બંધાયું ન હોત અને કુસુમ તથા તારાએ શરૂ કરેલાં આંગણાં ના શણગારાત! એ સ્વચ્છતા તો જોવામાં આવત જ નહિ. પેલી કાદવભરેલી જગામાંથી ફૂટી નીકળેલો બાગ પણ ભૂલવા સરખો નહિ જ ને? શું વધારે સારું? દિલ્લીને મુંબઈ સાથે જોડતો ઘોરી રસ્તો? કે એક ગામડાને બીજા ગામડા સાથે જોડતો માર્ગ? વાઇસરોયના રાજમહેલને દીપાવતો વિશાળ હોજ કે ભૂરકીને ગળી જતા ખાડાનું પૂરાણ?

વળી તે ખેડૂત ન બની શકયો હોત. હિંદમાં ભારે પગાર ઇચ્છતા સાહેબ એન્જીનિયરોની વધારે જરૂર? કે ખેતીમાં બુદ્ધિ અને શક્તિ વાપરતા સંસ્કારી ખેડૂતની વધારે જરૂર? જો કે અશ્વિને ખેડુત બની બુદ્ધિ અને યોજનાશકિતનાં ભારે ફળ ઊપજાવ્યાં ન હતાં. ખેતી સ્વચ્છ બની હતી, નિયમિત બની હતી, રસભરી બની હતી એટલું તેને લાગ્યું. મજૂરોનો નફામાં સરખો ભાગ પણ રામાપટેલે સ્વીકાર્યો હતો.

પણ એટલામાં શું? તેણે નોકરી લીધી હોત તો કુસુમ સુખચેનમાં રહેત અને રોહિતને સારવારની સગવડ વધારે મળત. કદાચ ગામડામાં ન રહ્યો હોત તો રોહિતને તે જીવતો રાખી શકયો હોત અને તેનાં ગૃહમાં ઉત્પન્ન થતો સંતાનરહિતપણાનો અસંતોષ કદી કોઇએ અનુભવ્યો જ ન હોત. પરંતુ હિંદની વસતીના મોટા ભાગના રોહિતો સારવારને અભાવે કૈંક સુખી ગૃહોને સ્મશાન બનાવી ચાલ્યા જાય છે એ સત્ય ગામડે રહ્યા વગર તેને આટલી અંગત રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાંથી સમજાયું હોત ? બિચારાં બાળકો ! ઊજમનાં બાળકો ભૂખથી મરી જતાં હતાં, અશ્વિનનું બાળક ડૉકટરના આવતા પહેલાં અદૃશ્ય થયું. ગામનાં આવાં કૈંક બાળકો ધૂળમાં રવડતાં અનેક રોગોનું આવાહન કરી રહ્યાં હતાં. અશ્વિન એ બાળકોને ચોખ્ખાં રાખી શક્યો–તેમને આનંદમાં રાખી શક્યો એ શહેરોમાં રહીને તેનાથી બની શક્યું હોત ? બાળકોનો એક ક્ષણનો આનંદ આખી જિંદગીનું સમર્પણ માગે તો વધારે કહી શકાય ?

અને કાનજી ભણી શક્યો, ઊજળી વાંચતીલખતી થઈ, અને ગામનાં અર્ધાં છોકરાછોકરી વર્તમાનપત્ર વાચતાં બની ગયાં એ ગ્રામલક્ષ્મીની મૂર્તિ વગર બની શકત ? પેલી યુવકોની કવાયત કેમ ભુલાય ? હિંદી જીવનમાં કવાયત અને કસરત જીવંત કાર્યક્રમ નહિ બને ત્યાં સુધી હિંદી માનસ સુઘટિત અને સંયમબદ્ધ બનવાનું નથી. એન્જીનિયર બની અશ્વિને સો અખાડાનાં મકાન બાંધ્યાં હોત; દશ અખાડા ચલાવવા જેટલું દાન કર્યું હોત; પરંતુ એક પણ મકાન બાંધ્યા વગર, એક પણ પાઈનું દાન કર્યા વગર તે ગામનાં પચાસ બાળકો અને યુવકોને લાઠીધારી બનાવી શક્યો એ પ્રમાણમાં ઓછું કહેવાય કે વધારે ? અખાડાનાં ખોખાં કરતાં મૂર્તિમંત જીવતા અખાડાબાજો રચવાનું બળ આવે એ ઓછું તો નહિ જ ને ?

‘ અશ્વિન ! અશ્વિન ! તું તારો જ પરીક્ષક બની ગયો ? નાની વાતને મોટું સ્વરૂપ આપી તું તારા અભિમાનને શાનો પોષે છે ? એક ગામડાની નજીવી સપાટી જોઈ એમાં તે આખા દેશનો ઉદ્ધાર કરી નાખ્યો હોય એમ ગણતરી કરે છે ! હજી શું બાકી રહ્યું તેનો તો વિચાર કર ! ’

અશ્વિનને કાને આ ભણકારા અથડાયા. કોણ બોલ્યું હશે એ ?

ગ્રામલક્ષ્મી ? ના, ના, એ તો મૂક બની ગઈ છે, ઝાંખી બની ગઈ છે. એને વાચા પણ આવી નથી. ત્યારે ? અશ્વિનના હૃદયનો કોઈ અસંતુષ્ટ ભાગ બોલી ઊઠ્યો શું ? ઘણી વખત હૃદય બોલે છે ત્યારે માનવી તે સાંભળે છે. હૃદયના ઉચ્ચાર પડઘા પડે એટલા સ્પષ્ટ હોય છે.

‘સાત લાખ ગામડામાં સાત લાખ અશ્વિનો બેસી જાય તો ?’ અશ્વિનના હૃદયમાં પ્રશ્ન ઉદ્‌ભવ્યો.

‘ એક વર્ષ નહિ, બે વર્ષ નહિ, પાંચ વર્ષ નહિ, પણ પચીસ વર્ષ સુધી : એક આખો જીવનઝોલો. ’ હૃદયે એ પ્રશ્ન આગળ લંબાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અને છવ્વીસમા વર્ષનું પ્રભાત ઊગતાં આખા હિંદની સૌભાગ્યલક્ષ્મી હસતી હસતી રમે નહિ ?'

'અરે હિંદની વાત પછી, તારું ગામડું તો સંભાળ! સો હાથનો કૂવો ખોદવો છે તેમાં આંગળપૂર ખાડો પડતાં તો તું રાજી રાજી થાય છે! કેટલો ક્ષુદ્ર સંતોષ!' આનંદભરી–સુખભરી કલ્પનામાં રાચતાં અશ્વિનને તેના ટીકાખોર હૃદયે ધક્કો માર્યો. અતિ કલ્પનાને ખેંચી રાખવાની બહુ જરૂર છે. ભાવિ સુખના નિશ્ચયસ્વપ્નમાં આપણે એ સ્વપ્નને નિષ્ફળ કરવાની સામગ્રી જ ભેગી કરતા ચાલીએ છીએ. કલ્પના સારી; પરંતુ કાર્ય એથી વધારે સારું. કલ્પના ભુલાવામાં નાખે–મૃગજળ બની જાય. કાર્ય નક્કર ઘડતર ઘડે. કલ્પના મોહક ખરી; પણ તે સંધ્યાના રંગ સરખી–કાર્ય વધારે સાચું અને વધારે જીવંત–કલ્પના સરખું મોહક ન હોય તો પણ. કદાચ કદરૂપું હોય તો ય કાર્ય રૂપાળી કલ્પના કરતાં વધારે જીવંત. કાર્યના એક્કામાં જનાર ધીમે ધીમે પણ આગળ વધે. એકલી કલ્પનાનો પવનવેગ બેસનારને અજાણ્યા આકાશમાં લઈ જઈ ભૂલો પાડી દે. બંનેને જોડવા મથનાર પવનવેગી કલ્પનાને સાચવવા જતાં કાર્યની શિથિલ ગતિને સમૂળ લુપ્ત કરી નાખે અગર કાર્ય અને કલ્પનાની તોફાની ખેંચતાણમાં રથને જ તોડી નાખે. સહુ કોઈથી બંનેને રથે ન જોડાય. કાર્ય અને કલ્પનાને રથે જોડી બંનેની ગતિને સમાન પરિપાટીએ રાખનાર મહારથીઓ વિરલ હોય. સહુને માટે કાર્ય ખરું–સહુને માટે કલ્પના નહિ.

'પણ એ કાર્ય તને કોણ કરવા દેવાનું છે? કાલે તો તને કારાગારમાં લઈ જવાનો છે!'

એ વિચાર આવતાં અશ્વિન ચોંક્યો. કાર્ય અને કલ્પના બંને હજી અધૂરાં છે. શું બંનેને અધૂરાં રાખવાનાં? રાજસત્તા એ સર્વશ્રેષ્ઠ સત્તા. એ અશ્વિનને કાર્ય કરવાની ના પાડે તો? મહેરુની ખબર ખોટી ન પડે. અશ્વિનને સરકાર પકડી લેવા માગતી હતી. ગ્રામજીવન એ રાષ્ટ્રજીવનનું એકમ. વિરાટ-રાષ્ટ્રજીવનનું એક જીવંત અણુ તે ગ્રામ. એ ગ્રામપુનર્ઘટના સરકારની સંમતિ વગર કરનાર આખા રાષ્ટ્રજીવનને સળગાવનારી જામગરી તૈયાર કરતો હોય તો? ગામને સુધારવું એ રાષ્ટ્રને સુધારવાનો પ્રયોગ અને રાષ્ટ્રને સુધારવું એ રાષ્ટ્રની પરાધીનતા ટાળવા માટે. સરકાર પરદેશી મટે એટલે પરાધીનતા જાય. પરંતુ પરદેશી સરકાર શા માટે સ્વદેશી થાય? અને ગ્રામપુનર્ઘટનામાં ગ્રામસેવક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરદેશી સરકાર સાથે આથડવાનો જ. દેશની પરાધીનતા એ ચારે પાસ ફરી વળતી દીવાલ છે. જે બાજુએ માનવી ધસે તે બાજુએ તે ભીંત સાથે આથડવાનું જ. પછી ?

'જો અશ્વિન, સરકારની સાથે મળીને ચાલવું. સરકારની મીઠી નજર નહિ હોય તો કશું સફળ નહિ થાય.' નવા મુરબ્બી રાવબહાદુર વૈકુંઠરાયની શિખામણ તેને કાને અથડાઈ.

'અશ્વિન, સરકાર સાથેની અથડામણી ટાળે તો ઘણું કામ થાય. સરકારને ન ગમે એ વાત જતી કરીએ.' અશ્વિનના પિતા ઘનશ્યામરાય બોલ્યા.

'મને કહો, કઈ વાત જતી કરું? બાળકોને ભણાવું નહિ? તેમને શારીરિક તાલીમ ન આપું? ગામ સ્વચ્છ ન કરાવું? ખેતી ન સુધારું?' અશ્વિને પૂછ્યું.

'પણ તું બારવટિયાને મિત્ર બનાવે છે અને રાજદ્રોહીને અતિથિ તરીકે રાખે છે.'

'એ તો સરકાર પણ એમ જ કરે છે ને? બારવટિયો મિત્ર બની ગામને વીરત્વ શીખવે છે, અને રાજદ્રોહી રાજ્ય શું એનું જ્ઞાન ગામડાંમાં ફેલાવે છે. સરકાર તેમને લઈ પૂરી રાખે તો હું તેમને સંતાડીશ નહિ.' અશ્વિને જવાબ આપ્યો.

'ભાઈ, સરકાર સામે બાકરી ન બંધાય. આપણે ખેતી કરીને બેસી રહીએ. બીજી લપ્પનછપ્પન કશી?' રામાપટેલ માની બોલ્યા.

'ઊજળીને ભણાવી તો મોહનપટેલ એને બોલાવતા થયા. જાગ્રતિ વગરની ખેતી કરી આપણે જાનવર ક્યાં સુધી રહીશું? બળદ અને ખેડૂત બંને વચ્ચે તફાવત છે?' અશ્વિન બોલ્યો.

'આ તમે વ્યાજ અને લેણદેણની ભાંજગડમાં શું કરવા પડ્યા? સરકારે અદાલતો આપી કાયદા કર્યા. તમે એનાથી વધારે ડાહ્યા છો?' ભીખાશેઠ બોલ્યા.

'અને પેલા મજૂરોને વધારે ભાવ આપી ફટવી મૂકો છો તે? એક વર્ગને બીજા વર્ગ સાથે લડાવી મારવો એ ગુનો છે.' ઝવેરપટેલ બોલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વર્ગ વર્ગને લડાવવા જ જોઇએ. શ્રમજીવી અને ધનિક એ બંને વચ્ચે વિગ્રહ જગાડવા એ જ નવયુવાનનો ધર્મ. અશ્વિનભાઈ, બધી ઝંઝટ છોડો. થીગડાં ન દો. તમારી પ્રાચીન ગ્રામવ્યવસ્થાના પુનરુદ્ધારની આશા આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં હવે તજી દો, સામ્યવાદ સ્વીકારો.' ચન્દ્રાનન આર્જવપૂર્વક બોલ્યો.

'મારો પ્રશ્ન તો હાલ સરકાર સાથેની અથડામણીનો છે. ગ્રામસેવક જ તેને ફાવતો નથી તો ક્રાન્તિવાદી યુવકને તે કેમ જીરવશે?' અશ્વિને પૂછ્યું.

'ભાઈ, મારું કહ્યું માનો. બધો સંતાપ જતો રહેશે અને પછી કોઈ નામ નહિ દે.' મહેરુએ કહ્યું.

'ઠીક. તારે શું કહેવાનું છે?' અશ્વિને મહેરુને પૂછ્યું.

'કહું? કહું તેમ કરશો?'

'તું કહે તો ખરો.'

'સાંભળો. પાંચપંદર જણનું નાક કાપી નાખો, પાંચ પંદર જણને ઊંધા લટકાવો, પાંચપંદરને ચાબુકે ફટકાવો, ને જુઓ પછી તમારું નામ કોણ દે છે? નહિ લોક કે નહિ સરકાર. બધાજ થરથરશે અને આપણું કામ થશે.' મહેરુએ ઈલાજ બતાવ્યો.

'આ બૈરાંને બધે ફરતાં કરી મૂકો છો તે સત્યનાશ વળવાનું છે. એમને તો ઘરમાં પૂરી રાખો.' પગ વગરનો કરસન બોલ્યો.

'બધાનું કહેવું તમે સાંભળો છો, એક મને ન સાંભળ્યો.' વિષ્ણુરામનો અવાજ સંભળાયો.

'વિષ્ણુરામ, તારે પણ મને સલાહ આપવાની છે! નહિ?' અશ્વિને પૂછ્યું.

'સાંભળો તો સલાહ. નહિ તો અમે ગરીબ માણસ શું કરીએ?'

'કહે, કહે. તું શા માટે રહી જાય?'

'જો મારું માનો તો બધું છોડી મને એક કન્યા શોધી આપો. હું લગ્ન કરી તમને આશીર્વાદ આપીશ એટલે તમારી મનકામના સફળ થઈ જશે.' વિષ્ણુરામે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તારું લગ્ન કરાવી આપું તો સ્વરાજ્ય પણ મળે, ખરું?'

'અરે સ્વરાજ્ય શું? સ્વરાજ્યનો બાપ પણ મળે!'

અશ્વિન ખડખડાટ હસી પડ્યો.

'કેમ? એકલા એકલા કેમ હસો છો?' તારાએ પૂછ્યું.

'એકલો?......હા, હા. મારી આસપાસ આખું ગામ ભેગું થયું હતું.

'ગામ ભેગું જ છે ને!'

'એમ નહિ. આ સ્થળે શિખામણ સહુ કોઈ આપતું હતું.'

'શી વાત કરો છો! ક્યારના તો એકલા બેઠા છો.'

'અને તમે પણ એ ટોળામાંથી જ આવતાં હશો.'

'કયું ટોળું? અશ્વિનભાઈ, શું થાય છે?' તારાએ અશ્વિનનો ખભો ઝાલી તેને હલાવી નાખ્યો. અશ્વિન જાગ્રત સ્વપ્નમાંથી પૂર્ણ જાગ્રત થયો. સરોવર ઉપર અંધકાર વધતો જતો હતો.

'કાંઈ નહિ. ઘણી વખત વિચારનાં ભૂત મારી સામે આવી નાચે છે.' અશ્વિને કહ્યું, અને તારાની સામે તાકીને જોયું. તારા તો જીવતી જાગતી હતી. વૈકુંઠરાયથી માંડી વિષ્ણુરામ સુધીના સલાહકારો માત્ર કલ્પનાપ્રદેશમાં જ હતા, એની અશ્વિનને ખાતરી થઈ.

'અશ્વિનભાઈ!' તારા અશ્વિનની પાસે બેસી ગઈ. તેના સંબોધનમાં અશ્વિને માતાનું વાત્સલ્ય, સખીની ઉદારતા અને અદૃશ્ય થતી પ્રિયતમાનો રૂંધાતો રણકાર સાંભળ્યો. અશ્વિન સહજ ચમક્યો.

'હં.' અશ્વિને નજર ફેરવી કહ્યું.

'શું હં? જરા સામું જોઈને બોલો! ક્યારની તમને એકલા જોવા મથું છું.'

'હું સાર્વજનિક બની ગયો છું. બહુ મુશીબતે અત્યારે આ સરોવર ઉપર એકાંત મેળવ્યું.' અશ્વિને કહ્યું.

'અને તે એકાંતનો મેં ભંગ કર્યો, નહિ?' તારાએ પૂછ્યું.

એકાંત ઘણીવાર ભયંકર બની જાય છે. તેનો ભંગ કરનાર ન હોય તો મનુષ્ય ઘેલો બની જાય.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આપણે ઘેલાંનું ગામ વસાવ્યું છે. એકાંત હોય કે ન હોય તો પણ આપણી ઘેલછા પળેપળ વધતી જાય છે.' તારા બોલી.

'ઘેલા બન્યા વગર એકે કામ બનતું નથી. પરંતુ એ ઘેલછા મનને ખેંચી જાય ત્યારે કશું ન બને. હું એવી ઘેલછામાં ઊતરી પડતો હતો.'

'અશ્વિનભાઈ, પચીસેક વર્ષ વહેલા જન્મ્યા હોત તો તમે સાધુ કે સંન્યાસી બની જાત, ખરું?'

'જગત ઉપર વિરાગ ભાગ્યે આવ્યો હોત. તમે બધાં મને બહુ ગમો છો!'

'અને...આવતી કાલ અમને બધાંયને છોડી તમે જાઓ છો!'

'શું? તમને કોણે કહ્યું?'

'આખું ગામ જાણે છે. કાલે તમને પોલીસ પકડવાની છે.'

'મારા મનમાં એમ કે હું અને મહેરુ બે જ જાણીએ છીએ. એટલે અહીં આવી મારી પોતાની પરીક્ષા કરતો હતો.'

'પરીક્ષામાં પસાર થયા?'

'ના.'

'કેમ?'

'ઘેર ઘેર ગ્રામલક્ષ્મી ન પધરાવી શક્યો.'

'હજી આપણે ઘણું જીવવું છે. એ પણ થશે.'

'મરવાથી ગ્રામલક્ષ્મી વહેલાં પધારે તો હું જીવવાનું પસંદ નહિ કરું.'

'પછી કેટલાંને મારશો?'

'હું મારું? મારવાની ફિલસૂફી ચન્દ્રાનન પાસે.'

'ચન્દ્રાનનને હજી મારે માટે મોહ છે.'

'એમાં એનો વાંક નથી.'

'એમ કે?'

'હું બીજું કાંઈ કહેતો નથી. પરંતુ તમારો સ્વભાવ તમને સર્વપ્રિય બનાવે છે.'

'અશ્વિનભાઈ, સમાજવાદમાં ખાનગી મિલકત ચાલી જાય એટલે ધનનું આકર્ષણ જતું રહે એ હું કબૂલ કરું છું. પરંતુ માનવઆકર્ષણ તો રહેવાનું જ ને?' તારાએ એકાએક પ્રશ્ન પૂછ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હાસ્તો. એ કેમ પૂછો છો !'

'જગતમાં હિંસાના તત્ત્વથી ધનનું આકર્ષણ મટાડીશું તો પણ માનવઆકર્ષણ રહેશે. હિંસા અને માનવઆકર્ષણ બે જીવતાં રહેશે તો પાછી અસમાનતા થવાની જ.'

'મને એનું રહસ્ય ન સમજાયું.'

'ક્રાન્તિ એટલા જ માટે હિંસારહિત થવી જોઇએ. ચન્દ્રાનન સરમુખ્ત્યાર હોય, અને હું તેમનું આકર્ષણ ન સ્વીકારું તો તેઓ મને અને તમને બંનેને ફાસીએ ચડાવે.' તારા બોલી.

'એવું ચન્દ્રાનને કહ્યું છે ?'

'ના.'

અંધારું વધતુ જતું હતું. ઠંડક પણ વધતી જતી હતી. તારાઓ પોતપોતાના ગુચ્છામાં ગોઠવાઈ જતા હતા.

'હવે ચાલીએ.' અશ્વિને કહ્યું.

'મારી બીક લાગવા માંડી, ખરું ?'

'ના. હવે નથી લાગતી.'

'કાલે તો તમે જશો.'

'તમે શી સલાહ આપો છો ?'

'જવું જ જોઇએ.'

'એમ ? માફી માગું તો ?'

'તમે માફી નહિ જ માગો.'

'એક દેખાવ કરી મારું મહત્ત્વ વધારવાનો પ્રયત્ન થશે; નહિ ?'

'દેખાવના ભયથી પાછું પગલું તો ન જ ભરાય ને ?'

'હું મારી પરીક્ષા કરતો હતો. નિષ્ફળતા દેખું છું છતાં પાછું પગલું નહિ ભરું.'

'નિષ્ફળતા ? કેમ ?'

'સફળતા કઈ ? છતાં ગ્રામધર્મ એ ધર્મ કે રાષ્ટ્રધર્મ સરખું જ ઝનૂન માગે છે. હું ગ્રામધર્મ માટે ઝનૂની બનવા ધારું છું.'

'તમારી ધર્મઘેલછામાં હું વધારો કરું. પ્રત્યેક ધર્મકાર્યમાં ચાંદલો કરવો જોઇએ, નહિ ? હું અત્યારે કેમ આવી છું તે જાણો છો ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ના.'

'તમને ચાંદલો કરવા, આ સિવાય બીજે વખત મળશે નહિ.'

'હું જાઉં ત્યારે કરજો.'

'તમને હું જતા જ જોઉં છું.'

'ચાલો ત્યારે, તમારો ચાંદલો હું સ્વીકારું છું. બહુ મોટો ન કરશો.'

'પણ બીશો નહિ; હોં! મોટો પણ થાય.' કહી તારાએ અશ્વિનના લલાટ ઉપર એક ચુંબન કર્યું.

સ્ત્રીઓ aggressive–ઉગ્ર બને તો? અશ્વિન ક્ષણભર સ્તબ્ધ બન્યો. પરંતુ અશ્વિન નિર્વિકાર શાન્તિ અનુભવતો હતો. ગ્રામલક્ષ્મીનો તે પૂજક ન બન્યો હોત તો એક ધનિક એન્જીનિયર તરીકે તેણે તારાનો પ્રેમ સ્વીકારી લીધો હોત, અને તારા અશ્વિનની મોજનું સાધન બની ગઈ હોત. સામે આવતી મોજને જતી કરવી, એ મોજને પવિત્ર બનાવી પૂજવી અને ક્ષુદ્ર લોલુપતાભર્યા સ્પર્શથી ઊગરી સ્પર્શમાં કુમકુમ, ચંદન કે વિભૂતિનો પવિત્ર નિર્વિકાર કેળવવો એ ધર્મપાલનનું પ્રથમ અંગ–પછી એ ધર્મ રાષ્ટ્રધર્મ હો કે સામ્યવાદ હો. ગ્રામધર્મ સ્વીકારી અશ્વિન અને તારા બંને પવિત્ર માનસ કેળવતાં હતાં, સામાન્યતાની સીમા વટાવી જતાં હતાં. એટલી સફળતા આખું જીવન સમર્પી દેવા માટે શું બસ નથી? જગતના સુખમાં–જગતની શાન્તિમાં આવા સંયમી માણસની શું પ્રથમ આવશ્યકતા નથી? કહેવાતી નીતિને હસી કાઢવી એ બરાબર છે. પરંતુ એ નીતિ માત્ર દેખાવ મટી અભ્યાસ બને તો આપણાથી એક ડગલું આગળ ન વધાય? પછી ભલે એ નીતિને પાછું પગલું કહેવામાં આવે! સંયમ વગરની પ્રગતિ વેરાઈ જાય છે. સંયમભરી પ્રગતિ નિશ્ચિત માર્ગે આગળ વધે છે અને નીતિવિરોધી ચન્દ્રાનન પણ કાંઈ ઓછો નીતિમાન ન હતો!

'અશ્વિનભાઈ! અંધારામાં તમારી આંખો તદ્દન રોહિત જેવી લાગે છે.' તારાએ કહ્યું.

'રોહિતને કેમ યાદ કર્યો?'

'હું તમારામાં રહેલા રોહિતને ચુમી છું, તમને નહિ.'

'ગામના બધા જ રોહિતો હું તમને સોંપી જાઉં છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ રોહિતોને સાચવવા હું જીવતી રહીશ.'

સ્ત્રીનો માતૃપ્રેમ એ જ વિશ્વને સજીવન રાખે છે. અને...અને પત્નીત્વની ઉગ્રતા–સ્ત્રીની પુરુષભૂખ એ માતૃત્વનો મિનારો રચનાર પાયો જ છે ને?

શાંત, શીતળ, નીરવ, છુપાતી રાત્રી અશ્વિનને માતાના પ્રતિક સરખી દેખાઈ. અદૂષિત, સામાન્ય, મહાન સહુને એક બનાવતી રાત્રીનું વ્યાપક માતૃત્વ મનોહર હતું, પવિત્ર હતું, પૂજ્ય હતું.

આકાશમાં એક પાસ ચન્દ્ર ઊગ્યો! અશ્વિનનું લલાટ ફરકી ઊઠ્યું!

તારાનો ચાંદલો આવો જ શીતળ અને આવો જ પવિત્ર નહિ? ચુંબન સર્વથા દૂષિત હોતાં નથી.

'ચાલો, હું હાથ ઝાલું?' તારાએ પૂછ્યું.

'જરૂર નથી. પરંતુ હાથ ઝાલશો તો મને હરકત નથી.'

અશ્વિન અને તારા પરસ્પર હાથ ઝાલીને ચાલ્યાં? ચાલ્યાં હોત તો ય શું? જે સ્પર્શ પરસ્પરને વ્યગ્ર, વિકળ અને કામી બનાવે તે સ્પર્શ ભલે વર્જ્ય ગણાય. બંનેને ઉન્નત કરતો સ્પર્શ અપવિત્ર ન જ હોય.

—**રમણલાલ વ. દેસાઈ**

'ગ્રામલક્ષ્મી' ભાગ ૪ થા માંથી.

૧૩

દીકરો!

"આપા દેવાત! આ તમ સારું થઈને હોકાની બજરનું પડતલું આણ્યું છે. ભારી મીઠી બજર હાથ પડી, તે મનમાં થયું કે આ બજરનો ધુમાડો તો આપા દેવાતની ધૂંટમાં જ શોભે."

એમ કહીને ભર ડાયરામાં એક કાઠી આવી વચ્ચોવચ્ચ બેઠેલ એક પડછંદ પુરુષની સામે તમાકુનું પડતલું ધરે છે અને જાણે કોઈ ખંડિયાની પાસે નજરાણું લેતો હોય તેવો એ પુરુષ જરાક ડોકી હલાવે છે. એની સોનાના વેઢવાળી આંગળીઓ દાઢીના કાતરા ઉપર રમે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં તો બીજો કાઠી ઉભો થાય છે : “ આપા દેવાત ! આ નવોનકોર હોકો ય હું ગંગા–જમની તાર મઢાવીને ખાસ તમ સાટુ જ લાવેલ છું. સારું રાચ તો ઠેકાણે જ શોભે ને બા ! ”

થોડુંક મોં મલકાવીને આપા દેવાત હોકાની ભેટ સ્વીકારે છે.

“ —ને આ ઊનની દળી.” એમ કહેતા બીજા ભાઈ આગળ આવે છે. “ આપા દેવાત, તમારી ઘોડીને માથે આ મશરૂ જેવી થઈ પડશે. ઘોડીનું ડિલ નહિ છોલાય. ખાસ બનાવીને આણી છે હો ! ”

ચલાળા ગામના ચોરા ઉપર દરબાર ઓઘડવાળાનાં આઈને કારજે કાઠીડાયરો એકઠો મળેલ છે, ત્યાં તમામ કાઠીઓની મીટ ફક્ત ગૂંદાળાના ગલઢેરા દેવાત વાંકને માથે જ ઠરી ગઈ છે. દેવાતને જ રીઝવવા સારુ સહુ મથે છે. દેવાતની આંખ કરડી થાય એ વાતનો તમામને ફફડાટ છે. દેવાત વાંક જેનો દુશ્મન બને તેનું ગામડું ત્રણ દિવસમાં ટીંબો બને.

આઘેની એક થાંભલીને થડે ડિલ ટેકવીને એક આધેડ અવસ્થાનો મર્દ બેઠેલો છે. પછેડીની પલાંઠ ભીડી છે. એની મૂછો ફરકી રહી છે. એના હોઠ મરક મરક થાય છે. પડખે બેઠેલા કાઠીને એ હળવે સાદે પૂછે છે કે, “ કાઠીઓમાં આ કઢીચટ્ટાપણું કયારથી પેઠું, ભાઈ ! જેની આટલી બધી ભાટાઈ કરવી પડે છે એવો માંધાતા કોણ છે આ દેવાત વાંક ? ”

“ ચૂપ ભાઈ ચૂપ ! આપા લાખા ! તું હજી છોકરું છો. તારું લાખાપાદર હજી દેવાતના ઘોડાના ડાબલા હેઠ પડ્યું નથી લાગતું. નીકર તું ય આપા દેવાતને તારી તળીની કેરિયું દેવા દોડ્યો જાત. ”

“ હું ! મારા આંબાની કેરિયું હું દેવાતને ડરથી દેવા જાઉં ! ના, ના, એથી તો ભલું કે સૂડા પોપટ ને કાગડા મારાં ફળને ઠોલે. કાઠીના દીકરા તો સહુ સરખા : કોણ રાંક ને કોણ રાણા ! આવી રજવાડી ભાટાઈ મારાથી તો ખમાતી નથી. ”

બોલનાર પુરુષનો અવાજ ઊંચો થયો. એના બોલ ડાયરાને કાને પડ્યા અને વચ્ચોવચ્ચ બેઠેલા વિકરાળ કાઠી દેવાત વાંકનું કાંધ એ વાતો કરનાર તરફ કરડું થયું. ધગેલ ત્રાંબા જેવી રાતી આંખ ઠેરવીને એણે પૂછ્યું : “ ઈ કોણ મૂછાળો ચાંદા કરે છે ત્યાં બેઠો બેઠો ? ઉઘાડું બોલોને બાપ ! ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" આપા દેવાત વાંક ! " આદમીએ થડકયા વિના જવાબ દીધો. " ઇ તે હું લાખો વાળો છું. ને ભણું છું કે કાઠીના દીકરા તો સહુ સરખા, છતાં ઊઠીને રજવાડી ભાટાઈ કરવા બેસી જાય, ઇથી તો આપા દેવાતને પણ દુઃખ થાવું જોવે. હરખાવું ન જોવે. "

" આપા લાખા વાળા ! તયેં તો હવે લાખાપાદર ફરતા ગઢ બંધાવજે બા ! "

" તું તારે ચડી આવજે આપા દેવાત ! હું નાની ગામડીનો ધણી ગઢ તો શું ચણાવું ? પણ પાણીનો કળશીયો ભરીને ઊભો રહીશ. આપા દેવાતને શોભતી મહેમાનગતી કરીશ. "

" લે ત્યારે લાખા વાળા. " એમ બોલીને દેવાત વાંકે પોતાની અંજળીમાં કસુંબો લીધો હતો તે ધરતી ઉપર ઢોળી નાખ્યો, ને કહ્યું. " લાખાપાદરને માથે જો હું, મીંઢાનાં હળ હાંકું, તો તો ગૂંદાળાનો દેવાત વાંક જાણજે, નીકર—"

" હાં—હાં—હાં—ગઝબ કરોમાં બા ! " એમ કરતો આખો ડાયરો આડો પડ્યો. ધરડિયા કાઠીઓએ દેવાતના પગ ઝાલીને કહ્યું : " આપા, લાખા વાળો તો બાલક છે, એને બોલ્યાનું ભાન નથી. તમારે સમદરપેટ રાખવું જોવે. "

" ના, ના, આપા દેવાત ! મારું નોતરું અફર જાણજે હો કે ? " એમ કહીને લાખો વાળો તરવાર ભાલો લઇને ઊઠી ગયો. ઘોડીએ પલાણીને નીકળ્યો. કહેતો ગયો કે : " કાઠી તો સંધાય સમોવડિયા. કાઠીમાં ઊંચનીચ ન હોય. પણ તમે સહુએ બીબીને દેવાત જેવા એક મોટા લૂંટારાની ખુશામદ માંડી છે. મારે તો દેવાતને કે દલ્લીના ધણીને નજરાણાં દેવાનો મોખ નથી. બાંધે એની તરવાર અને ગા વાળે ઈ અરજણ. એમાં ભેદભાવ ન હોય. "

એટલાં વેણ સંભળાવીને લાખાપાદરનો ધણી રોઝડી ઘોડી હાંકી ગયો.

*   *   *

ચલાળા ગામથી ચાર ગાઉ ઉપર, બરાબર ગીરને કાંઠે શેલ નામની એક નદી ચાલી જાય છે. કાળા પથ્થરોની એની ભેંકાર ઊંચી ભેખડો વચ્ચે ધીરાં ધીરાં ગરજતાં એનાં પાણી વહ્યાં જાય છે : જાણે કોઈ ભૂતાવળનાં છોકરાં ધાવતાં ધાવતાં હોંકારા કરી રહ્યાં છે.

૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વિકરાળ નદીને કાંઠે પંખીના માળા જેવડું નાનું, લાખાપાદર ગામડું છે. લાખાપાદરની ચોપાસ નદીઓ જ ચાલી જાય છે. ચોમાસામાં તો જાણે પાતાળ લોકની નાગકન્યાઓ પૃથ્વી ઉપર નાચ કરવા નીકળી પડી હોય તેમ અનેક ઝરણાં ફૂટી નીકળે છે. સતજુગના ઋષિ જેવા એક જૂના વડલાની છાંયડી નીચે, પથ્થરની ભેખડમાંથી પાણીનો મોટો ધોધ પડે છે. એ ધોધની આસપાસ લોકોએ ગૌમુખી બાંધીને ગૌમુખી ગંગા સ્થાપ્યાં છે. પડખે જ શંકર બેઠા છે. ત્યાં કુદરતે એકસામટી ગુલાબી કરેણ ઉગાડી છે. આંબાની ઘટા જામી છે. નીચે એ ગૌમુખીને ઝીલનારો, કુદરત માતાએ જાણે માપી માપીને કંડારેલો નિર્મળ કુંડ આવેલો છે. નીચાણમાં ઊંડો ધરો છે. વડલા ઉપર મોરલા ટૌકે છે. ગૌમુખીનાં નીર ખળખળે છે, કુંડમાં નાની માછલીઓ તગતગે છે, ને ધુનામાં મગરો શેલે છે. કુદરતના રૂપની કોમળ અને વિકરાળ એ ય રેખા કેવી જુક્તિથી આંકેલી છે! એવે સ્થળે જન્મનારાં માનવી પણ એક વખત એવાં જ કોમળ અને વિકરાળ હતાં: શુરવીર ને પ્રેમી હતાં. એ ગામનાં તોરણ બાંધનારો જ આ લાખો વાળો. ધનાણી શાખનો એ કાઠી હતો.

લાખાપાદર આવીને એણે ભાઇઓને ખબર દીધા કે પોતે દેવાત વાંકનું ભયંકર વેર વહોરેલ છે. સાંભળીને ભાઇઓ પણ થથર્યા.

તે દિવસથી લાખો વાળો પરગામ જઇને રાત નથી રોકાતા. જ્યાં જાય ત્યાંથી ઝાલરટાણે તો ઝાંપામાં આવી જ પહોંચે.

એ વાતને તો છ આઠ મહિના થઈ ગયા. લાખા વાળાને લાગ્યું કે ભોજો કાં તો ભૂલી ગયો, ને કાં તો થડકી ગયો. એ રીતે મનમાંથી ફડકો ઓછો થયો.

એક દિવસ લાખો વાળો ચલાળે ગયેલ છે. ઓધડ વાળાની ને એના ભત્રીજાની વચ્ચે તકરાર પતાવવાની હતી. સાંજ પડ્યે એણે રજા માગી. પણ ઓધડ વાળો કહે કે: "આપા, આજની રાત તો નહિ જવા દઇએ. અને હવે ક્યાં દેવાત તમારી વાંસે ભમતો ફરે છે!" લાખા વાળો કચવાતે મને રોકાયો.

આંહીં લાખાપાદરમાં શું થયું? સાંજ પડી અને વાવડ મળ્યા કે: "દેવાત કટક લઇને આવે છે." ગામનો ઝાંપો બંધ કરી, આડાં ગાડાં ગોઠવી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો હથિયાર લઈ ઊભા રહ્યા. પણ પોતાના મોવડી વિના લોકોની છાતી ભાંગી ગઈ. ઊલટાના લોકો તો આવું વેર હાથે કરીને વહોરી આવનાર લાખા વાળા ઉપર દાઝે બળી ગયાં.

દેવાતનું કટક પડ્યું. ઝાંપા ઉપર લાખાપાદરના કૈંક જુવાન કામ આવ્યા. ઝાંપો તૂટ્યો, કટક ગામમાં પેસીને વસતીને ધમરોળવા માંડ્યું. નક્કી કર્યું હતું કે લૂંટ કરીકરીને સહુએ પરબારા ગામને સીમાડે કોઈ ઝાડ નીચે મળવું. તે પ્રમાણે સહુ ચાલવા મંડ્યા.

ગામમાં મસાણ જેવી શાંતિ છવાઈ ગઈ. દેવાત સમજતો હતો કે લાખો ઘરમાં સંતાઈ રહ્યો છે. એ લાખા વાળાના ફળીમાં જઇને હાકલા કરવા મંડ્યો કે, “કાઠી ! બા’રો નીકળ, બા’રો નીકળ. તે દિ’ તું કયે મોઢે બક્યો ગયો’તો ! ”

ઓરડામાં ઊભી ઊભી લાખા વાળાની સ્ત્રી થરથરતી હતી. એણે જવાબ દીધો : “ આપા દેવાત ! કાઠી ઘરે હોત તો તો શેલને સામે કાંઠે તને લેવા આવત, સંતાત નહિ. ”

ઊંચી ઊંચી ઓસરીની એક થાંભલીને ટેકો દઇને લાખા વાળાની દીકરી હીરબાઈ ઊભી હતી. પંદર વરસની ઉમ્મર થઈ હશે. દેવાતના પડકારા, લોહી-તરબોળ ભાલો, કે લાલઘૂમ આંખો એ છોકરીને મન જાણે કાંઈક જોવા જેવું લાગતું હતું—બીવા જેવું નહિ. એ શાંત ઊભી હતી. અંધારી રાતે જોગમાયા જેવી લાગતી હતી. મોતની લીલા તો જાણે ખૂબ નિરખી હોય તેવી કરેલી એની મુખમુદ્રા હતી. પેલા વડલાની છાંયડીએ રમેલી; કછોટા ભીડીને ઝાડવે ચડેલી; ધરામાં ઢબઢબીને વજ્ર જેવી એની કાયા બનેલી; શેલ નદીના ધૂનામાં એણે મગર-મચ્છના મોંમાંથી બકરું પણ છોડાવેલું; ને હીરબાઈએ તે લાખાપાદરના ચોકમાં, શેલ નદીના કાંઠા ગુંજી ઊઠે એવો ‘ તેજમલ ઠાકોર’નો રાસડો યે કૈં કૈં વાર ગાયો હતો. ગાયું હતું કે :

“ ઊગમણી ધરતીના દાદા ! કોરા કાગળ આવ્યા રે
એ રે કાગળ દાદે ડેલીએ વંચાવ્યા રે
કાકો વાંચે ને દાદો રહ રહ રોવે રે
ઉપરવાડેથી તેજમલ ડોકાણાં રે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીદને રોવો છો દાદા ! શું છે અમને કેજો રે
દળકટક આવ્યું દીકરી ! વારે કોણ ચડશે રે !
સાત સાત દીકરાએ દાદો વાંઝિયો કેવાણા રે !
હૈયે હીંમત રાખો દાદા ! અમે વારે ચડશું રે ! ”

દેવાતે જોયું તો ફળીમાં એ કન્યા ઊભી હતી તે થાંભલી પાસે જ એક વછેરો બાંધેલો. બાપ સગા દીકરાને ચડવા ન આપે એવો એ વછેરો હતો. લાખા વાળાનો આત્મારામ એ વછેરો ! દેવાતે વિચાર્યું કે “ આ વછેરો લઈ જઈને જગતને બતાવીશ; લાખો વાળો જીવશે ત્યાં લગી નીચું જોઈને હાલશે ! ”

પોતાના હાથમાં ભાલો હતો તે ઓસરીની કોરે ટેકવીને વછેરાના પગની પછાડી છોડવા દેવાત નીચે બેઠો. માથું નીચું રાખીને પછાડી છોડવા માંડ્યો. બરડો બરાબર દીકરી હીરબાઈના સામો રહ્યો.

ઓરડામાંથી મા કહે છે કે : “ બેટા હીરબાઈ, આંહીં આવતી રહે. ”

પણ હીરબાઈ શું જોઈ રહી છે? તૈયાર ભાલો, તૈયાર બરડો અને નિર્જન ફળિયું ! વિચાર કરવાનો એને વખત નહોતો. એણે ભાલો ઉપાડ્યો; ત્યાં ઊભાં ઊભાં જ બે હાથે ઝાલીને એ જોગમાયાએ દેવાતના પહોળા બરડામાં ભાલાનો ઘા મૂક્યો. ભચ દેતો ભાલો શરીર સોંસરવો ગયો. દેવાતને ધરતી સાથે જડી દીધો.

નીચે ઉતરી, દેવાતની જ તરવાર કાઢી, હીરબાઈએ એને ઝાટકા મૂક્યા. શત્રૂના શરીરના કટકા કર્યા. પછી માને બોલાવી કે : “ માડી, પછેડી લાવ્ય. ગાંસડી બાંધીએ. ”

દાણાની ગાંસડી બાંધે તેમ ગાંસડી બાંધીને ઓરડામાં મૂકી દીધી. કોઈને ખબર પડવા ન દીધી.

ધીમે ધીમે ગામમાંથી આખી ફોજ નીકળી ગઈ હતી. સહુને મન એમ હતું કે દેવાત તો મોઢા આગળ નીકળી ગયો હશે.

દીકરીએ તે જ ટાણે ગઢવીને બોલાવ્યા. કહે કે : “ ગઢવા, ચલાળે જાઓ, ને બાપુને કહો પરબારા ક્યાંય ન જાય, આંહીં આવીને એક વાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે મોઢે થઈ ને પછી ભલે દેવાતની સામે જાય; પણ પરબારા જાય તો મને મરતી દેખે."

ગઢવી ચલાળે પહોંચ્યા. દરબારે વાત સાંભળી કે દેવાતે ગામ ભાંગ્યું. લાખા વાળાને માથે જાણે સાતે આકાશ તૂટી પડ્યાં!

"હવે હું શું મોઢું લઈ લાખાપાદર આવું? પરબારો શત્રુઓને જ હાથે મરીશ."

પણ એકની એક દીકરીના સમ! ડાહી દીકરી શા સારુ બોલાવતી હશે? મારા સંતાનને મારું મોઢું કાળું કરવાની કુમતિ સૂઝે શું? કાંઈક કારણ હશે! જાઉં તો ખરો.

દરબાર ઘેર પહોંચ્યા ત્યાં ધીરેક રહીને દીકરીએ કહ્યું: "બાપુ, તમારે જાવું હોય તો ભલે, પણ કટક કોરું નથી ગયું. એક જણને તો મેં આંહીં રાખ્યો છે."

એમ કહીને ઓરડામાં લઈ જઈ ને ગાંસડી છોડી બતાવી. લાખા વાળાએ મોઢું ઓળખ્યું. એ તો દેવાત વાંક પોતેજ.

દરબારનું હૈયું હરખથી અને ગર્વથી ફાટવા લાગ્યું. એણે દીકરીને માથે હાથ મૂક્યો. એ બોલ્યો: "બેટા! દુનિયા કહેતી'તી કે લાખા વાળાને દીકરી છે. પણ ના, ના, મારે તો દીકરો છે!"

"અને મૂરખા દેવાત! વછેરાની પછાડી વાઢવા તું શીદ નીચે બેઠો! ઊભાં ઊભાં તરવારથી કાપતાં ન આવડ્યું! પણ તારાં અભેમાન ક્યાં ઓછાં હતાં!"

—ઝવેરચંદ મેઘાણી

'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ બીજામાંથી

૧૪

લગ્ન

આ તો ત્રીસ બત્રીસ વર્ષની વાત છે. તે વખતે ઊંચી ગણાતી ન્યાતોમાં –સુધરેલાં ગણાતાં કુટુંબોમાં પણ છોકરી દસ અગિયાર વર્ષની થઈ એટલે એનાં લગ્નની વાતો ચાલવા માંડે. તે પહેલાં સગપણ તો ઘણે ભાગે થઈ ગયેલું હોય જ, એટલે જો છોકરી બાર વર્ષની થઈ ને સગપણની વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરખીએ ના સંભળાય તો તો પછી માબાપ ઉપર પસ્તાળ પડે એમાં નવાઈ જ શી! સંતાન ઉપર પ્રથમ હક્ક માબાપનો હોય–લગ્નથી સુખી દુઃખી થનાર પરણનાર વ્યક્તિ અથવા તેનાં માતાપિતા, છતાં બોજો જાણે કે સારી જ્ઞાતિ ઉપર! એમ મારી બાબતમાં થયું. બ્હેનનું સગપણ એક વાર કરીને તોડવું પડ્યું અને વિચારો જરા આગળ વધ્યા એટલે માતાપિતાનો દૃઢ નિશ્ચય કે જ્યારે સારું કુટુંબ અને સારો સંબંધ મળે ત્યારે જ સગપણ કરવું. છતાં જ્યારથી મારી ઉમર બાર વર્ષની થઈ ત્યારથી સગાં સ્નેહી બધાં ઊલટ્યાં–ને મોઢે તેમ જ પાછળ ખૂબ ચર્ચા કરવા મંડ્યાં કે આવડી મોટી છોકરી કરવી ને સાપનો ભારો સંઘરવો તે વ્યાજબી નથી. ગમે તેમ લાકડે માંકડું વળગાડી દેવાના પ્રયત્નો થવા માંડ્યા. બાર વર્ષની ઉમર એ તો અવધિ. એ તો બહુજ મોટી ઉમર થઈ એટલે પંથ વર તો મળે જ નહિ. માટે બીજ વરની તૈયારી થવા માંડી–કોઈ કાંઈ નામ સૂચવે ને કોઈ કાંઈ નામ સૂચવે. પરણનાર વ્યક્તિને તો ખ્યાલ પણ નહિ કે શેની વાતો ચાલે છે. એકાદ વાર તો લગભગ ખાસી મોટી ઉંમરના કુટુંબકબીલાવાળા ગૃહસ્થ સાથે લોકોએ પોતે પોતાની મેળે જ પાટિયું ગોઠવ્યું પણ ખરું. સદ્‌ભાગ્યે તે વખતે માસી બહુ મક્કમ રહ્યાં ને લોકનું ચાલ્યું નહિ. કાઠિયાવાડ, કચ્છમાં તો છેક જ બાળકપણમાં લગ્ન થાય એટલે જો પહેલી કે બીજીવારની બૈરી ગુજરી તો પછી જરૂર તો મોટી ઉંમરની બૈરીની પડે. ગુજરાતમાં કાંઈક મોટી મળે. એટલે એ લોકની દૃષ્ટિ ગુજરાત તરફ દોડે. ગુજરાતમાં એકાદ બે નાગર કન્યા બાર વર્ષની છે એમ કાઠિયાવાડમાં જાણ થઈ એટલે તો પછી જેમ એક કારકુનની જગ્યા સરકારમાં ખાલી પડે ને સેંકડો અરજીઓ આવે છે તેમ કચ્છ કાઠિયાવાડમાંથી તો ખરેખર સહી, સર્ટીફિકેટ સાથે મારા પિતા ઉપર અરજીઓ આવવા માંડી. તે વખતે મને તો ભાન પણ નહોતું, અને જે હોય તે વાપરવાની જરૂર નહોતી કારણ કે માતાપિતાએ બધાંનો નકાર કર્યો. વડીલોનો દૃઢ નિશ્ચય અચળ રહ્યો અને ચૌદ વર્ષ થયાં ત્યાં સુધી કાંઈ જ હિંમત હાર્યાં નહિ ને ઇશ્વર ઉપર વિશ્વાસ રાખીને બેઠાં, તે જેમ દિવસ જાય તેમ હિંમત વધારે આવી ને એમ જ નિશ્ચય કર્યો કે જ્યારે સારું ઠેકાણું મળશે ત્યારે જ છોકરીને પરણાવીશું. કુંવારી રાખીશું પણ ખાડામાં તો નહિ જ નાખીએ. નિકટનાં સગાં સંબંધીઓ ને ન્યાતજાતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોની ટીકાઓ સહન કરીને એટલી હિંમત રાખવી એ તે જમાનામાં ઓછી કસોટી નહોતી ગણાતી.

છેવટ માતુશ્રીને વિચાર સૂઝયો. સુરતમાં રા. બા. નંદશંકરભાઈના કુટુંબ સાથે સારો સંબંધ ઘણાં વર્ષથી અને ભોળાનાથભાઈને એ કુટુંબ સાથે સંબંધ કરવાની બહુ ઇચ્છા પણ એ બન્ને કુટુંબ સગોત્રી એટલે બન્યું નહિ. એમ બધી વાત માતુશ્રી જાણે. ડૉ. બટુકરામ તે નંદશંકરભાઈના મોટા જમાઈ. તેમને અને મારા પિતાશ્રીને પણ ઓળખાણ સારું, તેથી એ ઘર તરફ નજર ઠરી. તજવીજ થવા માંડી. એમના પુત્ર રા. સુમંતભાઈ તે વખતે મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરતા અને ઉંમરમાં પણ અમારે પાંચ વર્ષનો તફાવત. ઘણા ઘણા વિક્ષેપો નડ્યા. મુ. રમણભાઈનો ખૂબ પ્રયાસ–ડૉ. બટુકરામભાઈ ઇંગ્લંડ જઈ આવેલા એટલે ન્યાતનો વાંધો, છતાં મિત્રવર્ગની હિંમત, ખાસ કરીને રા. બા. લાલશંકર ઉમીઆશંકર અને રા. બા. હરગોવિંદદાસ કાંટાવાળા એ બન્નેનો ખૂબ ટેકો એટલે વાટાઘાટ થઈ. સંજોગ એમ બન્યો. મેટ્રિક્યુલેશનની પરીક્ષાનું પરિણામ ૧૮૯૭ ના ડીસેમ્બરમાં જણાયું તે વખતે રમણભાઈએ રા. કૃષ્ણલાલ ઝવેરીને કાગળ લખેલો કે હું અને મારા ભાઈ ગટુભાઈ બન્ને પરીક્ષામાં બેઠાં છીએ તેથી પરિણામ જણાયે તાર કરવો. પરિણામને દિવસે નીચે પ્રમાણે તાર આવ્યો.

"ગટુભાઈ, શારદા, દીનબાઈ પાસ થાય છે. શ્રીપદનાં અભિનંદન."

('શ્રીપદ' તે ડૉ. સુમંતનું મોસાળનું નામ. અને ઘણે ભાગે એ જ નામે તે ઓળખાતા.) આ તો સહેજ જ બીના બની. પણ એ વાત કુમળા મગજમાં પેઠી. અને ત્યારથી મનમાં એ વાત જરા ખૂંપવા લાગી. અને જ્યારે જ્યારે માતુશ્રી લગ્ન વિષે વાત કરે ત્યારે શરમને લીધે ઝાઝું તો બોલાય જ નહિ. પણ બેચાર નામ સૂચવે તો એમ જવાબ દઉં કે ડૉ. બટુકરામના છોકરા સાથે થાય તો સારું. કારણ કાંઈ જ સમજવામાં નહોતું પણ કાંઈક પ્રેરણા જ એમ થતી. આમ એક પછી એક પાટિયાં ગોઠવાયાં અને અનેક વિઘ્નો વટાવીને સગપણ તો ગોઠવાયું. એક એકનો પરિચય જરા નહિ–પણ મનથી શ્રદ્ધા. એટલે પાસો નાખ્યા બરોબર હતું. પણ તે જમાનો જુદો હતો એટલે પરિચયની અપેક્ષા નહોતી.

સગપણ થયા પછી લગ્ન થોડા વખતમાં કરવાની ઉતાવળ થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેમકે ડૉ. બટુકરામનો વિચાર પુત્રને જલદી ઇંગ્લંડ અભ્યાસ માટે મોકલવાનો હતો. અને એ જ કારણસર પહેલાં કરેલું સગપણ તેમણે તોડ્યું હતું. તેમાં પણ અનેક અંતરાયો નડ્યા. છતાં વડીલોની દૃઢતા અને મિત્રોની સહાયથી બધું સાંગોપાંગ ઊતર્યું. ઘણી જ સાદાઇથી છતાં દરેક ધર્મવિધિ સાચવીને લગ્નવિધિ થયો. ડૉ. બટુકરામને રૂઢિનાં બંધનો પ્રત્યે જરા પણ સહાનુભૂતિ નહિ. અને અમારા કુટુંબમાં પણ તે જ વૃત્તિ. એટલે કાંઈ વિક્ષેપ પછી તો નડ્યો નહિ.

આ પ્રમાણે અમે લગ્નસંબંધથી જોડાયાં. રા. બા. લાલશંકરભાઈએ એ કૌટુંબિક ઈશ્વર પ્રાર્થના સમયે અમને આશીર્વાદ આપ્યો અને પરિણીત જીવનની ગંભીરતા, અને સ્ત્રીપુરુષનાં સંયુક્ત કર્તવ્યનો ઉત્તમ બોધ આપ્યો. એ બોધવચન કુમળાં મગજ ઉપર હમેશ માટે કોતરાઈ ગયાં.

લગ્ન પછી અમે પતિપત્ની–તે વખતે તો બહુજ વિચિત્ર લાગતું–થોડીવાર પરિચયાર્થે મળ્યાં. છતાં એ મેળાપમાં કાંઈ અર્થ નહોતો. અરસપરસ હૈયાં ખાલી નહોતાં થયાં. એટલે કાંઈ મનોભાવ માલુમ પડ્યા નહિ. લગ્ન પછી તરત જ મારા પતિને ઇંગ્લંડ વધુ અભ્યાસ માટે જવાનું હતું એટલે થોડા વખત માટે અભ્યાસમાં નડતર થાય એમ કરીને અમને વધારે પરિચય ના થાય એમ ગોઠવણ થઈ. અને વડોદરે ના જતાં અમદાવાદમાં જ મારે રહેવાનું નક્કી થયું. દરમ્યાન અમારે પત્રવ્યવહાર શરૂ થયો. અને એ પ્રમાણે એક બીજાના વિચારની આપલે કરી અને અરસપરસ સારી રીતે ઓળખાણ થઈ. ઇંગ્લંડ જતાં પહેલાં એકવાર ફરી મેળાપ થયો પણ તે માત્ર થોડા કલાકનો. છતાં તે વખતે જરા વધારે સ્વભાવપરીક્ષા થઈ.

ઇંગ્લંડ ગયા પછી એટલે બરોબર સાડાચાર વર્ષનો નિયમિત પત્રવ્યવહાર ચાલ્યો. અને તેમાં અમે બન્ને અમારા વિચાર, અભિપ્રાય અને અનુભવ ઠાલવતાં. એટલે ઠીક ઠીક પરિચય થયો ખરો. છતાં દૂર તે દૂર–ખરો પરિચય તો પ્રત્યક્ષ પરિચયમાં આવ્યા પછી જ થયો. છતાં ત્યાં સુધી મનમાં એક અડગ અનેરો વિશ્વાસ એટલે સંપૂર્ણ સંતોષ હતો. શા કારણને લીધે તે કહી શકાતું નથી! માતાપિતાને બાળકો માટે કેટલો ઉદ્વેગ વેઠવો પડે છે, કેટલી કસોટીમાંથી પસાર થવું પડે છે તેનો અનુભવ એ ઉમરે પણ થયો. એ ઋણ અને એવાં બીજાં અનેક ઋણો વાળવાં તો અસંભવિત છે!

—શારદાબહેન મહેતા
'જીવનસંભારણાં'માંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

કુર્તાલમ્

કન્યાકુમારી છોડ્યું અને આનંદોત્સવ પછી અનુભવાતી ગ્લાનિ જેવો ભાવ હૃદયમાં થવા લાગ્યો. માતૃભૂમિનો છેક છેવટનો દક્ષિણ છેડો જોઈ લીધો. એક સાક્ષાત્કાર તો થયો. પણ હવે? કન્યાકુમારીનાં દર્શનનો પ્રસન્ન ઉલ્લાસ તો મનમાં વ્યાપેલો જ હતો. છતાં એક મ્લાન પ્રશ્ન થયો. 'હવે ફરીને આ ક્યારે જોઈશું?'

પણ જીવનની ક્ષણભંગુરતા અને ભાવિની અનિશ્ચિતતાનો વિચાર કરવાનો ઝાઝો વખત ન હતો. હજી મદ્રાસ લગીનો આખો પૂર્વ કિનારો, મહાન તીર્થધામોથી ભરપૂર એવો જોવાનો હતો. વહેલામાં વહેલું બીજે સ્થળે ક્યારે પહોંચાય તેની ગોઠવણ વિચારતાં અમે રેલવેનાં ટાઇમટેબલો ઉથલાવવા માંડ્યાં.

વળતાં નાગરકોઇલિમાં ખૂબ થોભવું પડ્યું અને એટલે સાંજે તેન્કાશી પહોંચવાની યોજના પાર ન પડી. નાગરકોઇલિથી ઉત્તરે ૪૩ માઇલ આવેલા તિનેવેલીમાં જ અમારે રાત પડી ગઈ અને ત્યાં કેટલીક મઝાની મુશ્કેલીઓમાં ઊતરવું પડ્યું.

હવે અમારો પ્રવાસ ઉત્તરાભિમુખ બન્યો. હરિત વનરાજિથી વિભૂષિત મલબાર છોડીને અમે જરા સૂકા છતાં લાક્ષણિક સૌંદર્ય ધરાવતા પ્રદેશમાં પ્રવેશ કર્યો. આખા દક્ષિણમાં પૂર્વ અને પશ્ચિમ કિનારે પોલા થડની જાતિનાં વૃક્ષો નાળિયેર, ખજુરી, તાડ, પાલ્માયરા, કેળ, સોપારી પુષ્કળ પ્રમાણમાં છે. નાનાનાના પર્વતો અને ટેકરીઓ કે સપાટ જમીન સાથેનું તેમનું પલટાતું સૌન્દર્ય એક મહા મધુર દર્શન થઈ પડે છે.

પ્રવાસનાં સંસ્મરણો તાજાં કરતાં અહીં જોયેલાં તીર્થધામો અને સ્થાપત્યસમૃદ્ધિના જેટલાં જ અહીંની કુદરત અને તેના રસ્તા પણ યાદ આવ્યા કરે છે. પચાસપચાસ કે સોબસો માઈલના મુસાફરીના મોટામોટા ગાળાઓમાં ઝડપથી જતી મોટર કે ટ્રેન પણ છેવટે મંદગતિ બની જતી લાગે છે. તેમાં બેઠાંબેઠાં આજુબાજુની ભૂમિનું દર્શન નિરાંતે કરી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીંની ભૂમિની વિવિધતા એટલી બધી છે કે વેગથી વધતું યાન પણ તેને ખલાસ કરી શકે તેમ નથી.

આ દક્ષિણમાં જતાં રહેલાં પેલાં શિખરો. એમના પર વનસ્પતિ નથી. એમની નિર્વસન કાયા ખાખી બાવા જેવી લાગે છે. અણીદાર ઊંચાં શિખરોવાળી એ ટેકરીઓ મનોરમ શંકુઓ જેવી, શેતરંજની જાતજાતની સોગટીઓ જેવી લાગે છે. વાદળામાં ઢંકાતો અને ખુલ્લો થતો સૂર્ય તેમની નીલિમાને ઘડીમાં ચળકતી તો ઘડીમાં ઘેરી કરી મૂકે છે. એમના પર કોઈ ઢોરઢાંખર જતું નથી, કોઈ દેવસ્થાન પણ ત્યાં નથી, ત્યાં જઈને તેના પર ચડવાથી કશી પ્રાપ્તિ પણ નથી થવાની એમ જાણવા છતાં આ ટેકરીઓ કેવી ચુંબક જેવી આકર્ષી રહી છે! અહીંથી દોડીને ત્યાં ચડી જવાનું મન થાય છે. પણ એ શકય નથી. ત્યાં જવાથી ઊલટું હૃદય ઉદાસ થશે એમ ખાતરી છે. ત્યારે આ આકર્ષણ શાનું?

મને મુગ્ધ કરનાર પેલાં સ્ત્રીઓના કાનમાંનાં નાળિયેરનાં ઝૂમખાં જેવાં લોળિયાં હવે વિશેષ દેખાવા લાગ્યાં. લોકોના શરીરમાં સૌષ્ઠવ બહુ થોડું દેખાતું હતું. પુષ્ટ કે જાડાં માણસો પણ બહુ થોડાં જ મળતાં. આ બાજૂની ઘણી સ્ત્રીઓ ખાસ કરીને હલકી જાતિની સ્ત્રીઓ કાંચળીચોળી કશું પહેરતી નથી. એમના ખભાનાં હાડકાં અને પહોળાં મોંમાંના પુષ્કળ પાન ખાવાથી કર્બુરવર્ણા બનેલા વાંકાચૂંકા દાંત આંખને અળખામણા લાગે છે. અંગને વિકૃત કરીને સૌંદર્ય સાધવાની આ ટેવ માનવજાતિમાં કયાંથી આવી હશે? અહીંની સર્વવ્યાપી અરૂપતામાં કોઈક નજરે ચઢતી સૌષ્ઠવવાળી આકૃતિ મનમાં ચોંટી જતી. ઝડપથી ચાલતી મોટરમાંથી જોઈ લેવાયેલી રસ્તાની બાજૂએ ઊભેલી ભરાઉ ડિલની અને સુરેખ આકારની એક જુવાન સ્ત્રીની મુખાકૃતિ હજી મગજમાંથી ભૂંસાઈ નથી.

અંધારું થયે અમે તિનેવેલીમાં પ્રવેશ કર્યો. આખી રાત અહીં ગાળવાની હતી. અહીંની ઉત્તમ ગણાતી હોટલ પણ સંડાસથી વધારે સારી ન લાગી. અને ભાડું રોજનો રૂપિયો. છેવટે લોકલબોર્ડના છત્રમનો આશરો લીધો. ત્યાં સૂવાને ખુલ્લી અગાસી તો મળી જ. પણ મચ્છરોએ ઠીક ત્રાસ આપ્યો.

સવારે અઢી વાગે એક કોલાહલથી જાગી પડું છું, અને સાંભળું છું તો શુદ્ધ કાઠિયાવાડીમાં બે જણ વાતો કરે છે, ખાસી બૂમો પાડીને! મને નવાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ. એ તો મદ્રાસમાં રહેતા વેપારી જુવાન નીકળ્યા, અને તે ય ઓળખીતા. ઓળખીતા એ રીતે કે તેઓ 'સુન્દરમ્'ને ઓળખતા હતા. તે જ હું! એમ મેં કહ્યું ત્યારે તેઓ જરા આશ્ચર્યચકિત બન્યા. એમણે મારી ઊંઘ ભાગી તે માટે એમને દોષ દેવાનું હવે મન ન રહ્યું. ગૂજરાતીઓનું અહીં દર્શન એ જ મોટું આશ્વાસન હતું. જો કે એમાં જરા વધારે લાગણીવેડા હતા. કારણ આ વેપારીઓને તો અહીં બધું ઘર જેવું જ છે. આ તો એમના વેપારનાં ખેતર. અફસોસ કે અહીં હવે એમને પહેલાંના જેવો હાથ વાગતો નથી.

સવારના પહોરમાં જ અમે નીકળ્યા. અમારું લક્ષ્ય હતું અહીંથી પશ્ચિમમાં ૪૫ માઈલ પર આવેલા કુર્તાલમના સ્નાન કરવા યોગ્ય ધોધ. આપણા કાઠિયાવાડની ગાડીઓની બેન જેવી ગાડી ઠચુક ઠચુક કરતી ચાલતી હતી. ઉત્તરપશ્ચિમમાં જતી ગાડીની સાથે એક ગિરિમાળા પણ શરૂ થઈ. કન્યાકુમારી જતાં જેના માથે સુવર્ણમુગટ જેવો સૂર્ય ઊગતો જોયો હતો તે જ મહેન્દ્રગિરિ અહીં લંબાયો હતો.

સવારથી જ ધુમ્મસ ફેલાયું હતું. હવામાં ભેજ હતો. અને લંબાયેલી ગિરિમાળાનાં શિખરો ઉપર વાદળો અને ધુમ્મસની વિવિધ લીલા ચાલુ હતી. મોટું ટીપણું ઉખેળાતું હોય તેમ પાલ્માયરા વૃક્ષોની વિવિધતાથી ભરપૂર એવો ભૂમિપટ ઊઘડવા લાગ્યો. કોઈ મોટા બગીચામાં જાણે બાબાગાડીમાં બેસાડીને અમને કોઈ ફેરવતું ન હોય!

ગિરિમાળા ક્યાંક દબાતી હતી તો ક્યાંક જરા દૂર જતી રહેતી. એની ભૂખર કાયા કદીક વાદળ કરતાંય શ્યામ બની જતી. અને તેના પરનાં વાદળની કાળી ધવલતા મનોહર બની જતી. ક્યાંક તો પર્વત અને વાદળના રંગ એવા મળી જતા કે પર્વતનું શિખર ક્યાં છે કે વાદળ ક્યાં છે તે શોધવું અશક્ય થઈ પડતું. વાદળોને આ પર્વતની ટોચ પર રમવાની કેવી મઝા પડતી હશે? મેં જેટલી આવે તેટલી બાલિશ કલ્પનાઓને મારા પર સવાર થવા દીધી. ગાડીનો ધીરો વેગ, હવામાં ભેજ, સૂર્યનું અદર્શન, કશી પ્રવૃત્તિનો અભાવ અને પ્રકૃતિની માદક રમણીયતા આટલું બધું ભેગું થયું હોય ત્યાં નર્યા ભૂતાર્થવાદી કેમ કરીને રહી શકાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેન્કાશી આવ્યું. નામનો અર્થ છે દક્ષિણનું કાશી. પણ કાશીનો મહિમા આ સ્થળને નામ પૂરતો જ મળ્યો છે. એનો ખરો મહિમા ધારણ કરનાર તો જરા ઉત્તરમાં આવેલું કાંજીવરમ્ છે. ગામમાં એક જીર્ણ મંદિર છે. એક 'વંડી' વાળો 'એટ આના, એટ આના' કરતો અમને લઈ ગયો. વંડી એટલે ગાડી એ અર્થ ઠેઠ ત્રિચિનાપલ્લીમાં સમજાયો. વંડીવાળો ન સમજે હિંદી કે અંગ્રેજી. અમે સહેલામાં સહેલુ હિંદી બોલીએ તો પણ કેવળ ડોકું હલાવે.

કુર્તાલમ્ અહીંથી સાડા ત્રણ માઈલ હતું. આ વંડીએ જેટલો કંટાળા-રસ પાયો તેટલો બીજા કોઈએ આ પ્રવાસમાં પાયો નથી. ધીરેધીરે કશી ઉતાવળ વિના ચાલતા આ ગાડામાં એક કલાક જતાં ને એક કલાક આવતાં મહામુશ્કેલીએ ગાળ્યો.

તામ્રપર્ણી નદી એક ઢીંચણવા ઊંડી હતી. નાનકડા ગામને પશ્ચિમ છેડે એક દોઢસો બસો ફૂટ ઊંચી ટેકરી પરથી નદી નીચે ભૂસકો મારે છે. આપણે ઓટલા પરથી કૂદતા હોઈએ તેવું લાગે છે. જોગનો ધોધ જોયા પછી હિંદમાં એકે એવો ધોધ નથી રહેતો કે જેનું સૌંદર્ય ન જોવા માટે તમારે પસ્તાવાનું રહે. હાથીના પગલામાં બધાંનાં સમાઈ જાય. પણ કુર્તાલમની મઝા જુદી જ જાતની છે. અહીં મઝા છે અંદર નહાવાની. બસોએક ફૂટ ઊંચા એક ઓટલા જેવા ખડકની કિનાર પરથી તામ્રપર્ણી સરી આવતી દેખાય છે. અધવચ બીજા ઓટલા પર તે ઘડી થંભે છે અને હવામાં ઊતરતી પરીની પેઠે પોતાનાં હિમધવલ ઉત્તરીય ફેલાવતી હોય તેમ ફરીને નીચે ઊતરે છે. આછો મીઠો અવાજ અહીં થાય છે. અહીં રાજા ધોધની ગર્જના કે પ્રચંડ પ્રતાપ નથી. કાળા ખડક પર સફેદ વર્ણની તામ્રપર્ણીનો પ્રવાહ શિવ ભભૂતિ લગાવીને બેઠા હોય તેવો લાગે છે. ખડકના મૂળમાં પડેલા પત્થરોમાં લાંબો ઓટલો બનાવી તેની આગળ એક લોખંડનો કઠેડો બનાવ્યો છે. કઠેડા અને ખડકની વચ્ચેના આ ભાગમાં સ્નાન કરવાનું. ચાલીસેક ફૂટના આ લાંબા ગાળામાં વચ્ચોવચ્ચ પાણીનો વધારે મારો છે, અને છેડે નાનાનાના ધૂધવા છે. ચોમાસામાં આ પાણીના પ્રવાહ વધારે પુષ્ટ અને પ્રબળ બનતા હશે. પણ આ તામ્રપર્ણીને તથા તેના નાનકડા ધોધને યાદ કરું છું તે માત્ર તેના સ્નાનને લીધે. જોગનો ધોધ ભલેને મહા ધોધરાજ રહ્યો. પણ તેણે સ્નાન કંઈ થોડું કરાવ્યું હતું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

એક પડખે પડતા નાના ધૂધવા નીચે હું ઊભો. પડતું પાણી ઠીકઠીક વાગતું હતું. ત્યાંથી જરા આગળ ચાલ્યો. પાણીની સેર ધડધડાટ કરતી, દસેક ફૂટમાં ફેલાઈને પડતી હતી. ખડકના મૂળમાં પાણી ઓછું હતું. ત્યાંના રોજ નહાનારા તો અંદર પેસી નિરાંતે ઊભા હતા. હું હિંમત કરી અંદર ધસ્યો. આંખો મીંચાઈ ગઈ હતી. કઠેડાને પકડી હું ચાલ્યો. પાણીનો માર વધવા લાગ્યો. ઉપરથી પડતાં પાણી મારો ઉપહાસ કરતાં હોય તેમ ‘નાસ, નાસ’ કહેતાં મારી પર તૂટી પડતાં હતાં. પીઠ પર જાણે કોઈ ફૂઆ ટીપવા લાગ્યું. આંખ મીંચીને, રૂંધાતા શ્વાસે પેલી બાજૂ નીકળી ગયો.

એક શ્વાસ લીધો. હજી આ બાજુ આવવાનું હતું. આંખ મીંચી ઝુકાવ્યું. બીજી વાર એટલું મુશ્કેલ ન લાગ્યું. ધોધથી ચામડી ટેવાઈ જાય તો પછી આટલું મુશ્કેલ આ ન લાગે. જુઓ ને, પેલા અહીંના લોકો તો જાણે શાવરબાથ લઈ રહ્યા છે.

મને વિચાર આવ્યો. લોકોએ અગ્નિનું દિવ્ય જેવી રીતે યોજ્યું છે તેવી રીતે જલનું પણ કેમ નહિ યોજ્યું હોય. માણસના સતની કસોટી કરવી હોય તો રાજા ધોધ જેવા ધોધની નીચેથી તેને પસાર થઈ જવા કહેવું! તામ્રપર્ણીનાં પાણી પીઠ પર ઝીલતાંઝીલતાં રાજા ધોધને જન્મ આપતી શરાવતી યાદ આવી. કોઈ દૈવી વરદાન મળે, શરીર વજ્ર જેવું બની જાય અને પછી રાજાના મૂળમાં નહાવાની શી મઝા આવે!

સ્ટેશને આવ્યા. ગાડીને હજી વાર હતી. નાસ્તો કરવાની શરૂઆત કરી. પણ શું આશ્ચર્ય! ખાધું, ખાધું, અરે કેટલું ય ખાધું પણ કેમે કરી પેટ ભરાય જ નહિ. આ શું? સાંજે મદુરા પહોંચ્યા ત્યારે ત્યાંથી જાણી શકાયું કે એ તો પ્રતાપ કુર્તાલમના ધોધના પાણીનો. યાત્રીઓ ધોધનું પાણી પીવાનું અને સાથે ભરી લેવાનું ચૂકતા નથી. એમાં ભૂખ પ્રગટાવવાનો એવો પ્રબળ ગુણ છે.

—સુન્દરમ્

‘દક્ષિણાયન’ માંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬
એક કોયડો
૧

પાંચ મિત્રોમાં ગુણવંતરાય વિદ્વાન હતા; સતીશકુમાર કલ્પનારંગી, કોડીલા અને રસભોગી કવિ હતા; કુદરત અને માનવ ભાવોને આકૃતિમાં હૂબહૂ મૂર્ત કરનાર તારકનાથ કુશળ ચિત્રકાર હતા; જગતની સર્વ વસ્તુઓને તત્ત્વજ્ઞાનની કસોટીએ કસી જોનાર ગૌરીશંકર ફિલસૂફ હતા; અને કૃષ્ણદેવ એક સામાન્ય સંસ્કારી માણસ હતા.

ગુલામની મનોદશા જેવા ગુણવન્તરાય વિદ્વત્તાના સ્વામી નહોતા પણ ગુલામ હતા. ગુલામને જેમ એનો ધણી જ સર્વ કંઈ, તેમ આ વિદ્વાનને વિદ્વત્તા જ એમનું સર્વસ્વ હતી. સમાજ, સાહિત્ય, રાજકારણ અને ધર્મ ઉપર એમણે ઘણા ગ્રંથો લખ્યા હતા. જીવનના સર્વ વિષયોમાં પુનર્વિધાનવાળી મૌલિક દૃષ્ટિ માટે જનતામાં એમની ખ્યાતિ હતી. વિદ્વત્તાવડે જ એ જીવતા. સતીશકુમાર તરંગી જીવ હતા. સ્વપ્નો, કલ્પનો, દર્શનો અને ભાવનાઓ જ એમનું જગત હતું. તારકનાથને મન સ્મૃતિસાધના જ જીવનનું મૂળ તત્ત્વ હતી. કવિતા અને વિદ્વત્તાની એમને બહુ પરવા નહોતી. ગૌરીશંકરની પોતાની દુનિયા વળી જુદી હતી. જીવનનાં બધાં તત્ત્વોનું નવી દૃષ્ટિએ ચિંતન કરીને એક અદ્ભુત અને અભૂતપૂર્વ જીવનફિલસુફી એમને રચવી હતી. અને એ માટે એઓ દુનિયાની બધી વસ્તુઓને નાચીજ ગણીને ફિલસુફીમાં જ મસ્ત રહેતા. કૃષ્ણદેવ દુનિયાનાં બધાં તત્ત્વોની દરકાર કરીને, કુદરત અને સંસારને પોતાનાં કરીને, જીવન સમજવાનો અને જીવવાનો પ્રયત્ન કરતા.

આ પાંચે વિભૂતિઓમાં મૂલગત જીવનભેદ હોવા છતાં જગતમાં અનેક પરસ્પર વિરોધાભાસવાળી વસ્તુઓની જેમ આ પાંચ જીવોની મૈત્રી પણ એક અવનવી વસ્તુ હતી. પાંચે મિત્રો હતા છતાં દરેક પોતપોતાની વિશિષ્ટ રીતે પોતાનું આયુષ્ય કાપતા.

૨

એક દિવસ પાંચે મિત્રો નદીકિનારે ફરવા ગયા. માનવતા, સમુત્ક્રાંતિ, ઓલ્શેવિઝમ, કોમ્યુનિઝમ, ઇમ્પીરિયાલિઝમ, કુદરત અને વિજ્ઞાન જેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંભીર વિષયો ઉપર એમની વાતચીત અને વિવાદ ચાલતાં. એટલે રોજની જેમ વાત નીકળતાં બધી વાતોમાંથી "મહત્તા" નો પ્રશ્ન ઉદ્ભવ્યો. મહાન કોણ ? એ પ્રશ્ને ચર્ચા અને વિવાદનું સ્વરૂપ પકડ્યું.

ગુણવંતરાય : " વિદ્વત્તા એ જ જીવનનું સાચું સૌન્દર્ય છે અને સૌન્દર્ય-વિનાનો માણસ હીણો લાગે છે. હું તો એને માણસ કહેતાં પણ અચકાઉં."

સતીશકુમાર : " સૌન્દર્યની મારી ભાવના જુદી છે. સૌન્દર્ય હોય પણ એને જોવાની અને માણવાની દૃષ્ટિ હોય તો જ એની સાર્થકતા છે. અને કવિ વિના એ દૃષ્ટિ શક્ય નથી."

તારકનાથ : " એક વિચારને કે કલ્પનાને કોઈ વિદ્વાન નિબંધરૂપે આલેખે, કવિ એને કવિતામાં મૂર્ત કરે પણ કલાકાર એને પોતાનામાં પ્રત્યક્ષ કરીને ચિત્રમાં સરજે એ વસ્તુ અપૂર્વ છે. નિબંધ બુદ્ધિવાળો પંડિત જ સમજે, કવિતાને કોઈ ભાવનાશાળી માણે પણ ચિત્રને તો બે આંખવાળો બહેરો મૂગો અને સાદી સમજવાળો કોઈપણ માણસ પોતાનું કરી લે."

ગૌરીશંકર : " સૌન્દર્યની ભાવના સાપેક્ષ છે. વિષયીને મન સ્થૂલ રૂપ જ સર્વસ્વ છે, વિદ્વાનને પાંડિત્ય એ જીવનનું સૌન્દર્ય છે, કવિની સૌન્દર્યભાવના વળી કલ્પના જેવી અગમ્ય છે. હું તો એમ કહું છું કે વસ્તુની ફિલસૂફી જ જો માણસને ગમ્ય થઈ જાય તો એનું જીવન સુધરી જાય. એક ફિલસૂફ ઘણા જીવનનો ઉદ્ધારક છે. "

કૃષ્ણદેવ : " આ બધામાં મને બહુ ગમ પડતી નથી. હું તો જેટલું સમજું છું તેટલું સહૃદયતાપૂર્વક જીવવાને પ્રયત્ન કરું છું. એનું કોઈપણ સ્વરૂપે પ્રકટીકરણ મને ગમતું નથી. જીવન જ પ્રકટીકરણ બની રહે એવી મારી માન્યતા મને જીવવા દે છે. "

આ વાતો ચાલતી હતી ત્યાં પાણી પીવા આવેલાં બે ગધેડાંમાંથી એકનો અચાનક પગ લપસ્યો અને એ તણાવા માંડ્યું. બીજાએ પોતાના દાંત વતી એની પૂછડી પકડવાનો પ્રયત્ન કર્યો ત્યાં એ પણ તણાયું.

પાંચ મિત્રો જોઈ રહ્યા. ગુણવંતરાયે કહ્યું " આખરે તો ગધેડાં જ ને, 'પૂંછડી પકડે કંઈ બચે ! " સતીશકુમારે કહ્યું " બહુ કરુણ પ્રસંગ કહેવાય. " તારકનાથ એ ભયાનક ચિત્ર જોઈ જ રહ્યા. ગૌરીશંકરે ફીલસૂફી રચી, " પશુઓમાં વિવેકચેતના સમુત્ક્રાંત હોતી નથી. " કૃષ્ણદેવની આંખમાં ઝળઝળિયાં આવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણવંતરાય દેશમાં વિખ્યાત વિભૂતિ મનાતા. સતીશકુમારની કવિતા વાંચવા લોકો આતુર રહેતા, તારકનાથનાં ચિત્રોના મનમાન્યા પૈસા ઊપજતા, ગૌરીશંકરનું જનતામાં બહુમાન હતું. ચારે જણ પ્રાંતના જાણીતા પુરુષો હતા. કૃષ્ણદેવને આ ચાર મિત્રો ઉપરાંત બહુ ઓછા માણસો ઓળખતાં. એ ગરીબ અને અંજાણ્યા માણસ હતા.

૩

ગુણવંતરાયનો એકનો એક જુવાન દીકરો લોહીના જીવલેણ રોગથી પીડાતો હતો. મોટા મોટા ડૉકટરો નિરાશ થયા હતા. સૌએ દર્દીના જીવનની આશા મૂકી દીધી હતી. બધાંને લાગતું હતું કે એકબે દિવસમાં આ કેસનો અંત આવશે. પણ ગાંધીજીએ શરૂ કરેલી સવિનયભંગની અહિંસક લડત જોવા જે કેટલાક પરદેશીઓ આવ્યા હતા તેમાંથી એક જર્મન ડૉકટરે એ જ હૉસ્પિટલની મુલાકાત લીધી, જ્યાં આ દર્દી છેલ્લા શ્વાસ લેતો હતો. આ જુવાનના કેસ તરફ ડૉકટરનું અચાનક લક્ષ ગયું. સ્થાનિક ડૉકટરોએ વિગતો કહીને નિરાશા બતાવી. પણ કેસને સૂક્ષ્મ રીતે તપાસી જોતાં જર્મન ડૉકટરને કંઈક આશા બંધાઈ. દર્દીને ફરી એકવાર સમગ્ર રીતે તપાસીને એમણે કહ્યું “જો કોઈ તંદુરસ્ત માણસ પોતાનું મારે જોઈએ એટલું લોહી કાઢવા દે તો આ કેસ જીવાડી આપું.” દર્દીના માબાપને ખબર અપાઈ. ગુણવંતરાય મૂંઝવણમાં પડ્યા. મિત્રોને વાત કહી. કવિની કલ્પના આગળ જ ન ચાલી, ચિત્રકાર દંગ બની ગયા, ફિલસૂફે જીવનની ફિલસૂફી વિચારવા માંડી. કૃષ્ણદેવે સંકોચ વિના પોતાનું લોહી આપવાની સંમતિ આપી. ડૉકટરે લોહી લીધું વિદ્વાનનો પુત્ર જીવ્યો અને કૃષ્ણદેવનું મૃત્યુ થયું.

૪

ગુણવંતરાયે કૃષ્ણદેવનું વિસ્તૃત અને સચિત્ર જીવનચરિત્ર લખ્યું, સતીશકુમારે આ ત્યાગમૂર્તિ ઉપર એક સુંદર ખંડકાવ્ય રચ્યું, તારકનાથે એની એક ભવ્ય ચિત્રમૂર્તિ સરજી અને ગૌરીશંકરે નવી જીવનફિલસૂફી ઘડી. સૌને મિત્રઋણ અદા કર્યાનો સંતોષ થયો, પણ પાંચે મિત્રોમાં ચર્ચાનો પ્રશ્ન—મહાન કોણ ? એ હજી વિવાદનો જ વિષય રહ્યો છે.

—કિશનસિંહ ચાવડા
‘કુમકુમ’ માંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્યવિભાગ

૧

પદ

અલ્યા નામ પામ્યો પણ રામને નવ લહ્યા, વૈષ્ણવપદ કેરું બિરદ ઝાલે;
પુત્ર વિના જેમ ઘરમધ્યે પારણું, વર વિના તે જેમ જાન મહાલે. ૧
વ્યાધિની વેદના વિશ્વની ના ટળે ઠાલો ગગનમાં મેઘ ગાજે;
હરિને જાણ્યા વિના હરિ કેરો જન થયો, વાત પકવાનથી ભૂખ ન ભાગે. ૨
તું એમ જાણે જે હરિજન હું થયો, વિષ્ણુપદ ગાઈ થયો ભક્ત ભવમાં;
કરણી તો કાગની, હોડ કરે હંસની, હંસને તો હસી કહાડે લવમાં. ૩
પિંડમાં પ્રભુ પણ પ્રગટ પેખે નહીં, ફોકટ ભમે તે દૂર ભાળે;
અગણિત બ્રહ્મનું ગણિત લેખું કરે, દુષ્ટ ભાવે કદી માળ ઝાલે. ૪
જો નિરાકારમાં જેહનું મન ગળે, ભિન્ન સંસારની ભ્રાન્તિ ભાગે;
દાસ નરસૈંયો કહે, તેને ચરણે નમું, જ્ઞાન વિજ્ઞાનની જોત જાગે. ૫

—નરસિંહ મહેતા

૨

પદ

મને ચાકર રાખોજી.
શામળિયા ગિરિધારી લાલ ચાકર રાખોજી.
ચાકર રે'શું, બાગ લગાશું, નિત ઉઠ દરશન પાશું;
વૃન્દાવનની કુંજ ગલીમાં ગોવિન્દલીલા ગાશું. ૧
ચાકરીમાં દરશન પાઉં, સુમિરન પાઉં ખરચી;
ભાવભક્તિ જાગીરી પાઉં તીનોં બાતોં સરસી. ૨
મોર મુગટ પીતામ્બર સોહે, ગલે વૈજંતી માલા;
વૃન્દાવનમાં ધેનુ ચરાવે મોહન મુરલીવાલા. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંચા ઊંચા મહેલ બનાવું, બિચ બિચ રાખું બારી;
સાંવરિયાકે દરશન પાઉં પે'રી કસુમ્બી સારી. ૪

જોગી આયા જોગ કરનકું, તપ કરને સંન્યાસી;
હરિભજનકું સાધુ આયે વૃન્દાવનકે વાસી. ૫

મીરાં કે પ્રભુ ગહિર ગંભીરા હ્રદે રહોજી ધીરા;
આધી રાત પ્રભુ દરશન દીનો જમુનાજી કે તીરા. ૬

—**મીરાંબાઈ**

૩

અહંભાવ

જન કોય ભૂખ્યો ઊંઘી ગયો, કરે આહાર સ્વપ્નવશ થયો;
ભક્ષ કરે પણ માંહે ભૂખ; ઠાલી ને ઠાલી રહે કૂખ;
તેમ અખા સઘળો સંસાર, ત્રિગુણ ભોગનો કરતો આહાર.
પ્રત્યક્ષ મૂકી જુએ પરોક્ષ, કર્તવ્યને શિર મૂકે દોષ;
સભર ભરાઈ રહ્યા છે નાથ, હીંડતા લાગે હરિને હાથ;
અખો કહે ફેરવવું મન, જો જાણો તો જાણો જન.
એમ જાણે તે હરિનો જન, મારે પોતે કયાંથું મન;
દેહ હરિ ઇચ્છાએ થયો, અણછતો હું તે આવી ગયો.
તારું કર્યું ને તું છે નાથ, એમ જાણી અખે ઝાટકયા હાથ.
અહંકાર વિચારે કર્યો નિરધાર, હરિ સાગરનો જોઇએ પાર;
અહંકાર પાર કાઢવા ગયો, વિચાર વિચારી બેસી રહ્યો;
પાર કાઢતાં અહંકાર ટળ્યો, વિચાર **અ**ખા વર્ત્યો હરિ ભલો.

—**અખો**

૪

નળના રૂપનું પરિવર્તન

(૧)

નળ જળ નયણે ભરે ને, કરે વિવિધ વિલાપ;
વ્યાકુળ અંગ પોતાતણું, અવની પછાડે આપ. ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદર્ભી વામા, રંક રામા, એકલડી વન મધ્ય;
ભય ધરશે, ને ફાટી મરશે, જીવ્યાની ટળી અવધ્ય; ૨

નહીં મળે ફરી કોકિલાસ્વરી, શો ઉપન્યો વિખવાદ;
મનગમયંતી, બોલ દમયંતી, નળે માંડ્યો સાદ. ૩

વિશ્વમોહિની, સૃષ્ટિદોહિની, સુંદરી સુજાણ;
વિરહિણીવલ્લભ, દર્શનદુર્લભ, બોલ પિયુના પ્રાણ. ૪

વન ફરતો, રુદન કરતો, જોતો આવ્યાની વાટ;
કળિએ ચરણ ધરણનાં ભૂંસ્યાં, વન કીધું નિર્વાટ. ૫

વડડાળે ભૂપાળ વળગ્યો, તે રૂએ હૃદયા ફાટે;
મોહ ધારણ, કર્મ કારણ, કહે ભુજ દેઈ લલાટે. ૬

રાય વિલપે, ઘણું કલપે, સંભારે સુખ સ્નેહ;
કબુધ આવી, મન ભાવી, અન્યાયે દીધો છેહ. ૭

અજગર, વાઘ, વરુ, નાગ, છે દારુણ વનની હદ્ય;
કરાડ કોતર, સિંહના સ્વર, શ્યામા ફાટી મરશે સદ્ય. ૮

દોહલે પામી, ગજગામી, દેવ ગયા નિર્મુખ;
સ્વયંવર સાથ, સાંભળી વાત, સર્વ પામશે સુખ. ૯

કોણ નેત્ર લૂહે, રાય રૂએ, એવે શબ્દ સાંભળ્યો ગાઢો;
લ્હો પ્રેમજળ, મૂકાવ રાય નળ, બળતાને બાહેર કાઢો. ૧૦

સાંભળી વાણી, જાણી રાણી, રોઈ રોઈ બેઠો સ્વર;
હરખે ભરાયો, સ્વરે ધાયો, વીરસેનકુંવર. ૧૧

પાડે બરાડા, બળે દવાડા, તરફડે મોટો વ્યાળ;
કહે, દયાસિંધુ, દીનબંધુ, કાઢ નળ ભૂપાળ. ૧૨

વહ્નિવરદાન, ગયો સુજાણ, નાગે કીધો નમસ્કાર;
આપ પ્રાણદાન, હો ગુણવાન, કાંઈ હું એ કરીશ ઉપકાર. ૧૩

વિષથી ન બીધો, નાગ લીધો, જોજન દેહ પ્રમાણ;
ખાંધે ચડાવી, મૂકયો બહાર લાવી, શાતા પામ્યો પ્રાણ. ૧૪

પુણ્યશ્લોક સાચા, પાળી વાચા, મળ્યો વૈદર્ભીકાંત;
પૂછે નળ, દાધો સબળ, મુને કહે માંડી વૃત્તાંત. ૧૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વલણ

વૃત્તાંત કહે ભાઈ, કોણ છે, પામ્યો બહુ પરિતાપ રે;
સર્પ કહે રાય સાંભળો, મુને હવો ઋષિનો શાપ રે. ૧૬

(૨)

બોલ્યો નાગ કરી પ્રણામ, રાય મારું કરકોટક નામ;
હું પ્રાચીન કર્મે પામ્યો સંતાપ, સપ્ત ઋષિએ દીધો શાપ. ૧
વિમાન જાતું હતું સ્વર્ગ ભણી, અજ્ઞાનતા જાગી મુજ તણી;
ફુત્કારી ફણા નાખી જ્વાળ, દાધા સપ્ત ઋષિ ચઢ્યો કાળ. ૨
પતિત તેં નાંખી વિષની લેહેર, બળ દવમાં અવની ઉપેર;
બહુ કાળ લગે વસો વહ્નિમાંય, ભોગવ દુઃખ જીવ નહીં જાય. ૩
મેં જાણ્યું શાપ ટળે નહીં ખરો, મુને શાપનો અનુગ્રહ કરો;
વહ્નિવેદના દોહલી ગણ્યું, કહ્યું દર્શન થાશે નળતણું. ૪
પુણ્યશ્લોક બાહેર કહાડશે, તે તુંને શાતા પમાડશે;
તે દિવસનો વન દાઝું છઉં અહીં, સાત સહસ્ર વરસ ગયાં વહી. ૫
તે તમો આજ દુઃખ ટાળિયું, પુણ્યશ્લોકપણું પાળિયું;
મારી દેહને અતિ સુખ થયું, ઋષિવચનનું ફળ લહ્યું. ૬
એવું કહીને સર્પ જ ધસ્યો, કરકોટક નળને કંઠે ડસ્યો;
લાગી વિષજ્વાળ દાધો ભૂપ, કાળી કાયા થયું કૂબ્હું રૂપ. ૭
કાજળપેં શ્યામતા વિશેષ, વાંકું મુખ પંચવર્ણા કેશ;
છતે દાંતે ડાચાં ગયાં મળી, નીસરી ખૂંધ, કડી એવડ વળી. ૮
નળ કહે ધન્ય કદ્રુકુમાર, ઘણો રૂડો કર્યો ઉપકાર;
તુંને મેં આપ્યું પ્રાણદાન, તેં હુંને કીધો સાહી સમાન. ૯
નાગ કહે રે રખે દુઃખ ધરો, જોતાં એ ઉપકાર છે ખરો;
ગુપ્ત રહેવું સંવત્સર ત્રણ, કો નવ ઓળખે એવું વર્ણ. ૧૦
ત્રણ વસ્ત્ર આપું છઉં ભૂપ, પરિધાને થાશે મૂળગું રૂપ;
તે જોયાં પહેરી પરીક્ષા કરી, તત્ક્ષણ કાંતિ ભૂપની ફરી. ૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરખ્યો નળ થયું દિવ્ય કામ, નાગે બાહુક ધરિયું નામ;
ભૂપાળ વ્યાળ થયા વિદાય, ગયો અયોધ્યા નૈષધરાય. ૧૨

દેખી માણસ નાહાસે અરાંપરાં, ધાયે બાહુક પૂંઠે છોકરાં;
જે જે મારગ મહીપતિ પળે, ત્યાં માણસ જોવાને મળે. ૧૩

હસે લોક રૂપે લીહ વાળી, પૂંઠે છોકરાં પાડે તાળી;
રાજસભામાં રાજા ગયો, પ્રતિહારસાથ ખસીને રહ્યો. ૧૪

હસી સભા હસ્યો ઋતુપર્ણ, વિધિએ આ કયાં નિર્મ્યું વર્ણ;
હારે કાજળ ને જાંબુફળ, જાણે રૂપે બીજો નળ. ૧૫

કહો કોણ છો સ્વરૂપના ધામ, કેમ આવવું પડ્યું, શું કામ?
નળ કહે મારું બાહુક નામ, આવ્યો ઉદર ભરવા કામ. ૧૬

અશ્વમંત્ર જાણું રાજન, એક દિવસે ખેડું શત જોજન;
કહે ઋતુપર્ણ મોટું કારણ, આ રૂપ ને વિદ્યા અસાધારણ. ૧૭

નળ ઇંદ્ર વિના કો જાણે નહીં, મંત્રપ્રાપ્તિ તુંને કયાંથી થઈ?
મંત્રપાઠ કરતા નળરાય, હું નળનો સેવક શીખ્યો વિદ્યાય. ૧૮

કો સમે પ્રકાશી ભણતા તેહ, ત્યાંથી વિદ્યા હું પામ્યો એહ;
નૈષધનાથ તે વનમાં ગયો, તે દુઃખે હું આવો થયો. ૧૯

આવ્યો છઉં રહેવા તમ કને, અન્નવસ્ત્ર આપજો મને;
નહીં કરું હું નીચું કામ, નહીં ધરાવું સેવક નામ. ૨૦

રાયજી તમને નહીં નમું, સ્વયંપાક કરીને જમું;
રાજા કહે રહો જેમ તેમ, વિદ્યાવાન જવા દેઉં કેમ? ૨૧

હયદાસપતિનો અધિકાર, સેવક માત્ર કરે નમસ્કાર;
જદ્યપિ માન પામે ઘણું, પણ કહેવાયે દાસત્વપણું. ૨૨

અશ્વપતિ મહારાજા થયો, હયશાળામાં વાસો રહ્યો;
છે વિજોગની વેદના ઘણી, નિત્યે સૂએ શ્લોક એક ભણી. ૨૩

વસંતતિલકા

'જે ચક્રવાક દિવસે વહુ સાથ રાખે, તે સંગ રંગ રમતાં રવિતાપ સાંખે;
રાતે વિજોગથકી ચંદ્રપ્રકાશ ખૂંચે, જો દુઃખ હોય દિલમાં કશુંએ ન રુચે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું કહીને કરે શયન, વિસ્મય થાય પાડોશી જન;
બાળબીહામણો આવી વસ્યો, કદ્રૂપને વિજોગ તે કશો.
તે સ્ત્રીએ સુકૃત શું કર્યું, જેણે આ સ્વરૂપને વર્યું;
વારુ થયું જે વીપત પડી, આ ભૂતથી છૂટી બાપડી.

વલણ

બાપડી છૂટી લોક કહે, રહ્યો રાયને રીઝવી રે;
બૃહદશ્વ કહે યુધિષ્ઠિરને, દમયંતીની શી ગત હવી રે.

—પ્રેમાનંદ

'નળાખ્યાન'માંથી.

૫

વિદ્યા

વિદ્યા મુકાવે મામ પૂર્ણ જશ વિદ્યા પામે;
વિદ્યા શોભે વાન, નૃપતિ વિદ્યાને નામે;
વિદ્યા માંહી વિવેક, વિમળ વિદ્યાથી વાણી;
વિદ્યાને વશ વિશ્વ, જગતમાં મોહિની જાણી;
સદ્વિદ્યા રત્ન વિશાલ છે, વિદ્યાથી વડું નહિ કશું,
સદ્વિદ્યા આગળ ધન કશું, વિદ્યાવિહીન નર તે પશુ. ૧

પંડિત આગળ મૂઢ, હંસ આગળ જયમ બગ્ગા;
પંડિત આગળ મૂઢ, કોકિલા આગળ કગ્ગા;
પંડિત આગળ મૂઢ, રાય આગળ જયમ રંકા;
પંડિત આગળ મૂઢ, સિન્ધુ આગળ જયમ ટંકા;
પંડિત પ્રાક્રમી પૂરા, પંડિત સઉ શિરમોર છે;
શામળ કહે પંડિત આગળે, મૂઢ તો ચાકર ચોર છે. ૨

મૂરખને વાહન, પંડિત અડવાણો ચાલે;
મૂરખ મોતનમાલ, પંડિત ફૂલમાળા ઘાલે;
મૂરખને બહુ માન, પંડિત કદી ગરીબ કહાવે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂર્ખને અલખત મોજ, પંડિત ખડધાન્ય જ ખાવે;
પણ મૂરખ કાચ કથીર છે, દીસંતાં તો દિલ હરે;
પણ પંડિત રત્ન અમૂલ્ય છે, **શામળ** ઝવેરી પરીક્ષા કરે. ૩

મૂરખને નહિ માન, મૂર્ખ ઝાઝામાં ઝૂરે;
દે ન મૂર્ખને દાન, મૂર્ખમાં અકલ અધૂરે;
મૂરખ હલકો હોય, બહુ ગુણવંતો બોલે;
મૂર્ખ ન લેખામાંહીં, નહીં પંડિતને તોલે;
જેમ હંસમધ્ય બગલાં પડ્યાં, કારણ શું જાણે કશું;
શામળ કહે છે સાચું કહું, વિદ્યાવિહીન નર તે પશુ.

—શામળ ભટ્ટ

૬

પદ

રીઝે જ્યારે રાજા રે, ત્યારે તો આપે પદવી સારી;
દ્રવ્ય ભંડાર ભરાવે રે, રાખે ઊંચી અટારી. ટેક. ૧

ઠામ ને ગામ આપે કંઈ સારાં, વાહ વાહ થાય વારંવાર;
એ કરતાં કો જમીંદાર રીઝે, તો આપે ભૂમિ અખૂટ ભંડાર,
પણ એ સહુ ખૂટે રે, ધ્યાનવડે જુઓ ધારી. રીઝે. ૨

શ્રીમંત રીઝે કે અમીર રીઝે કોઈ, તો બેસાડે હય વાહન;
એમાંનું ગુરુજી કાંઈ ન આપે, ગુરુ આપે મોક્ષપદ પાવન,
બલિહારી તેની રે, ક્યારે આવે એ વારી. રીઝે. ૩

જોગી મુનિ કે સંન્યાસી રીઝે કોઈ, ત્યારે તે આપે સુત કે દાર;
મારા ગુરુએ મને રીઝી જે આપ્યું, તેનું ન થાય વર્ણન લગાર;
અણમૂલી વસ્તુ આપી રે, ભાગી ભાવટ ભારી. રીઝે. ૪

આવાગમનની ફેરી ટાળી મારી, ધન્ય ધન્ય ગરવા ગુરુદેવ;
તાપ ટાળી આપ સમાન કીધો, મારી ક્ષુદ્ર વિચારી સેવ,
સુરત નુરત સાચી રે, **ધીરે** જોયું સહુ ધારી. રીઝે. ૫

—ધીરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

પદ

ભટકતાં ભવમાં રે ગયા કાળ કોટી વહી;
હદ થઈ હાવાં રે રાખો હરિ હાથ ગ્રહી. ભટકતાં.
શરણ આવ્યો ત્રિતાપનો દાધ્યો શીતળ કીજે શ્યામ;
કરગરી કહું છું કૃષ્ણ કૃપાનિધિ રાખો ચરણે સુખધામ;
કરુણાકટાક્ષે રે કિલમિષકોષ દહી. ભટકતાં. ૧
જો માહરાં કૃત સામું તમે જોશો તો ઠરશે બરાબરી,
રત્ન ગુંજા કયમ હોય સમતોલ ! હું તો રંક ને તમો હરિ;
માટે મન મોટું રે, કરો મુને રંક લહી. ભટકતાં. ૨
આશા ભર્યો આવ્યો અવિનાશી, સમર્થ લહી તમ પાસ;
ધર્મધોરિંધર તમ દ્વારેથી હું કયમ જાઉં નિરાશ ?
નિજનો કરી લ્યોરે, ના તો મુને કહેશો નહિ. ભટકતાં. ૩
અર્જ સાંભળો અનાથ જનની શ્રવણે શ્રીરણછોડ;
એકવાર સનમુખ જુઓ શામળા, પહોંચે મારા મનના કોડ;
હસીને બોલાવો રે દયા તું મારો કહી. ભટકતાં. ૪

—દયારામ

૮

ચોમાસામાં

(મંદાક્રાંતા)

તૈયારી છે ચુપચુપ કહે કાગડાઓ નકીબ,
સંધું દીસે પવન ન હિલે શાંત રૂડું ગભીર;
શોભા વર્ણું શું હું ઝટ પછી મેઘરાજા પધાર્યા,
વૃક્ષાદિએ હરખથી નમી સ્વસ્તિ શબ્દો પુકાર્યા. ૧
કેવો થંડો પવન અતિસેં જોરમાં આવતો રે,
ઓ આ આવી ઝડપથી બહુ વાદળી કાળી જો રે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આહા કેવું પડું પડું કરે ઘોર આકાશ ભારે,
ઓહો આવ્યો ખૂબ તૂટી પડ્યો મેઘ મોટી જ ધારે. ૨

ચારે પાસે વીજળી ચમકે ઉપરાઉપરી રે,
ગાજે રે'તું ગરજનથકી રાન આખું વળી રે;
વ્યાઘો સિંહો અતિસ તહુકે ઝાડ મોટાં પડે રે,
જોતાં ત્રાસે પ્રથમ નીકળ્યો તે પ્રવાસી મરે રે. ૩

જોગી બીજા જન હું સરખા કષ્ટ જેને પડેલાં,
તેઓ રાને લવ નવ બીહે જોઈ ઉત્પાત ઘેલા;
જોગી હર્ષે ચિંતન કરતા સચ્ચિદાનંદનું ને,
દુઃખી અજ્ઞો મરણ ઇચ્છતા સુજ્ઞ તે રંગ જુએ. ૪

ચાલ્યા જાએ ગડ ગડ ગડી આ ભડાકા કડાકા,
વીજો ચળકે જળ ખૂબ પડે વાયુ લેતા તડાકા;
વાંસો ફૂટે તડ તડ કરી રાન થાએ કરાળ,
ઓથો વિના સરવરતટે બૂમ પાડે મરાળ. ૫

પ્હાડે મોરો થન થન કરે સૂર ઊંચો લઇને,
આંબા ડાળે કરતી ટઉકા ખૂબ કોયેલડી તે;
દાદૂરો તે સરવર વિષે બોલતા કૂદતા ને,
પીએ તોયે પય પય કરે આકળા ચાતકા તે. ૬

પાણી પાણી સકળ વનની કુંજમાંહે મચે ને,
પ્હાડી ભૂમિ ચકચક બને સાફ ધોવાઇને રે;
થંડી મીઠી અનુકૂલ હવા થાય તાંહાં પછીરે,
દર્દો જાએ દરદી જનનાં રમ્ય પાણી હવાએ. ૭

ખેડુ લોકો શરીર ભીંજવી ખેતરે કામ કર્તા,
જેને થાયે શરદી ગરમી થોડી રે અન્ય કર્તા;
આહા જોતાં બહુ નવનવા રંગનાં જીવજંતો,
થાયે ડાહ્યો સમજણથકી જીવ મારો નચંતો. ૮

પ્હાડો લાગે રમણીય બહુ છેક જંગાલી લીલા.
કોઈ ભૂરા ધુમસથકી તો કોઈ આછા જ લીલા;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંચે જોઉં પરવત ચડી તો ઘણાં અભ્ર રંગી,
નીચે જોઊં ભરપૂર ખુલ્યાં ઝાડનાં ઝુંડ રંગી. ૯

આડો જાતો બહુ પવનથી મેઘ ઊંચેથી જોવો,
એ તો લાગે ધૂળ ઊડી રહી વા દીસે ધૂમ્રગોટો;
સિંધુ પ્હાડો તરુ નભ સહુ એક રંગે મળ્યાં રે,
માટી રાતી ભીની ભીની અને ઘાસ લીલાં ભીનાં રે. ૧૦

ઊંચે તર્તાં વિધ વિધ કહું શોભતાં વાદળાંઓ,
આકારે જે તરુ પશુ જીવો પંખી જેવાં ઘણાંઓ,
કાણાંવાળા ધું ધું ધું ધું ધું ધું વાંસ પોલા કરે રે,
તે તો કુંજે પ્રિય કરણને ખૂબ લાગે ખરે રે. ૧૧

કો કો હામે ડુંગરપરથી ધોધ મોટા પડે રે,
જેમાં રૂડા સૂરજકિરણે રંગ ઝાઝા બને રે;
એને જોતાં અચરત થઈ કાં ન તુને સ્તવું રે?
ધો ધો ધો ધો મધુર સુણતાં કાં ન લ્હેરે સૂઉં રે? ૧૨

ન્હાણે સાંજે રૂડું ધનુષ જે આસમાને જણાયે,
જોતાં તેને નિરભય તરે કો ન આનંદમાંહે!
થાયે જોતાં નદી ભરપૂરી કેમ ના મંન મોટું!
સૂણ્યે પાણી ખળ ખળ થતું કેમ ના સ્હેજ લોટું? ૧૩

હોડી ચાલે છર છર કરી કાપતી પાણીને ને
ખેંચી બાંધ્યા પવનથકી આ તોય ફૂલે સઢો તે;
ભારા વાળી નમી રહી જુઓ બાજુ પાણી ભણી રે,
સંધ્યાકાળે તટ નિરખવું મોજ આહા ઘણી રે. ૧૪

શોભે કેવાં બહુ ખડ અને ધાન્ય તે ખેતરોમાં;
ઝાડો લીલાં વિવિધ ફુલડાં વંન ને વાડીઓમાં;
મીઠાં ખાસાં સરવરતણાં નીર તો નિર્મળાં ને
મેદાનોમાં હરણ બકરાં ગાય ઘેટાં ચરે રે. ૧૫

આકાશે તો ચકચક થતો શ્વેત વાગો સજ્યો રે,
તારાઓ જે મુઝઈ રડતા શોક તેણે તજ્યો રે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીડાતો તે અતિસ કમળે ચંદ્ર સારો થયો ને
પાવા માંડી ફરી મીઠી સુધા ધન્ય તેણે સહુને. ૧૬

રાતે ચાંદો અધવચ્ચ ઠરે થંડ આકાશમાં, ને
તારા સંધા ચળકી જ રહે ખૂબ ગંભીરતાએ;
શબ્દો લાગે દૂરથકી થતા માછીના મિષ્ટ કાને,
વાયુ આવે ફરફર વળી એ મઝા કોણ જાણે ! ૧૭

—નર્મદાશંકર, 'નર્મકવિતા'માંથી

૯

કિસા ગોતમી

(વલણ)

એમ કરંતાં સાથ સહુ આવ્યો નદીકિનાર,
જો, એવે સમયે આવતી યુવતી કો તે ઠાર રે. ૧

(લલિત છંદ)

યુવતી તે મળી શાકયનાથને, ચરણપંકજે જોડી હાથને;
નમન નમ્રતાભાવથી કર્યું, વદન આંસુડે ભીંજિયું ઘણું. ૨
નયન છે શૉળાં જો કપોતીનાં નયન તેહવાં એહ રોતીનાં;
યુવતી ત્યાં પછી દીન વાણીએ વચન ઉચ્ચરી ભાવ આણીને. ૩

(ઢાળ)

ભાવ આણી બોલી વાણી વિનત વનિતા ત્યાં પછી :—
" ઓ નાથ ! આંહીં તમે જ આવ્યા ! દીનપર કરુણા કરી. ૪
પેલી તટતરુરાજિમાં મુજ પર્ણકુટીમાં હું વસું;
ને બાળ મુજ ઊછેરતી રહી દુઃખ જાણ્યું નહિ કશું. ૫
નાથ એ વટરાજિમાં કરી તેં જ કાલ દયા ઘણી;
દીધું વચન બાળ ઉગારવા, " બહુ દીન તે યુવતી ભણી; ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બાળુડો મુજ ખેલતો ચાલી ગયો તરુકુંજમાં;
કંઇ કૂંપળપર્ણ વિશે જ દીઠો કુટિલ એક ભુજંગ ત્યાં. ૭
વીંટી વળિયો નાગ એ મુજ બાળુડાના કર પરે !
ને બાળ એને ચીડવતો કંઇ હાસ ખડખડ શો કરે ! ૮
તીવ્ર જિહ્વાયુગલ ધરતો શીતળ એનો ગોઠિયો;
મુખ વિકસીને ફૂંફવાટ કરતો, ચીઢવતાં જ્યાં ઊઠિયો. ૯
પણ હાય ! એ મુજ બાળુડો ક્ષણવારમાં પીળો થયો;
નિસ્તબ્ધ પડિયો, મેં ન જાણ્યું કેમ એ રમતો રહ્યો. ૧૦
અધરપુટના બન્ધથી મુજ સ્તન તજ્યું વળી તે ક્ષણે;
કોઈ કહે 'વિષ ચઢ્યું એને,' 'નહિ જીવે,' વળી કો ભણે. ૧૧
પણ મેં ગુમાવાયે નહિ મુજ બાળ મોંઘા મૂલનો;
ને ફરી વિકાસ થવા ચહીને કરમિયા એ ફૂલનો ૧૨
માગ્યું ઔષધ સહુ કને, જે બાળુડાને લોચને
ફરી ઊડી ગયેલું તેજ પૂરે, પૂરે મન મુજ મોદને. ૧૩
ચુમ્બનબિન્દુ એ સર્પતણું કંઇ હતું ઝીણું અતિ નાનું;
વેર ન મુજ બાળશું એ રાખે હું નિશ્ચય મન જાણું. ૧૪
માયાળુ મુજ બાળ હતો અતિ, પ્રાણી વિશે ધરે પ્રેમ;
રમત રમતમાં સ્પર્શ કરંતાં સર્પ દૂભે એને કેમ ? ૧૫

(વલણ)

કેમ દૂભે મુજ બાળને ? પ્રેમભર્યો એ બાળ;
હા ! માનું નહિ હું એ કદી સર્પ ડસે કો કાળ રે. ૧૬

(ચોપાઈ)

પછી કો મુજને વદિયો વેણ, કહું ઉપાય તુજને ઓ બેન !
પુણ્યાત્મા કો ગિરિપર વસે,—જો ! ભગવાં ધરી ચાલ્યો પણે. ૧૭
જા તું એ ઋષિજનને યાચ ઔષધ કંઇ તુજ બાળક કાજ;
એહ સુણી કાલે તુજ પાસ આવી હું ધરી મોટી આશ. ૧૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(દેશી)

૭ આશ ધરી મોટી નાથ હું આવી તારી સમીપ,
ક્રૂર અનિલે હોલવ્યો પ્રગટાવવા મોંઘો દીપ. આશ૦ ૧૯

૮ દેવ સરીખું દીપતું તુજ ભાળ વિશાળ
નીરખી હું આવીને ઊભી કંપમાના તુજ બાળ. આશ૦ ૨૦

૯ આસું ઢાળીને ખસેડિયું શિશુમુખપટફૂળ,
લળી લળી તુજને પૂછિયું, 'ઔષધ કયું અનુકૂળ'? આશ૦ ૨૧

૧૦ ને નાથ મોટા ઓ! તેં મુને કાઢી તરછોડી નાહીં,
મીઠી મૃદુ નજરે રહ્યો નીરખી પ્રેમે તું કાંઈ. આશ૦ ૨૨

૧૧ ધીરા કોમળ કરવડે સ્પર્શ કરીને તે વાર,
મુખપટ પાછું ઢાંકિયું, પછી કીધો ઉચ્ચાર:— આશ૦ ૨૩

૧૨ 'બેન ઉપાય બતાવું હું, દુ:ખ તુજ રૂઝાય;
ને દુ:ખ રૂઝે આ બાળનું;–પણ ઔષધ લાવ. આશ૦ ૨૪

૧૩ વૈદ્યે કહ્યું ઔષધ લાવતાં વૈદ્ય શોધે જે બાઈ!
શોધીને લાવ તું કાળી કંઇ તોલો એક જ રાઈ. આશ૦ ૨૫

૧૪ પણ જોજે બાઈ! જે ઘર વિશે મૃત્યુ પામ્યું કો હોય,
માત, પિતા, સુત કે સુતા, દાસ દાસી વા હોય, આશ૦ ૨૬

૧૫ તે ઘરથી નવ લાવતી રાઈકણ તું એક;
એવી મળે કદી રાઈ તો,—ધન્ય તુજ કર્મરેખ.' આશ૦ ૨૭

(ઓવી)

૧૬ એવું નાથ! વદ્યા'તા તમો ખરે!–એમ યુવતી થઈ દીન ઉચ્ચરે;
અતિ મૃદુભાવે સ્મિત કરી નાથ ત્યાં દીધો ઉત્તર દયા અગાધમાં;
'સત્ય એ હું વદ્યો કિસા ગોતમી! પણ રાઈ કયાં જે મને ગમી?' ૨૮

૧૭ (ગરબી)

"નાથ! ભટકી હું ઘેર ઘેર, ઉટજ ઉટજમાં રે;
૧૮ આ વનમાં અને ઠેર ઠેર નગરમારગમાં રે. ૨૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખી હઈડા સરીસો બાળ, બન્યો શીત અંગે રે;
માગતી દીન હું દ્વાર દ્વાર, વીલી સુખભંગે રે. ૩૦

'કોઈ આપશો તોલો રાઈ કાળી,–હું વીનવું રે.
આણી હૃદય દયા ઓ ભાઈ!–કરમ્યું ફૂલ ખીલવું રે.' ૩૧

અને હૂતી જેને જેને ઘેર, સર્વેએ આપી રે;
રંક જન પર રંકની મહેર નિરંતર વ્યાપી રે. ૩૨

પણ પૂછ્યું મેં જેણી વાર—' કદી આ ઘરમાં રે
ભાઈ! કોઈ મૂઉં? નર, નાર, કે બાળચાકરમાં રે?' ૩૩

મળ્યો ઉત્તર તરત આ—' બેન! શી વાત આ પૂછે રે?
ઘણાં વહ્યાં મરણને વહેણ, રહ્યાં અલ્પ પૂંઠે રે.' ૩૪

ભરી શોકે દઈ આભાર દઈ રાઈ પાછી રે;
ચાલી આગળ બીજે દ્વાર, વિનંતી યાચી રે. ૩૫

પણ ત્યાં પણ ઉત્તર મળિયો;—' રહી આ રાઈ રે;
પણ દાસ અમારો પડિયો મરણમાં બાઈ રે.' ૩૬

કોઈ કહે વળી—' લો આ રાઈ, પણ આ સદનમાં રે;
ગૃહનાથ ગયો છે બાઈ અકાલમરણમાં રે! ૩૭

કોઈ કહે—' રાઈ આ જેણે વાવી તે વર્ષાવિરામે રે,
હજી લણવા વેળ નથી આવી, ને પહોંચ્યો સ્વધામે રે.' ૩૮

(વલણ)

નવ મળ્યું ઘર મુજને કહીં મૃત્યુ વિનાનું એક;—
ને થાકી પછી હું વળી, પૂછવા સત્યવિવેક રે. ૩૯

(ઢાળ)

સત્ય અર્થ હું શોધવા પાછી આવી તારી પાસ;
નદીતટ દ્રાક્ષાકુંજ મૂકી શિશુ, ધાવે ન, ન કરે જે હાસ. ૪૦

દર્શન કરી તુજ ચરણ ચુમ્બીને પ્રાર્થન કરવા કાજે—
ક્યાં મળશે મુજને રાઈકણ જ્યાં મૃત્યુ કદી નવ ગાજે. ૪૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ; હાય ! મુજ બાળુડો હાવાં તો પડિયો હશે મૃત્યુ હાથ;
લોકે કહ્યું, ભય મુજ મન જે રહ્યું, સાચું પડ્યું તે નાથ!" ૪૨

(ચોપાઈ ગણતાલની)

પછી નાથ બોલ્યા છે વેણ–" સત્ય તત્ત્વ તું પામી ઓ બેન !
જડ્યું જે નહિ કોઈ જનને, દેવા શાન્તિ મળ્યું તુજ મનને. ૪૩

કટુ અમૃત દિવ્ય જ એ તો, તુંને આપવા ધાર્યું'તું મેં તો;
તુજ બાળ વહાલો તુંને હતો, એ તો મરણશરણ થઈ સૂતો. ૪૪

તુજ હૃદયશય્યા પર કાલે,—ફરી જીવન એ નવ ઝાલે;
આજે જાણ્યું તેં જગ આ વિશાળ તુજ દુઃખે ઢાળે આંસુધાર. ૪૫

અન્ય હૃદયોએ ભાગ લીધેલો શોક થાયછે હળવો વહેલો;
મુજ રક્ત રેડ્યેથી રોકાય તુજ આંસુડાં, તો હું આંજુ ૪૬

સદ્ય અર્પણ કરી દઉં બહેન ! મુજ રુધિરનું રાતું વહેણ;
અને શોધી કાઢું તત્ત્વ ઊંડું, જેથી ઊકલે મહાદુઃખ ભૂંડું; ૪૭

જેહ દુઃખે કરી પ્રેમ મધુરો શોકરૂપ બની થાય અધૂરો;
અને જેહ મનુજ ટોળાંને હાંકી લઈ જાય છે બલિસ્થાને; ૪૮

મૂક આ પશુયૂથને જેમ પશુના નાથ, મનુજને તેમ
રમ્ય કુસુમ અને તૃણભૂમિ ઓળંગાવી હાંકી જાય ઘૂમી. ૪૯

પહોંચાડે મહાબલિસ્થાનમાં તે તીવ્ર દુઃખ, જડ્યું જન્મ સાથે;
હું એ ગૂઢ તત્ત્વ ગોતું બાળ !–હવે શિશુને શ્મશાન પહોંચાડ." ૫૦

—નરસિંહરાવ દીવેટિયા

'બુદ્ધચરિતમાં'થી

૧૦

દેજો દોષ ન કવિવરને

દેજો દોષ ન કવિવરને જે લતાકુંજ આરામ કરે,
સુખશાન્તિ જ્યાં વસી રહી છે, હસી કીર્તિનો ત્યાગ કરે. ધ્રુવ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાન કૃત્યો કરવા માટે જન્મ જગતમાં તે તો ધરે,
વીરશિરોમણિ ધનુર્ધરોના યશ ગાવા મન આશ ધરે,
કાળ ગતિ નહિ હોત વિલક્ષણ વિધિ હોત અનુકૂળ ખરે,
હૃદયે તેને બળતી હોતે દેશભક્તિની જ્વાળ ખરે,
જન્મભૂમિના પ્રેમપૂરમાં વચનો તેનાં નિત્ય તરે. દેજો.

અફસોસ! દશા શી આ ભૂમિની વૈભવ નષ્ટ થયો જ ખરે,
માનવન્તના માનભંગને માટે સેવાભાર ધરે;
પ્રજા તેનીને કો નવ પૂછે જો પ્રપંચ પગલું ન ભરે,
કામ આંહીં શું દેશભક્તિનું, રાજદ્રોહમાં નામ કરે.
કુળબોળુ દેશદ્રોહીઓ બેસે હાથીહોદ્દા પરે. દેજો.

વૈભવ સાથે શ્રદ્ધા પણ ગઈ અભિમાન ન પડે નજરે,
કાયર કપટી અનાર્ય દીસે આર્યજનો આ ભૂમિ પરે,
છેવટ શીખ્યા કપટો કરતાં તેથી દુર્ગતિ કેવી હરે!
મહાપદવીએ ચડવા માટે ફાંફાં મારી આંહીં ફરે,
અંધકારમાં માર્ગ ન જડતાં, મશાલ દ્વેષની હાથ ધરે. દેજો.

—બાલાશંકર કંથારિયા

'કલાન્તકવિ'માંથી

૧૧

એક વેલીને

ધીમે ધીમે કુંપળ કુંપળે પત્ર પત્રે વળીને,
ટીશી ટીશી તરુવિટપમાં ગૂંથણી કાંઈ ગૂંથે;
મીઠી વેલી! તુજ વળ દિસે નિત્ય નિત્યે નવીન!
તારું હૈયું વધુ વધુ સદા સ્નેહમાં થાય લીન!
નાની નાની તુજ ગતિ સમો રાહ આ જિન્દગીનો,
તોફાનો કે ભભક રવિની કોઈ દી માત્ર ભાસે;
તારી પાસે ગણ ગણ થતાં જન્તુઓ નિત્ય ગુંજે,
મારી પાસે જગત સઘળું નિત્ય ગુંજ્યા કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર્ણો તાજાં ચડી, ખરી, ચડે એકથી એક ડાળે
ને આલમ્બે તરુવર તણો નિત્યનો એક તારે;
ટેકો મારો મુજ હૃદયની એક મૂર્તિ પરે છે,
તે પાસેથી સુખદુઃખ સદા જાય ચાલ્યાં ઝપાટે.
તું પત્રો ના તુજ કદિ ગણે, હુંય મારાં ગણું ના,
કિંતુ તેનો કુદરત મહીં કાંઈ છૂપો હિસાબ;
ક્યાં ? શા માટે ? પ્રભુવિણ નકી કોઈ જાણી શક્યું ના,
ઊંડાં કાવ્યો, ફિલસૂફી વળી કાંઈ શંકા જ માત્ર !
તુંમાં હુંમાં—અરર ! પણ આ કાંઈ જુદું જ ભાસે,
તારા મારા પથ મહીં દીસે ભિન્નતા એક ઊંડી;
તું ચાલે છે સતત ગતિએ, કૂદતો ચાલતો હું,
ધક્કા મારે કુદરત મને, દોરતી માત્ર તુંને.
હું ચોટું છું મુજ જિગર જ્યાં એક દી શાન્તિ પામે,
નિઃશ્વાસો સૌ જનહૃદયના ભૂતકાલે વિરામે;
નિર્માયો છે તુજ જીવનને એકલો વર્તમાન,
“ઊંચે જાવું” તુજ હૃદયને એટલું માત્ર ભાન.

—કલાપી

૧૨

મહેમાનોને સંબોધન

મહેમાનો ! ઓ વહાલાં ! પુનઃ પધારજો !
તમ ચરણે અમ સદન સદૈવ સુહાય જો !
કરજો માફ હજારો પામર પાપ, જે
દિનચર્યામાં પ્રભુ પાસે પણ થાય જો !
મહેમાનો ! ઓ વહાલાં ! પુનઃ પધારજો !
ઉન્નત ગિરિશૃંગોનાં વસનારાં તમે :
ઉતર્યાં રંક ઘરે, શો પુણ્યપ્રભાવ જો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુશ્રૂષા સારી ના અમને આવડી :
લેશ ન લીધો લલિત ઉરોનો લહાવ જો !
મહેમાનો ! ઓ વહાલાં ! પુનઃ પધારજો !

—મણિશંકર રત્નજી ભટ્ટ
'પૂર્વાલાપ'માંથી

૧૩

ઇતિહાસની આરસી

(લાવણી)

રાજા રાણા ! અક્કડ શેના ? વિસાત શી તમ રાજ્યતણી ?
કઈ સત્તા પર કૂદકા મારો ? લાખ ક્રોટિના ભલે ધણી.
લાખ તો મૂઠી રાખ બરાબર, ક્રોડ છોડશે સરવાળે;
સત્તા સૂકા ઘાસ બરાબર, બળી આસપાસે બાળે;
ચક્રવર્તી મહારાજ ચાલિયા, કાળચક્રની ફેરીએ;
સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માંગતાં શેરીએ. (ટેક) ૧
ક્યાં છે રાજ્યાસન આગળનાં દિવ્ય કહું જે દેવસ્થાન;
શોધ્યાં ન મળે સ્થાન, દશા કે ન મળે શોધ્યાં નામનિશાન.
લેવો દાખલો ઇરાનનો જે પૂર્વ પ્રજામાં પામ્યું નામ;
ચોગમ જેની ધજા ઊડી રહી,–રૂમ, શામ ને હિંદુસ્થાન.
હાલ વીલું વેરાન ખંડિયર, શોક સાડી શું પહેરી એ ?
સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માગતાં શેરીએ. ૨
ક્યાં જમશેદ, ફરેદુન ખુશરો ? ક્યાં અરદેશર બાબેગાન ?
રુસ્તમ જેવા શૂરવીર ક્યાં ? નહિ તુજને મુજને તે ભાન.
ખબર નહિ યુનાની સિકંદર, કે રૂમી સીઝર ક્યાં ગૂમ ?
અવની કે આકાશ કહે નહિ, સારો ભવ મર મારે બૂમ.
હશે કહિંક તો હાથ જોડી ઊભા કિરતારકચેરીએ,
સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માગતાં શેરીએ. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ, કૃષ્ણ, નરસિંહ, પરશુ સમ, દશ અવતારો થયા અલોપ;
વિક્રમ જેવા વીર રાજનો ખમે કાળનો કેવો કોપ?
કયાં મહમદ ગઝની? કયાં અકબર? રજપુતવીર શિવાજી કયાં?
રાજપાટના ધણી ધુરંધર, આજ યુદ્ધની બાજી કયાં?
રાજમહેલમાં ઢોર ફરે, ને કબર તો કૂતરે ઘેરી એ;
સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માંગતાં શેરીએ. ૪

કયાં નેપોલિયન ચીલઝડપિયો? જીત્યા પૂરવ પશ્ચિમ ખંડ;
જાતિલોભનો ભોગ બિચારો, અંતે વલખાં મારે પંડ.
સુણ્યાં પરાક્રમ એવાં બહુ બહુ, સ્વપ્નાં કે સાચે ઇતિહાસ?
નહિ સમજાતું નિશ્ચયપૂર્વક, ઊડી ગયા જ્યાં શ્વાસોચ્છ્વાસ.
વિજયરૂપી એ સળો શું લાગ્યો? વિજયવાયુ બહુ ઝેરી એ;
સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માગતાં શેરીએ. ૫

કયાં ગઈ કૂટડી કિલયોપેટ્રા? કયાં છે એન્ટની સહેલાણી?
જંતુ ખાય કે વળગે જાળાં? ભમરા કીટ કહે કહાણી!
કબર ગીધડાં ખણે ખોતરે, શિયાળ સમાધિ પર બેસે;
સંત શરમથી નીચું જોયે, મહારાજા કોને કહેશે?
રાજ્યપતિ રજકણથી નાનો છે આયુષ આખેરીએ,
સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માગતાં શેરીએ. ૬

દીઠાં સ્મારકસ્થાન ઘણાંએ, કીર્તિકોટ આકાશ ચડ્યા;
ખરતાં ખરતાં પથ્થર બાકી, ચૂનામાટીએ જકડ્યા.
દિલ્હી, આગ્રા, કનોજ, કાશી, ઉજ્જન ઉજ્જવલતા નાસી,
રૂમ, શામ ને ઇરાન ઉજ્જડ, રડે ગળામાં લઈ ફાંસી.
તરવારીખનાં ચિહ્ન ન કાંઈ, જાણે બધી મશ્કેરી એ;
સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માગતાં શેરીએ. ૭

દીઠાં અયોધ્યા, બેટ, દ્વારિકા, નાથદ્વાર ને હરદ્વારી;
ઘરને આંગણે સુરત દેખતાં છાતી ધબકે છે મારી.
ગુર્જરગિરિ સૌરાષ્ટ્ર હાલ શા? હાય! કાળના કાળા કેર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષ્ખણ દુઃખમાં દેખી શત્રુની આંખ વિષે પણ આવે ફેર.
હજી જોવી શી બાકી નિશાની રહી રે વિનાશ કેરી એ ?
સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માગતાં શેરીએ. ૮

કોટિગણા તુંથી મોટા તે ખોટા પડી ગયા વિસરાઈ;
શી તારી સત્તા, રે રાજા ! સિંહ સમીપ ચકલી તું ભાઈ.
રજકણ તું હિમાલય પાસે, વાયુ વાય જરી જોરથકી,
ઈશ્વર જાણે ઊડી જશે કયાં ? શોધ્યો મળવાનો ન નકી.
શક્તિ વ્હેમ, સત્તા પડછાયો : હા છાયા રૂપેરી એ,
સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માગતાં શેરીએ. ૯

દ્રવ્ય મટોડું, હિંમત મમતા, ડહાપણ કાદવનું ડોળું;
માનપાન પાણીપરપોટો, કુળ–અભિમાન કહું પોલું.
આગળ પાછળ જોને રાજા–સત્તાધીશ કે કોટિપતિ,
રંક ગમે એવો દરદી પણ મરશે નહિ તે તારી વતી.
ભૂલઈ જવું મરવે એ બહુ દુઃખ સર્જ્યું કાળ નમેરીએ;
સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માગતાં શેરીએ. ૧૦

કુલિન કુળમાં કજાત પુત્રો પ્રગટ દિસે આ દુનિયામાં;
બળિયાવંશજ જુઓ બાયલા, રોગી નીરોગી જગ્યામાં,
સૃષ્ટિનિયમ ફરતું ચક્કર એ, નીચેથી ઊપર ચડતું,
ચડે તેથકી બમણે વેગે પૃથ્વીપર પટકઈ પડતું;
શી કહું કાળ ! અજબ બલિહારી ? વિદુરમુખી તુજ લહેરીએ !
સગાં દીઠા મેં શાહ આલમનાં ભીખ માગતાં શેરીએ. ૧૧

—બેહેરામજી મેહેરવાનજી મલબારી
'સંસારિકા'માંથી

૧૪

વત્સલતા

નગરનાં નિરખ્યાં બહુ બાળકો, સદન સર્વ ફરી શ્રમથી વળ્યો;
સહુ વિષે કંઈ ને કંઈ ન્યૂનતા, ન રહી રૂપ તણી પરિપૂર્ણતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૃપકુમારની સંગતિ સાધવા, ગજશિરે બની મિત્ર બિરાજવા;
શિશુ અનન્ય સુશોભિત શોધતો, નૃપતિકિંકર યત્ન કરી રહ્યો.
હૃદય કોઈ વિષે નહિ રાચતું, કંઈક દૂષણ તો સહુમાં હતું;
સ્વસુતમાં હતી સુન્દરતા ભરી, ઇતરમાં નહિ તે જડતી જરી.
જગતનાં દગની દૃઢ શ્યામતા, મલિનતા, રસહીન વિરૂપતા;
પણ નહિ નયનો નિરખી શકે, ઉર નહિ શ્રમથી સમજી શકે.
પુરજનો પરિહાસ કરે ભલે, નૃપતણો પણ કોપ વધે ભલે;
ન કદી સંમતિ થાય સમાજની, પણ શકે નહિ નિર્ણય એ કરી.
પ્રણયનો રસૈંપૂરિત પિંડ એ, જગતનો સુકુમાર જયન્ત એ;
અચળ એ અવતાર અનંગનો, ભુવનના સહુ ભૂષણથી ભર્યો.
વિમળ વત્સલતા ઉરમાં વહે, જગતનું જડ શિક્ષણ ક્યાં રહે?
નિયમ નિષ્ફળ જ્યાં સઘળા જતા, રહી શકે કયમ લેશ કુરૂપતા?
ઉર તરંગ અનેક ઉછાળતી, મલિનતા પણ સર્વ મટાડતી;
અઘ તણા ઢગને રહી ગાળતી, જરૂર વત્સલતા જગજાહ્નવી.
તપનનો પરિતાપ નિવારતી, સરણીનો શ્રમ સદ્ય શમાવતી;
પુનિત જીવનથી પથ પૂરતી, વસુમતી પર એ રસવાદળી;
જગતનાં સહુ ચક્ર ચલાવતી, હૃદય સ્નેહભર્યાં સજી રાખતી,
અબળ અંતરને બળ આપતી, અમરપૂનિત એકલ ઈશ્વરી.
સલિલ પત્થરથી પ્રકટાવતી, સમિધમાં નવ પત્ર સૂજાવતી;
અચળને દઈ આંખ ચલાવતી, અજબ શી નટવી રમતી રહી!
રસ અનેક ભલે ભવમાં રહ્યા, ઉચિત અન્તર ભાવ રચાવતા;
પણ ન વત્સલતા રહી જો હતી, જગતની શકટી અટકી જતી.
જગત પાલન એ જ કરી રહી, જગત રક્ષણ એ જ કરી રહી;
સુર–સુધા સઘળે વરસી રહી, મુખ સહસ્ર વડે હસતી રહી.

—દામોદરદાસ ખુ. બોટાદકર
'શૈવલિની'માંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

છેલ્લી સલામ

સો સો રે સલામું મારાં ભાંડુડાંને કેજો રે,
ઝાઝેરા જુહાર જગને દેજો હોજી!
મળાયું ન તેને સહુને માફામાફ કે'જો ને
રુદિયામાં રાખી અમને રે'જો હોજી.
ટીપે ટીપે શોણિત મારાં તોળી તોળી આપું તો યે,
પૂરાં જેનાં પ્રાછત કદિયે જડશે ન જી,
એવા પાપદાવાનલમાં જલે છે જનેતા મારી,
દિલડાના ડુંગર સળગ્યા–ઠરશે ન જી! સો સો રે સલામું.
કીધાં ખાખ ખાંડવવનને પાંડુ તણા પુત્રે તે દિ'
નિરદોષી નાગાં લાખો ભુંજાણાં હોજી,

આદુનાં નિવાસી એ તો આ રે આર્ય ભોમકેરાં,
પૂર્વજ મારાને પાપે ઓરાણાં હોજી. સો સો રે સલામું.
રઘુપતિ રામ મારા રુદાનો વિસામો-એણે
ઋષિઓને વચને ખાધેલ ખોવ્યું હોજી,
પ્રભુનામ ભજતો એણે પારાધી સંહારિયો રે
એનું ઘોર પાતક આજે ઊમટ્યું હોજી! સો સો રે સલામું.
છેદ્યાં, બાળ્યાં, ગારદ કીધાં પૃથવીના પેટમાં ને
અસુરો કહીને કાઢ્યાં વનવાસ જી;
જીવતાંને કાજે જુદી નરકું બંધાવિયું ને
સદાનાં નરાધમ રાખ્યાં દાસીદાસ જી. સો સો રે સલામું.

સમર્થોની સત્તા સંતો, ધુતારાની ધૂતણબાજી,
કુડિયા ગુરુની કૈં કૈં કરામાતજી;
એની તો વણાવી ધીંગી ધરમધજાઓ ને
ભાંડુ કેરે રગતે રંગી ભલી ભાતજી. સો સો રે સલામું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી એવી ઝડીઓ મારાં સહોદરો ઝીલતાં ને
ધરમધ્વજા કેરે ક્યારે સીંચાણાં હોજી;
રુદ્રામાં શમાવી સરવે રુદનપિયાલા વાલાં
હરિ કેરા રથડા હેઠળ પિલાણાં હોજી. સો સો રે સલામું.
રથના સારથિડા સુણજો સાધુ ને ગુંસાઇ સરવે !
કડાકા કરે છે રથની ધરીઓ હોજી.

જુવો જુવો જુગનો ભૈરવ–ઊભો વાટ ખાળી આજે,
ભીતર તો નિહાળો, હરિ ક્યાં પળિયો હોજી. સો સો રે સલામું.
જુગનો મહારાજા આજે મહાકાળ જાગિયો ને
ધરમ કેરા ધારણ કાંટા માંડે હોજી.
સતને ત્રાજવડે મારાં કલેજાં ચડાવિયાં મેં,
શીશ તો નમાવ્યું શાસનદંડે હોજી. સો સો રે સલામું.
હરિ કેરાં તેડાં અમને–આવી છે વધામણી રે,
દલિતોને ઉત્સવ હાકલ પડી છે હોજી;
હસતાં મુખડાંની અમને વિદાયું દિયોરે વાલાં !
રખે કોઈ રોકે નયણાં રડીને હોજી ! સો સો રે સલામું.

—ઝવેરચંદ મેઘાણી, 'યુગવન્દના' માંથી

૧૬

ચોતરે ભજનધૂન

કદીક વળી ચોતરે ભજનમંડળીની ઝડી
મચે, ઢમકઢોલ ઝાંઝ કરતાલ ને મંજીરાં
ઝમાઝમ થતા સૂરો અજબ ધૂન રેલાવતાં;
મીઠા જળ તણો દીસે કળશિયો–કદી તાંબડી–
સુવર્ણમય શોભતાં ગગન ચન્દ્રના તેજમાં;
મળે વરણ સૌ ત્યહાં, શ્રમિત ગામકારીગરો
મૂકી વરણભેદ સૌ પ્રભુતણાં કરે કીર્તનો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક ભજનો થકી, ભગતલોકની ભક્તિથી
દીવો દિલ મહીં કરી, પરહરે બધી કામના;
સજીવન કરે વળી રસ ઉમંગથી કંઠ કો
દયા, પ્રીતમ કે કબીર, નરસૈં, મીરાં કે પ્રભુ.
ખરે પ્રકૃતિબાળકો પ્રકૃતિને જ ખોળે રહી
પીએ વિમલ જ્ઞાનવારિ મતિ શુદ્ધ એથી કરે;
રચી કુદરતે ઊંડી ગહન જ્ઞાનપોથી મહા.
વિનમ્ર કૃષિકાર હો ! જઠરપોષકો અન્યના !
તમે જ રસરાજ છો, પશુજનો તણા પાલકો !
પઢો નયનથી તમે સુખદ શાંતિ, સંતોષના
લખે છ પ્રભુ અંગુલિ વિશદ બોધ નિત્યે નવા.

—**ચન્દ્રવદન મહેતા**, 'રતન'માંથી

૧૭

અભયદાને

આભમાં ઝૂમે ઝુમ્મર તારા,
રાત રમે રંગવાટે
ઘૂઘવે ઘેરાં પાતાળ પાણી
નાવ મારી છે ઘાટે,
સાગર તેડે હાથ પસારી,
હૈડું હલકે ભાન વિસારી,
નાવડી નાચે નૌતમ મારી
ધીરા પ્રેમળ તાને,
નાવ મેં મેલી સાગરખોળે
તારા અભયદાને.
સાગર ગાંડો ઊછળી ઊછળી
ભેટવા મને આવે,
પાતાળકેરાં પારસ મોતી
ગૂંથી હારલા લાવે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોડલી કાપે માઝાર પાણી.
પાંપણ મારી પ્રેમભિંજાણી,
હસતી ચંદા આભની રાણી
વ્યોમના વિતાને,
સાગર હૃદય ચંદ નાવ
સૂતાં એક બિછાને.

આભ ચીરી ત્યાં વાદળ આવ્યાં,
વાયરે ઝુમ્મર ફોડ્યાં,
વડવાનલે ભભકી મીઠાં
સાગરસોણલાં તોડ્યાં,
ચન્દ્ર પડ્યો તિમિરજાળે,
દોડતાં મોજાં ડુંગરફાળે,
અંતર ઊથલે શોકની પાળે,
પ્રેમના પાજી ગાને,
કોઈ ગોઝારે ગૂંચવી મારી
નાવ તુમુલ તોફાને.

સાગર ગેબથી ઘોર ગોરંભતી
ગીતની મૃદંગ બાજી
અંધાર ભેદી આશા જાગી,
જાગી રોમની રાજિ,
સુકાન છોડી, લંગર તોડી
સઢ ચઢાવી સાતે ય, છોડી
નાવડી જાણે આરબ ઘોડી
રૌદ્ર જીવન તાને
ખોળલે તારે ખેલવા મેલી
નાવડી અભયદાને.

—'સુન્દરમ્,' 'કાવ્યમંગલા'માંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

મોરી ગૂજરાત

મળતાં મળી ગઈ મોંઘેરી ગૂજરાત
ગૂજરાત મોરી મોરી રે.
ભારતની ભોમમાં ઝાઝેરી ગૂજરાત
ગૂજરાત મોરી મોરી રે.

સાબરનાં મર્દાની સોણલાં સુણાવતી,
રેવાનાં અમરતની મર્મર ધવરાવતી,
સમદરનાં મોતીની છોળે નવરાવતી,
ગૂજરાત મોરી મોરી રે.

ગિરનારી ટૂંકો ને ગઢ રે ઈડરિયા,
પાવાને ટોડલે મા'કાળી મૈયા,
ડગલે ને ડુંગરે ભર દેતી હૈયાં
ગૂજરાત મોરી મોરી રે.

આંખની અમીમીટ ઊમટે ચરોતરે;
ચોરવાડ વાડીએ છાતી શી ઊભરે!
હૈયાનાં હેત પાઈ હેત ભરી નીતરે
ગૂજરાત મોરી મોરી રે.

કોયલ ને મોરને મેઘમીઠે બોલડે,
નમણી પનિહારીને ભીને અંબોડલે,
નીર તીર સારસશાં સુખડૂબ્યાં જોડલે
ગૂજરાત મોરી મોરી રે.

નર્મદની ગૂજરાત દોહ્યલી રે જીવવી,
ગાંધીની ગૂજરાત કપરી જીરવવી,
એક વાર ગાઈ કે કેમ કરી ભૂલવી?
ગૂજરાત મોરી મોરી રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતની ભોમમાં ઝાઝેરી ગૂજરાત
ગૂજરાત મોરી મોરી રે.
મળતાં મળી ગઈ મોંઘેરી ગૂજરાત
ગૂજરાત મોરી મોરી રે.

—ઉમાશંકર જોષી, 'નિશીથ'માંથી

૧૯

સતિયો જાગે !

ગગનમંડળ કોઈ નવો જ્યોતિ જાગે,
હો મહાજ્યોતિ જાગે;
અવનીની કૂખ કોઈ સતિયો જાગે,
હો મહાસતિયો જાગે.

ધરમધીંગાણાં નર્યાં પાપનાં એંધાણાં,
એનાં ઠેરઠેર થાણાં ભાંગનારો જાગે;
હો કોઈ સતિયો જાગે.
તૃષ્ણાના તિમિરડંખ પળનો ના દેય જંપ;
ભૂંડા વિષનો ઉતાર દુનિયા માગે,
હો કોઈ સતિયો જાગે.

તિમિરદુર્ગમાં કરાળ જીવનની ઊઠે હાય;
મુક્તિનો ઉજાસ પ્રેરનારો જાગે,
હો કોઈ સતિયો જાગે.
ભ્રમના વળગાડ કાઢનારો જાગે,
હો કોઈ સતિયો જાગે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવજીવન ખેલનો ખેલંદો જાગે,
હો કોઈ સતિયો જાગે.
ગગનમંડળ કોઈ નવો જ્યોતિ જાગે,
અવનીની કૂખ કોઈ સતિયો જાગે,
હો મહાસતિયો જાગે.

—સુન્દરજી ગો. બેટાઈ, 'ઇન્દ્રધનુ 'માંથી

૨૦

પૃથ્વીનો માલિક

: મિશ્ર :

આ ઝૂંપડી, આ વનરાઈ, આંગણું
આ; ત્યાં વસી જીવનવર્ષ કેટલાં
તેં કાળના સાગરમાં સમર્પ્યાં
તેની ઉરે તેં ગણના કદી કરી ?
આ પૃથ્વીની પીઠ વિશાળ છે વળી
ને માનવીનાં કંઈ જૂથ તારા
જેવા જ સૌ જીવનમન્થનોમાં
રમ્યાં રમન્તાં અણજાણ છે પડ્યાં.

જે વાયુથી શ્વાસ સદૈવ તું ગ્રહે
તે કૈંકને લ્હાણ સમર્પી આવતો,
ને દૂર દૂરે વસતા પ્રદેશના
કૈં માનવીશ્વાસ ગ્રહી ય લાવતો;
ને તારકો સૂરજ ચન્દ્ર સૌ વળી
આકાશને મંડપ આવતા જતા;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશ અર્પે; ન તને જ એકને,
અનેકનાં જીવન તેજથી ભરે;
જે ભૂખ ને દુ:ખની વેદના વળી
તને દમે, અન્ય અનેકને દમે;
ને અશ્રુઓ જે તુજ નેત્ર ખેરવે
એવાં ખરી અશ્રુ અનેક નેત્રથી
આ ભૂમિ હૈયે લય પામી જાતાં.
કહે તેં કદી આ સઘળી વિચારણા
ધરી ઉરે ? આ નવખંડ પૃથ્વી
તણા કદી ભાગ અનેક કો કરે
તો એકનો માલિક તું સૃજેલ છે–
એ શોચિયું તેં કદી ચિત્ત તારે ?

—બાદરાયણ, ‘કેડી’ માંથી

૨૧

નીરવ

શિખરિણી

અરણ્યે અંધારે પ્રસરતી નિશા નીરવ પદે,
ગભીરે આકાશે ઉડુગણ પ્રભા મૌન વિચરે !
સદા સ્વપ્નો જોતાં જલધિ હૃદયે નીરવ ઉરે
રમે મુક્તાપુંજો, કુસુમવદને મૌન વિહરે.
મહા મૌને ઘેરું રવિ-શશી-ઉરે ગાન વિલસે,
અને વ્હાલા મારા સુહૃદ ઉર યે મૌન વિકસે !
નથી રોયો હું તો રજની નીરખી નીરવ કદી,
મહા એકાન્તે યે ઉર નથી ડગ્યું મૌન નીરખી !
રડું કિન્તુ આજે-પ્રિય મુજ સખા મૂક બનતો
મને ભૂલી સૂતો મરણશયને નેત્ર બીડતો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રડું હું કે ઝીલું સુહૃદ ! તવ એ મૌન-કવિતા ?–
રમે મર્ત્યો શબ્દે; અમર વદને મૌન જ ગિરા !
સખા, વ્હાલા, તું તો વિભુતણું બન્યો મૌન મધુરું–
કરું શાને ત્યારે રુદન થકી એ ગાન બસૂરું ?

—'સ્નેહરશ્મિ,' 'અર્ઘ્ય' માંથી

૨૨

ભૂકમ્પ

મારાં રોષે જરી જ્યાં નયન ભરું તહીં, વહ્નિઝાળો ભભૂકયે,
હેલે લીલાં ચડ્યાં સૌ વન, ઉપવન ને વૃક્ષનાં વૃન્દ, શૈલો,
જેનાં નેણે નિહાળ્યા શત શત ઇતિહાસો મહા માનવીના,
તે સર્વે એક સાથે, ઘડી અધઘડીમાં ભૂખરી ભસ્મ થાયે.
હું મારો ફેરવું જ્યાં સબળ કર તહીં સાગરે શૈલ જાગે,
ને મારા સ્પર્શમાત્રે અતલ સમદરે શૈલના શૈલ ડૂબે;
હુંકારે સ્હેજ મારા પ્રકૃતિ થરથરે, દિગ્ગજો દૂર નાસે,
મારા ઘેરા નિનાદે અબળસબળને સ્વેદ અંગે વછૂટે.
સૂતેલા મેં જગાડયા કંઈ કંઈ ધરણીખણ્ડને નિંદમાંથી,
સૂવાડ્યાં કૈંક રાષ્ટ્રો સમદરજળની સેજમાં મેં ઘડીમાં;
મેં લોપ્યાં સંસ્કૃતિનાં વિધવિધવરણાં ચિત્ર ફૂત્કારમાત્રે,
મારા લીલાવિલાસે પ્રલયસૃજનનાં કારમાં દૃશ્ય જાગે.
સંહારી જીર્ણતાને, સરજન નવલાં કાજ માર્ગો ઉઘાડું,
પૃથ્વીના ફેફસામાં પ્રતિસમય રહું પૂરી હું પ્રાણવાયુ.

—મનસુખલાલ ઝવેરી, 'આરાધના'માંથી

૨૩

હરિનાં લોચનિયાં

: સારંગ :

એક દિન આંસુભીનાં રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પચરંગી ઓચ્છવ ઊછળ્યો'તો અન્નકૂટની વેળા:
ચાંદીની ચાખડીઓએ ચડી ભક્ત થયા'તા ભેળા :
શંખ ઘોરતા, ઘંટ ગુંજતા, ઝાલરું ઝણઝણતી :
શતશગ કંચન આરતી હરિવર-સંમુખ નર્તન્તી,
દરિદ્ર, દુર્બળ, દીન અછૂતો અન્ન વિના અડવડતાં,
દેવદ્વારની બ્હાર ભટકતા ટુકડા કાજ ટટળતાં,
તે દિન આંસુભીનાં રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં !

લગ્નવેદિપાવક પ્રજળ્યો'તો વિપ્ર વેદ ઉચ્ચરતા,
સાજન મહાજન મૂછ મરડતા પોરસફૂલ્યા ફરતા !
જીર્ણું, અજીઠું, પામર, ફીકકું, માનવ પ્રેત સમાણું,
કૃપણ કલેવર કોડભર્યું જ્યાં માંડવડે ખડકાણું !
“ બ્રાહ્મણવચને સૂરજ સાખે ” કોમળ કળી ત્યાં આણી :
ભાવિની મનહર પ્રતિમાની જે દિન ઘોર ખોદાણી !
તે દિન આંસુભીનાં રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં !

ભયથરથરતા ખેડૂત ફરતા શરીફ ડાકુ વિંટાયા :
વરુનાં ધાડાં મૃત ઘેટાંની માંસ–લાલચે ધાયાં !
થેલી, ખડિયા, ઝોળી, તિજોરી : સૌ ભરચક્ક ભરાણા :
કાળી મજૂરીના કરતલને બે ટંક પૂગ્યા ન દાણા !
ધીંગા ઢગલા ધાન્ય તણા સૌ સુસ્તોમાંહીં તણાણા :
રંક ખેડુનાં રુધિરે ખરડ્યાં જે દીન ખળાં ખવાણાં !
તે દિન આંસુભીનાં રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં !

હુંફાળાં રાજવીભવનોથી મમત અઘોર નશામાં
ખુદમતલબિયા મુત્સદીઓએ દીધાં જુદ્ધ-દદામાં !
જલથલનભ સૌ ઘોરઅગનની ઝાળમહીં ઝડપાયાં :
માનવી માનવીનાં ખૂન પીવા ધાયા થઈ હડકાયા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવસર્જનનાં સ્વપ્નસંગી ઉર ઉચ્છરંગે ઉભરાણાં:
લખલખ નિર્મલ નવલ કિશોરો 'ખાઈ'ઓમાં ખોવાણાં !
તે દિન આંસુભીનાં રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં !

ખિલુંખિલું કરતાં માસુમ ગુલ સુમ શિક્ષકને સોંપાણાં
કારાગાર સમી શાળાના કાઠ ઉપર ખડકાણાં !
વસંત વર્ષા ગ્રીષ્મ શરદના ભેદ બધાય ભૂલાણા:
જીવનમોદ તણા લઘુતમમાં પ્રગતિપદ છેદાણા !
હર્ષઝરણ લાખો હૈયાંનાં ઝબ્કયાં ત્યાં જ ઝલાણાં:
લાખ ગુલાબી સ્મિત ભાવિનાં વણવિકસ્યાં જ સૂકાણાં:
તે દિન આંસુભીનાં રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં !

—**કરસનદાસ માણેક**, 'આલબેલ'માંથી

૨૪
મરજીવિયા

સમુદ્ર ભણી ઊપડ્યા કમરને કસી રંગથી
અટંક મરજીવિયા, ડગ ભરંત ઉત્સાહનાં;
પ્રદીપ્ત નયનો; અથાગ બળ ઊભરે અંગથી;
મહારવ તણી દિશા પર ઠરી બધી ચાહના.
ડર્યાં પ્રિયજનો; બધાં સજલનેન આડાં ફર્યાં,
શિખામણ દીધી; 'વૃથા જીવન વેડફો કાં ભલા,
કહીંથી વળગી વિનાશકર આંધળી આ બલા ?'
પરન્તુ દૃઢનિશ્ચયી નહિ જ એમ વાર્યા વર્યા.
ગયા ગરજતા અફાટ વિકરાલ રત્નાકરે;
તરંગ ગિરિમાળ શા હૃદય ઉપરે આથડયા;
હઠ્યા ન લવ તો ય, સાહસિક સર્વ કૂદી પડ્યા
અગાધ જળમાં પ્રવેશ કીધ કાળને ગવ્હરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુદ્યાં મરણનાં તમોમય તળો અને પામિયા
અખૂટ મણિમોતીકોષ લઈ બ્હાર એ આવિયા.

—પૂજાલાલ, 'પારિજાત'માંથી

૨૫

રસઐકય વિના

અહીં રંગ-વસંત બહાર દીસે,
કયહીં કોમળ બાળક ચક્કી પીસે;
અહીં મોહક બંસીથી ચિત્ર ચગે,
કયહીં ક્રાંતિની જ્વાલ સદા સળગે.
રસીલી અહીં નાટ્યગૃહે વિચરે,
કયહીં કોડવતી રણવાટ ધરે;
રસયૌવનનું અહીં ઘેન ચડે,
શુચિ સ્વાર્પણની કયહીં મસ્તી ચડે.
અહીં વ્યર્થ વિવાદથી મૈત્રી તૂટે,
કયહીં મૌન અરિદલને મૂઝવે;
અહીં સુખપિપાસુ ઉરો તલસે,
કયહીં ત્યાગની ભવ્ય પ્રભા વિલસે.
રસ, બુદ્ધિ, પ્રભા સહુ માનવીનાં,
રસઐકય વિના અહીં વ્યર્થ જતાં.

—જ્યોત્સ્ના શુકલ

૨૬

વાદળી

કે ગગનને ગોખે ઊભી ઓ ! વાદળી રે,
કે શાં દુઃખ શ્યામ વદન દેખાય;
અનુભવ એવા તે આકરા શા થયા રે ? ૧

કે અવનીને ચોકે ના ચન્દ્રિકા નાચતી રે ?
કે આવાસ આખો દીસે ઘનઘોર ?
અનુભવ એવા તે આકરા શા થયા રે ? ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે વૃક્ષનું એકે ય પાન નથી હાલતું રે ?
કે પંખી કરતાં નથી કલશોર ?
અનુભવ એવા તે આકરા શા થયા રે ? ૩
કે વાયુભ્રાત ભાવે શું અંતર ઘેરિયાં રે ?
કે સોણલાં મહિયરનાં ઊભરાય ?
અનુભવ એવા તે આકરા શા થયા રે ? ૪
કે વાંક વિના મેઘનાથ ગાજ્યા રોષમાં રે ?
કે ઝબકયાં નણદલ–વીજનાં નેણ ?
અનુભવ એવા તે આકરા શા થયા રે ? ૫
કે બાળુડી બિન્દુનાં સાસરે વળામણાં રે ?
કે ખારાં લાગ્યાં દીઠાં જે દિલ દરિયાવ ?
અનુભવ એવા તે આકરા શા થયા રે ? ૬

—જયમનગૌરી પાઠકજી,
'તેજછાયા' માંથી

૨૭

ભારતની સમૃદ્ધિ

ગોપાળ થઈ ગોપાળજી ગૌ ચારતા ગુલતાનમાં,
હરતા હૃદય વ્રજગોપિકાનું બંસરીના તાનમાં;
તે કર્મયોગી કૃષ્ણ શું કહેતા હતા છે ધ્યાનમાં ?
ગૌમાતની રક્ષા થવા દો દેહને બળિદાનમાં.
અસંખ્ય રસ આ વિશ્વમાં ભરનાર તે ગૌમાત છે.
કલ્યાણ આખા જગતનું કરનાર તે ગૌમાત છે.
દેશના જીવન તણો જેના ઉપર આધાર છે,
શીંગ પર સૃષ્ટિ તણો જેણે ઉપાડ્યો ભાર છે,
એક પણ અવગુણ નથી જે ગુણતણો ભંડાર છે,
અમૃત તણી જેના ઉદરથી થઈ રહેલી ધાર છે,
ઘી દૂધનો દરિયો ભર્યો જેના વિષે દિનરાત છે,
હિન્દુઓ તેથી કહે છે ગૌ અમારી માત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્નના કોઠાર ભારતવર્ષમાં રહેતા હતા,
ભરપૂર ધનભંડાર ભારતવર્ષમાં રહેતા હતા,
અગણિત હીરાના હાર ભારતવર્ષમાં રહેતા હતા,
સ્વર્ગના શણગાર ભારતવર્ષમાં રહેતા હતા,
કોહીનૂર મહારાજના જે તાજમાં ઝળકી રહ્યો,
કોઈ કહેશો કોહીનૂર એ તાજમાં ક્યાંથી ગયો ?

—શયદા, 'જયભારતી' માંથી

૨૮

જીવનની ગતિ સાન્ત ના

: પૃથ્વી :

પ્રફુલ્લ બનતી કળી દલદલે સુગંધી થકી
ભરી હૃદય, પાંખડી જીરણ થૈ ઢળે ધૂળમાં
થવા ભસમસાત : શું પૂરણ થૈ તહીં જિંદગી ?
સુગંધ પ્રસરાવવાની ફૂલની શમી કામના ?
ઊંચા ગિરિનિવાસથી પદપદે નીચે ઊતરી,
અથાગ ઉરવેગથી જઈ ઢળે મહાસાગરે
નદી; ગતિ શું એહની થઈ ચૂકી પૂરી સંગમે
વિલુપ્ત જલસિંધુમાં ? વહન શું હવે ના રહ્યું ?
જગે જનમી માનવી લડથડે, પડે ને મથે,
ઝૂઝે જીવનવિગ્રહે સુખસુયોગને કારણે
સ્વકીય–અવરો તણા: મરણને વરે તોષથી.
થતી પુરણ શું તદા સુખપ્રદાનની એષણા ?
ન એ, ન કદી એ બને, જીવનની ગતિ સાન્ત ના;
ભલે ખતમ જિંદગી; જીવનની ધૃતિ સાન્ત ના !

—રમણલાલ સોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

પ્રતીક્ષા

ઓઢી આષાઢનાં આભલાં જંપી જગની જંજાળ,
જાગે એકલ મોરી ઝંખના મધરાતને કાળ;
દેવી આવોને મારી દેરીએ.
કાળી નિશાળ કેવળ કમકમે નથી કંપતા વાય,
પગલાં તમારાં પોકારતી પાંપણ ઊઘડે બિડાય,
દેવી આવોને મારી દેરીએ.
પ્રેમે પખાળું પાવન પાવલાં રેલી નયણાંની ધાર,
સમાધિનાં છે સિંહાસનો, મેલ્યા મંથનના થાળ.
દેવી આવોને મારી દેરીએ.
વાધી વાધીને વેદન વલવલે, ઊંડે કંઠમાં આગ,
રમતા આપો હો ઋતંભરા ! મોરી રટણાને રાગ.
દેવી આવોને મારી દેરીએ.

કલ્પનાનો છૂટો કનકવો ઢૂંઢે વ્યોમની કોર,
આવો અંબા ! એને બાંધવા દિવ્ય દૃષ્ટિના દોર
દેવી આવોને મારી દેરીએ.
ધૂણી ધખે મારા ધૈર્યની જલતું જીવનકાષ્ઠ,
આભની પારનાં આભલાં જોવા આપો પ્રકાશ.
દેવી આવોને મારી દેરીએ.
પોકારતા કોટિ કોશથી બળતા ધરતીના બાગ,
કલ્યાણી, આપો કેડી બની ઝૂરતા ઝરણાને માગ.
દેવી આવોને મારી દેરીએ.

—રમણિક અરાલવાળા

'પ્રતીક્ષા'માંથી

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈ યુનિવર્સિટી તરફથી અપાયેલી

ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા

૧. ગુજરાતનું ઘડતર :
શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઈ — રૂ. ૩-૦-૦

૨. ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ :
પં. બેચરદાસ દોશી — રૂ. ૩-૦-૦

૩. ગુજરાતી કવિતાની રચનાકળા :
શ્રી. અ. ફ. ખબરદાર — રૂ. ૧-૦-૦

૪. Early Aryans in Gujarat : શ્રી. કનૈયાલાલ મુનશી — રૂ. ૧-૦-૦

૫. Brief Survey of the History of Gujarat :
પ્રો. એમ. એસ. કોમીસેરીએટ — રૂ. ૨-૮-૦

૬. Present State of Gujarati Literature :
દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી — રૂ. ૦-૧૨-૦

૭. Gujarati Language & Literature :
પ્રો. નરસિંહરાવ ભો. દીવેટિયા — રૂ. ૧-૦-૦

૮. ગુજરાતી પદ્યરચનાની ઐતિહાસિક આલોચના
દી. બ. કેશવલાલ હ. ધ્રુવ

૯. અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો :
પ્રો. રામનારાયણ વિ. પાઠક

(૮–૯: હવે મળતાં નથી.)

— છપાય છે —

૧૦. શ્રી. ઝવેરચંદ મેઘાણીએ આપેલાં વ્યાખ્યાનો

એન. એમ. ત્રિપાઠી, લિમિટેડ
બુકસેલર્સ અને પબ્લીશર્સ
મુંબઈ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar